પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329

સુવિચાર
આત્મિયતા એટલી રાખો
જેટલી તમે વેદના
સહન કરી શકો...


# અબતક
સાંધ્ય દૈનિક

arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

ગ્રામ્ય આવૃત્તિ પાના: ૧૨
તા. ૧૨-૫-૨૦૨૫, સોમવાર
વર્ષ: ૧૪, અંક: ૫૪

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 ✆ 94266 72303 ✉ abataknews@gmail.com @abtakmedia




# યુદ્ધ અને ટ્રેડવોર સમાપ્ત થતાં જ શેરબજારના વધામણાં: સેન્સેક્સમાં ૨૨૦૦ પોઈન્ટનો ઉછાળો

## આજે સપ્તાહના પ્રથમ દિવસે જ મોટી રિકવરી: લાર્જ કેપ કંપનીઓમાં એક્સિસ બેંક, અદાણી પોર્ટ, બજાજ ફિન સર્વ, બજાજ ફાઈનાન્સ, એનટીપીસી, ટાટા સ્ટીલ, રીલાયન્સ અને આઈસીઆઈસીઆઈ સહિતના શેરોમાં તેજી નોંધાઈ

**અબતક, નવી દિલ્હી**

ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામની જાહેરાત બાદ સિઝફાયર પણ હાલ થોભી ગયું હોય ઉપરાંત ટ્રેડ વોર પણ સમાપ્ત થતા આજે શેરબજારમાં મોટો ઉછાળો જોવા મળી રહ્યો છે. ૧૧:૦૦ વાગ્યાની સ્થિતિએ સેન્સેક્સ લગભગ ૨૨૦૦ પોઈન્ટ વધીને ૮૧,૬૫૦ પર ટ્રેડ કરી રહ્યો છે. નિફ્ટીમાં પણ ૬૦૦ પોઈન્ટ (૨.૪૫%)ની તેજી છે. તે ૨૪,૬૦૦ના સ્તરે છે.સેન્સેક્સના ૩૦ માંથી ૨૯ શેરોમાં તેજી જોવા મળી રહી છે. અદાણી પોર્ટ્સ, બજાજ ફાઈનાન્સ, એક્સિસ બેંક સહિત ૧૭ શેરોમાં ૪.૫% સુધીનો ઉછાળો જોવા મળ્યો. જ્યારે એકલા સન ફાર્માના શેરમાં ૫.૫%નો ઘટાડો થયો છે.નિફ્ટીના ૫૦ શેરોમાંથી ૪૭ શેરોમાં તેજી જોવા મળી રહી છે. સેક્ટોરલ ઈન્ડેક્સમાં, રિયલ્ટી ૪.૭૧%, મેટલ ૩.૪૦%, સરકારી બેંકો ૨.૮૮%, પ્રાઈવેટ બેંકો ૨.૮૪%, ઈંઝ ૨.૩૯% અને ઓટોમાં ૨.૩૩%ની તેજી છે.



યુદ્ધવિરામ બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ ઘટ્યો છે. આ બાબતને લગતા તમામ ડેવલપમેન્ટ પર રોકાણકારોની નજર રહેશે.એપ્રિલ મહિનાના રિટેલ મોંઘવારીના આંકડા ૧૩ મેના રોજ જાહેર કરવામાં આવશે. એપ્રિલમાં ફુગાવો ૩% થી નીચે રહેવાની ધારણા છે.ગયા અઠવાડિયે, વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ ખરીદીનો દોર ચાલુ રાખ્યો અને આ સેગમેન્ટમાં લગભગ રૂ. ૫,૦૮૭ કરોડની ખરીદી કરી.ભારતીય બજારમાં વિદેશી રોકાણકારો દ્વારા ખરીદી ચાલુ છે. ૮ મેના રોજ, વિદેશી રોકાણકારોએ ૨,૦૦૭.૯૬ કરોડ રૂપિયાના શેર ખરીદ્યા હતા. જ્યારે સ્થાનિક રોકાણકારોએ આ દરમિયાન રૂ.

(અનુ. આઠમા પાને)

# યુરોપ સાથેના મુક્ત વેપારનો આજે બીજો તબક્કો: નિકાસકારો માટે "અચ્છે દિન"

## યુરોપિયન ટીમ સાથેની આ વાટાઘાટનો રાઉન્ડ ૧૬ મે સુધી ચાલુ રહેશે, મોટી જાહેરાતો થવાની સંભાવના

ભારત અને યુરોપિયન યુનિયન વચ્ચે આજથી પ્રસ્તાવિત મુક્ત વેપાર કરાર પર વાટાઘાટોનો આગામી રાઉન્ડ શરૂ થયો છે. આ કવાયતનો ઉદ્દેશ્ય વિવિધ દેશો પર યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા લાદવામાં આવેલા ટેરિફ વચ્ચે કરારના પ્રથમ તબક્કાને શક્ય તેટલી વહેલી તકે પૂર્ણ કરવાનો છે.

એક અધિકારીએ જણાવ્યું હતું કે અનિશ્ચિત વૈશ્વિક વેપાર વાતાવરણ, ખાસ કરીને યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના ટેરિફ પગલાંને કારણે બંને પક્ષો આ સોદો બે તબક્કામાં પૂર્ણ કરવા સંમત થયા છે. અધિકારીએ જણાવ્યું હતું કે, યુરોપિયન ટીમ ૧૧મા રાઉન્ડની વાટાઘાટો માટે અહીં રહેશે અને આ વાતચીત ૧૬ મે સુધી ચાલુ રહેશે.

વાટાઘાટોના પાછલા (૧૦મા) રાઉન્ડમાં માલ, સેવાઓ, રોકાણ અને સરકારી ખરીદીમાં બજાર પ્રવેશ દરખાસ્તો જેવા ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. વાણિજ્ય સચિવ સુનિલ બર્થવાલે ગયા મહિને કહ્યું હતું કે જો વેપાર વાટાઘાટો માટે કેટલાક મુદ્દાઓ ખૂબ મહત્વપૂર્ણ નથી અને તેમાં ઘણો સમય લાગી રહ્યો છે, તો તેના બદલે મુખ્ય વેપાર મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવું વધુ સારું છે.

તાજેતરમાં, વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે બ્રસેલ્સમાં યુરોપિયન કમિશનર ફોર ટ્રેડ એન્ડ ઈકોનોમિક સિક્યુરિટી મારોસ સેફકોવિક સાથે કરારની પ્રગતિ અંગે ચર્ચા કરી હતી. જે બાદ તેમણે કહ્યું કે ભારત અને યુરોપિયન યુનિયન વચ્ચે પ્રસ્તાવિત મુક્ત વેપાર કરાર પરની વાતચીત યોગ્ય દિશામાં આગળ વધી રહી છે. બંને પક્ષો સંતુલિત અને પરસ્પર ફાયદાકારક કરાર તરફ મજબૂત પ્રગતિ કરી રહ્યા છે. તે જ સમયે, સેફકોવિચે કહ્યું હતું કે યુરોપિયન ભારત સાથેની તેની ભાગીદારીને ખૂબ મહત્વ આપે છે. યુરોપિયન એક વ્યાપારી રીતે અર્થપૂર્ણ કરાર

(અનુ. આઠમા પાને)

# અમેરિકા અને ચીને ટ્રેડવોરમાં સંધિ સાધી

## અમેરિકા ચીન ઉપર ૧૪૫ ટકાની બદલે ૮૦ ટકા જ ટેરીફ લગાવશે: સતાવાર જાહેરાતની જોવાતી રાહ

જીનીવામાં અમેરિકા અને ચીન વચ્ચે સૌથી મોટો વેપાર કરાર થયો છે. વ્હાઈટ હાઉસે પોતે આ માહિતી આપી છે. એવું પણ કહેવામાં આવ્યું છે કે આ સોદો વિચારણા કરતાં વહેલો થઈ ગયો છે. આ અંગેની વિગતવાર માહિતી પછીથી જાહેર કરવામાં આવશે.આ ટ્રેડ ડીલ અંગે યુએસ વેપાર પ્રતિનિધિ જેમીસન ગ્રીરે કહ્યું કે એ સમજવું મહત્વપૂર્ણ છે કે આપણે આ કરાર પર કેટલી ઝડપથી પહોંચી શક્યા, આ પોતે જ દર્શાવે છે કે તફાવતો એટલા મોટા નહોતા જેટલા આપણે વિચાર્યા હતા. પરંતુ તેમ છતાં અહીં એ ઉલ્લેખ કરવો મહત્વપૂર્ણ છે કે છેલ્લા બે દિવસમાં ઘણું કામ થયું છે, ઘણું ગ્રાઉન્ડ વર્ક થયું છે.

અમેરિકા અને ચીનના પ્રતિનિધિઓ પહેલી વાર સ્વિટ્ઝર્લેન્ડમાં મળ્યા હતા, કારણ કે રાષ્ટ્રપતિ ટ્રમ્પે ૧૪૫ ટકાનો ટેરિફ બોમ્બ ફેંક્યો હતો, ત્યારથી આ બેઠક વધુ મહત્વપૂર્ણ બની ગઈ હતી.જોકે, આ વેપાર સોદા પહેલા જ રાષ્ટ્રપતિ ટ્રમ્પનું વલણ નરમ પડવાનું શરૂ થઈ ગયું હતું. તેમણે કહ્યું હતું કે તેઓ ચીન પર ૮૦ ટકા સુધી ટેરિફ લાદી શકે છે, પરંતુ એ અલગ વાત છે કે હજુ સુધી કોઈ પણ પક્ષે આ અંગે સત્તાવાર નિવેદન બહાર પાડ્યું નથી. અહીં સમજવા જેવી બીજી વાત એ છે કે રાષ્ટ્રપતિ ટ્રમ્પની પારસ્પરિક ટેરિફની વ્યાખ્યા કંઈક અલગ લાગે છે.

શરૂઆતમાં ચર્ચા સમાન ટેરિફ લાદવાની હતી, પરંતુ ધીમે ધીમે તે વેપાર ખાધ ઘટાડવા તરફ વળી. આ કારણોસર એવું કહેવામાં આવ્યું હતું કે રાષ્ટ્રપતિ ટ્રમ્પે ખરેખર કોઈપણ દેશ પર પારસ્પરિક ટેરિફ લાદ્યા ન હતા, તેમણે ફક્ત તે દેશો સાથે વેપાર ખાધને સંતુલિત કરવાનો પ્રયાસ કર્યો હતો.

## સામી છાતીએ નહિ લડનારાઓના 'અદ્રશ્ય' હુમલા

# સરકારી વ્યવસ્થાઓ ઉપર સાયબર એટેકની દહેશતને પગલે ગુજરાત હાઈ એલર્ટ પર

## ઓપરેશન સિંદૂર બાદ પાકિસ્તાની હેકર્સ દ્વારા અનેકવાર ભારતીય પ્રણાલીઓને હેક કરવાનો હીન પ્રયાસ

**અબતક, રાજકોટ**

ભારત-પાકિસ્તાન વચ્ચે તણાવની પરિસ્થિતિ દરમિયાન ગત શનિવારે યુદ્ધ વિરામની જાહેરાત કરવામાં આવી હતી. જો કે, સામી છાતીએ નહિ લડી શકનાર પાકિસ્તાન સાયબર એટેક કરી શકે છે તેવી દહેશતને પગલે ગુજરાત હાઈ એલર્ટ પર છે. ગુજરાતની સરકારી અને અર્ધ સરકારી પ્રણાલીઓ અને માળખાગત સુવિધાઓને ટાર્ગેટ કરવામાં આવે તેવું હાઈ એલર્ટ આપવામાં આવ્યું છે.

મામલામાં અધિકારીઓએ હેક્ટીવિસ્ટ જૂથો દ્વારા ડિસ્ટ્રિબ્યુટેડ ડિનાયલ ઓફ સર્વિસ (ડીડીઓએસ) હુમલાઓ અને ફિશિંગમાં વધારો થવાની પુષ્ટિ કરી છે. આ સાયબર હુમલાઓનો હેતુ નેટવર્કને વિક્ષેપિત કરવાનો છે. મુખ્ય સચિવ (વિજ્ઞાન અને ટેકનોલોજી) એ ૯ મેના રોજ એક પરિપત્ર જારી કરીને તમામ વિભાગોને નકલી ડોમેન્સ, ફિશિંગ

(અનુ. આઠમા પાને)

## સાવચેતીના ભાગરૂપે ગુજરાતના સરહદી જિલ્લાઓમાં બ્લેકઆઉટ

યુદ્ધ વિરામની જાહેરાત બાદ સાવચેતીના પગલાંરૂપે ગુજરાતના સરહદી જિલ્લાઓમાં બ્લેકઆઉટની અમલવારી કરવામાં આવી હતા. જેમાં કચ્છ અને બનાસકાંઠા જિલ્લા સહિતનો સમાવેશ થાય છે. શનિવારે સાંજે કચ્છ જિલ્લા વહીવટીતંત્રે જાહેરાત કરી કે સાંજે ૭ થી સવારે ૬ વાગ્યા સુધીનો બ્લેકઆઉટ રદ કરવામાં આવ્યો છે. જોકે, બે કલાક પછી ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ એક્સ પર પોસ્ટ કર્યું હતું કે, કચ્છ જિલ્લામાં ઘણા ડ્રોન જોવા મળ્યા છે જેના પગલે સંપૂર્ણ બ્લેકઆઉટ લાગુ કરવામાં આવશે. બનાસકાંઠા જિલ્લા કલેક્ટરે પણ પોસ્ટ કર્યું હતું કે, સુરક્ષાના પગલા તરીકે બનાસકાંઠાના સુઈગામ અને વાવ તાલુકાના તમામ ગામોમાં બ્લેકઆઉટ લાગુ કરવામાં આવશે.

## કોઈ પણ આતંકવાદી ગતિવિધિને એક્ટ વોર ગણવામાં આવશે: વડાપ્રધાનની વિશ્વ સમક્ષ સ્પષ્ટ વાત

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નવી દિલ્હી સ્થિત તેમના નિવાસસ્થાને કેન્દ્રીય સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ, રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (એનએસએ) અજિત ડોભાલ, ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ (સીડીએસ) અને ભારતીય સશસ્ત્ર દળોના વડાઓ સાથે બેઠકની અધ્યક્ષતા કરી હતી. શનિવારે વહેલી સવારે પાકિસ્તાનના ચાર એરબેઝ પર ભારત દ્વારા કરવામાં આવેલા હુમલા બાદ આ બેઠક થઈ હતી. ભારત સરકારના એક ટોચના સૂત્રના જણાવ્યા અનુસાર, બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો છે કે ભવિષ્યમાં કોઈપણ આતંકવાદી કાર્યવાહીને ભારત સામે યુદ્ધ એટલે કે એક્ટ વોર ગણવામાં આવશે અને તેનો યોગ્ય રીતે જવાબ આપવામાં આવશે.

## સેટેલાઈટ સ્વરૂપ 'તીસરી આંખ' દુશ્મનો મનસુબા નાકામ કરી રહ્યું છે

ભારત-પાકિસ્તાન તણાવ વચ્ચે ઈસરોના ચેરમેન વી નારાયણને રવિવારે જણાવ્યું હતું કે, દેશના નાગરિકોની સલામતી અને સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે વ્યૂહાત્મક હેતુ માટે ૧૦ ઉપગ્રહો સતત ચોવીસ કલાક કાર્યરત છે. અગરતલા ખાતે સેન્ટ્રલ એગ્રીકલ્ચરલ યુનિવર્સિટીના પાંચમા દીક્ષાંત સમારોહને સંબોધતા ઈસરોના વડાએ કહ્યું, જો આપણે આપણા દેશની સુરક્ષા સુનિશ્ચિત કરવા માંગતા હોઈએ, તો આપણે આપણા ઉપગ્રહો દ્વારા સેવા (અનુ. આઠમા પાને)

## આતંકવાદીઓને પનાહ આપનાર પાક કિંમત ચૂકવવા તૈયાર રહે: ભારતનો સ્પષ્ટ સંદેશ

### વહાં સે ગોલી ચલી તો યહાં સે ગોલા ચલેગા: વડાપ્રધાન મોદીનું સૂચક નિવેદન

ભારત અને પાક વચ્ચે યુદ્ધવિરામની જાહેરાત થઈ છે પણ ભારતે વિશ્વ આખાને એક સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે, આતંકવાદીઓને પનાહ આપનાર પાકિસ્તાન આ કૃત્યની કિંમત ચૂકવવા તૈયાર રહે. ભારતે સ્પષ્ટ જણાવ્યું છે કે, છેલ્લા ૪૦ (અનુ. આઠમા પાને)

### પીઓકેથી ઓછું કંઈ ખપે નહિ

## પીઓકેને ભૂંસી નાખી સંપૂર્ણ કાશ્મીર બનાવવા ભારત સજ્જ

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પહલગામમાં આતંકી હુમલાના જવાબમાં ઓપરેશન સિંદુર પછી ભારત અને પાકિસ્તાન વચ્ચે સર્જાયેલી યુદ્ધની સ્થિતિમાં મધ્યસ્થી કરીને યુદ્ધ વિરામ કરાવ્યો હતો. આ સફળતાથી પ્રોત્સાહિત થઈને ટ્રમ્પે ભારત અને પાકિસ્તાન વચ્ચે '૧૦૦૦ વર્ષ' જૂના કાશ્મીર વિવાદનો ઉકેલ લાવવા પણ મધ્યસ્થી કરવાની દરખાસ્ત કરી હતી. (અનુ. આઠમા પાને)

## પાકની આર્થિક રાજધાની કરાચીને ઘડીના છઠ્ઠા ભાગમાં કચડી નાખવા નૌસેના સજ્જ

ડાયરેક્ટર જનરલ ઓફ નેવલ ઓપરેશન વાઈસ એડમિરલ એએન પ્રમોદે પ્રેસ કોન્ફરંસમાં કહ્યું હતું કે ૯ મેની રાત્રે ભારતીય નેવી પાકિસ્તાનની સમુદ્રી સરહદેથી તેના કરાચી પોર્ટ, સૈન્ય મથકો પર હુમલો કરવા માટે સંપૂર્ણ રીતે તૈયાર હતી. અમને માત્ર ભારત સરકારના આદેશની રાહ હતી, આ હુમલો કરવા માટે ભારતીય નેવી સંપૂર્ણ રીતે સક્ષમ છે. જમ્મુ કાશ્મીરના પહલગામમાં આતંકીઓ દ્વારા હુમલો કરાયો હતો, જે બાદ ભારતીય નેવીએ પોતાના જવાનો, યુદ્ધ જહાજો, સબમરીન અને લડાકુ (અનુ. આઠમા પાને)

## હરામીવેળા બંધ થતાં જમ્મુ કાશ્મીરમાં શાંતિનો માહોલ

લશ્કરી કાર્યવાહી પર વિરામ જાહેર કરવામાં આવ્યા પછી થોડા કલાકો માટે જમ્મુ કાશ્મીરમાં ગોળીબાર કરવામાં આવ્યો હતો. જે બાદ કાશ્મીરમાં શાંતિપૂર્ણ વાતાવરણ જોવા મળ્યું હતું. રાજૌરી, પૂંછ, જમ્મુ, સાંબા અને ઉધમપુરના શહેરો અને ગામડાઓના રહેવાસીઓ શાંતિથી કામ પર પાછા ફર્યા હતા કારણ કે મધ્યરાત્રિથી નિયંત્રણ રેખા પારથી કોઈ યુદ્ધવિરામ ઉલ્લંઘન અને ડ્રોન ગતિવિધિ થઈ નથી.

## પાક સાથે ઘર્ષણમાં ભારતના પાંચ જવાન શહીદ

ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધ જેવા આ ઘર્ષણમાં ભારતીય સૈન્યના પાંચ જવાનો પણ શહીદ થયા હતા. પાકિસ્તાને સરહદે ભારે તોપમારો કર્યો હતો, જેમાં આ જવાનો શહીદ થયા હતા. રવિવારની પ્રેસ કોન્ફરંસમાં સેનાના ડીજીએમઓએ આ માહિતી આપી હતી. સાથે જ તેમણે શહીદ જવાનો તેમજ પાક.ના ગોળીબારમાં સરહદી વિસ્તારોમાં મૃત્યુ પામેલા નાગરિકોને પણ શ્રદ્ધાંજલિ પાઠવી હતી.

### ઘા સાથે ઘસરકો

## પુલવામાં એટેકથી માંડી કંદહાર પ્લેન હાઈજેકના હરામીઓ ઠાર

ઓપરેશન સિંદૂર અંગે વધુ માહિતી આપતા ભારતીય સૈન્ય ઓપરેશનના ડીજીએમઓએ વધુ કહ્યું હતું કે ભારતે પાકિસ્તાનના નવ આતંકી સ્થળોને ધ્વસ્ત કરી નાખ્યા છે, પાકે. ડ્રોન હુમલો કર્યો જેની જવાબી કાર્યવાહીમાં ભારતે તેમના અનેક એરબેઝ ઉડાવી દીધા અને ૩૫થી ૪૦ સૈનિકોને ઠાર કર્યા. ભારતીય હુમલામાં પાકિસ્તાનના ૧૦૦થી વધુ આતંકીઓનો સફાયો કરવામાં આવ્યો. અમે ત્રણ મોટા આતંકીઓનો ખાતમો કર્યો જેમાં મુદસ્સર ખાસ, હાફિઝ જમીલ અને યૂસુફ અઝહરનો સમાવેશ થાય છે, આ આતંકીઓ કંદહાર વિમાન હાઈજેક અને પુલવામા વિસ્ફોટમાં સામેલ હતા. એર(અનુ. આઠમા પાને)






## વિશ્વ નર્સ દિવસઃ સંભાળની ‘‘શક્તિ’’

# આરોગ્યની કરોડરજ્જુ સમાન દર્દીઓના અડધા દર્દ સંભાળથી દૂર કરી દયે છે નર્સ

### આધુનિક નર્સિંગના પ્રણેતા ફ્લોરેન્સ નાઈટિંગેલના જન્મદિવસ અવસરે આ દિવસ ઉજવાય છેઃ નર્સોને અસંખ્ય પડકારોનો સામનો કરવો પડે છેઃ ઈમરજન્સી વોર્ડમાં નર્સોની સખત મહેનત-સમર્પણની ભાવના જ દર્દીને આપે છે ‘નવજીવન’


**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
**મો.૯૮૨૫૦૭૮૦૦૦**

આજે સમગ્ર વિશ્વમાં વિશ્વ નર્સ દિવસ તરીકેની ઉજવણી થઈ રહી છે, ત્યારે તબીબી નિદાન અને સારવારમાં નર્સની ભૂમિકાના મહત્વ અંગે જનજાગૃતિ ફેલાઈ અને તેની સેવાને પ્રોત્સાહન અપાય તે માટે આ દિવસ ૧૯૫૩ થી સમગ્ર વિશ્વમાં ઉજવાય છે.૧૯૬૫ માં વૈશ્વિક લેવલે અને ૧૯૭૪ થી વિશ્વના તમામ દેશોમાં ઉજવાય છે. લોક આરોગ્ય માટે નર્સની ભૂમિકા અહમ છે. અકસ્માત સમયે ઈમરજન્સીમાં તેની વિશેષ કાળજી, સમયસુચકતા દર્દીનું જીવન બચાવી શકે છે. આવા સમયે તેને ઝડપથી કાર્ય કરવા સતત ખડે પગે રહેવું પડે છે. આ વર્ષની ઉજવણી થીમ ‘‘આપણી નર્સો આપણું ભવિષ્ય‘‘ છે. નર્સોની સુખાકારી અને વિશ્વભરમાં સ્થિતિસ્થાપકતા આરોગ્ય પ્રણાલીને મૂળભૂત બનાવવા તેમની મહત્વપૂર્ણ ભૂમિકા છે. વૈશ્વિક સ્વાસ્થ્ય અને સુખાકારીમાં નર્સોનું યોગદાન અપાર છે. નર્સો પીડા વ્યવસ્થાપનમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

વર્ષો પહેલા આજની જેમ પ્રાઈવેટ હોસ્પિટલો ન હતી ત્યારે વિસ્તારની નજીકના ડોક્ટર પાસે મોટાભાગના ટ્રીટમેન્ટ માટે જતાં હતા. આજે તબીબી સુવિધામાં નવાયુગની હવા સાથે અદ્યતન મેડીકલ સવલતો અને નિદાન સારવારનો લાભ મળી રહ્યો છે. બાળકોની, મહિલાઓની અને બાકીના જનરલ તમામ માટે સરકારી હોસ્પિટલની સુવિધા હતી જે આજે પણ છે, જ્યાં આજે પણ ઓપરેશન સહિત તમામ મેડીકલી સુવિધા ફ્રી મળે છે, પણ આજના યુગમાં મલ્ટીસ્ટોરી હોસ્પિટલમાં તમામ સુવિધા ઉપલબ્ધ થતાં લોકો પ્રાઈવેટમાં વિશેષ રૂપથી બતાવા જાય છે. જીવન-મરણ વચ્ચેની ઈમર્જન્સી હોય ત્યારે પરિવારજનો, સગા-સંબંધીઓ, મિત્ર-વર્તુળ સાથે તમામ હોસ્પિટલમાં ખડે પગે જોવા મળે છે. તબીબી સારવારમાં ડોક્ટર સાથે ટ્રેઈનડ નર્સીંગ સ્ટાફની પણ એટલી જ જરૂરિયાત છે. ડોક્ટરના રાઉન્ડ બાદ બાકીના સમયમાં દર્દીની સેવા, દવા, બાટલા ચડાવવા, ડ્રેસીંગ જેવી તમામ કામગીરી આ સ્ટાફ કરે છે. ઈમર્જન્સી વોર્ડમાં કાર્યરત નર્સોની તો મહત્વની કામગીરી હોવાથી અને જીવન-મરણ વચ્ચે જોલા ખાતા સીરીયસ દર્દીઓની સંભાળમાં તેની મહેનત-પ્રયાસ એક સલામને પાત્ર છે. સખત કામ, સમય મર્યાદામાં કાર્ય સાથે દર્દીના સગાઓને સતત જવાબો આપતાં રહેતા હોવા છતાં ક્યારેય નર્સોને ગુસ્સો નથી આવતો. દર્દીના ઈમરજન્સીમાં દિવસ દરમ્યાન અને ખાસ રાત્રીના સમયે નર્સોની કામગીરી વધુ બને છે. આજે આવી રાષ્ટ્રીયસ્તરની કટોકટીમાં નર્સની કામગીરીને બિરદાવવા માટેનો દિવસ છે. ઈમર્જન્સી વોર્ડમાં નર્સોની સખત મહેનત અને સમર્પણની ભાવના જ દર્દીને નવજીવન આપે છે. આઈસીયુમાં એક સાથે ચાર-પાંચ દર્દી ઈમર્જન્સી હોય ત્યારે દિવસ-રાત જોયા વગર આ કાર્ય નર્સો જ સફળતાથી પાર પાડે છે. તબીબ સાથેનું સીધુ સંકલન એટલે નર્સ. દર્દીની ટ્રીટમેન્ટ ગાઈડન્સ મુજબ, નિયત ડોઝ મુજબ કાર્ય કરીને નર્સો મહત્વનું સેવા કાર્ય કરે છે. તે બિમાર ઈજાગ્રસ્ત અને સીરીયસ દર્દીની ઉમદા સેવા અને સાર-સંભાળમાં જ તેનું જીવન વ્યતિત કરે છે. દર્દીના નવજીવનમાં આવતા બદલાવમાં ડોક્ટરની સાથે નર્સો પણ વિશેષ ફાળો હોય છે. ઈમર્જન્સી વોર્ડમાં કાર્ય કરતી નર્સો તેના કાર્યકારી જીવન દરમ્યાન અગણિત મુશ્કેલીનોસામનો કરે છે. એક વ્યવસાય તરીકે નર્સીંગને વિશેષ સ્તરની કરૂણાની જરૂર પડે છે. દયા, કરૂણાની દેવી નિસ્વાર્થભાવે દર્દીની સેવા-સારવાર કરીને સમાજમાં મહત્વની કામગીરી કરે છે, ત્યારે આજનો દિવસ જ નહી પણ ૩૬૫ દિવસ તેને સન્માન આપવું આપણી નૈતિક ફરજ બને છે. દર્દીના સગાઓ દ્વારા ગમે તેમ ગુસ્સે થઈને તેની સામે થતી વાતચિત પણ તેને ગુસ્સો અપાવતો નથી. તેના માટેનો દર્દી જ પ્રથમ અગ્રતા હોય છે.




કોરોના કાળમાં ડોક્ટરો સાથે આ નર્સોએ પણ જીવના જોખમે સખત ચેપવાળા વાતાવરણમાં પી.પી.ઈ. કીટ પહેરીને અનન્ય સેવા કરીને ખરા અર્થમાં કોરોના વોરિયર બન્યા હતા. આજનો દિવસ સમગ્ર વિશ્વમાં ઈમર્જન્સીમાં સેવા આપતી નર્સોની સાથે તમામ નર્સની સખત મહેનત અને સમર્પણને સન્માન આપવાનો હેતુ છે. આ મે મહિનાનું બીજું સપ્તાહ વિશ્વભરમાં નર્સ સપ્તાહની પણ ઉજવણી થાય છે.

નર્સોના કાર્યની પ્રશંસા સાથે ઈમર્જન્સી વોર્ડમાં એક ખાસ પ્રકારની વ્યક્તિની જરૂર પડે છે, તે આ છે નર્સ. સંકટ સમયે ત્વરિત નિર્ણય લઈને તેને કરેલ કામગીરીથી બુઝાતો દિપક ફરી પ્રજ્જવલિત થાય છે. તેનું કામ મુખ્યત્વે તબીબને મદદ કરવાનું છે. આઈસીયુ, આઈસીસીયુ જેવા અગત્યના વોર્ડમાં દર્દીઓને સલાહ આપવી, નાની તબીબી કામગીરી કરવી, તબીબી સાધનોનો ઉપયોગ કરવો, દવાનું સંચાલન કરવું, લાંબા ગાળાની સંભાળની જરૂરિયાતોનું આયોજન કરવું, દર્દીની આરોગ્ય સ્થિતિનું સતત નિરીક્ષણ કરવું જેવું વિવિધ કાર્ય નર્સો જ કરે છે. હોસ્પિટલમાં તબીબ સાથે એક મહત્વનો રોલ નર્સીંગનો છે.

રોજીંદા જીવનમાં તેની કાર્ય ડ્યુટીનું વિશેષ મહત્વ છે. શહેરમાં રોગચાળો ફાટી નીકળે, અકસ્માતો કે અન્ય તાત્કાલીક તબીબી સંભાળની જરૂરિયાત ઉભી થાય ત્યારે આ નર્સો જ મહત્વની કામગીરી કરે છે. ઈમર્જન્સીમાં દર્દી આવે ત્યારે દર્દીની જરૂરિયાતનું મૂલ્યાંકન સાથે તેમની સંભાળ અને ટ્રીટમેન્ટને તાત્કાલીક ધોરણે પ્રાથમિકતા આપીને નર્સ મહત્વનો રોલ અદા કરે છે. નર્સો માટે આજે વિવિધ કોર્સ પણ ચાલે છે, હોસ્પિટલમાં તાલિમ પામેલ ટ્રેઈનડ નર્સ જ ફરજીયાત હોવી જરૂરી છે. તે સમસ્યાનું નિદાન કરવા પણ સક્ષમ હોય છે. દર્દીની ઝડપથી સ્વસ્થતા તરફ પાછા લાવવાનું કામ નર્સનું હોય છે. નર્સો ઉચ્ચ દબાણ હેઠળ કાર્ય કરે છે જેમાં રાત્રીની ડ્યુટી તો બહુ જ કઠીન હોય છે, તેથી જ નર્સો ધીરજવાન, દબાણ હેઠળ શાંત અને કરૂણાશીલ હોય છે. તેમનામાં અસાધારણ શકિત સાથે કટોકટી સમયમાં પણ ઉમદા કાર્ય કરવાની અદ્ભૂત શક્તિ હોય છે. ૧૯૬૫ થી આ ઉજવણી થાય છે, વૈશ્વિકસ્તરે ઈમર્જન્સી વોર્ડમાં નર્સિંગ પ્રોફેશનલ્સની ઉત્કૃષ્ટ પ્રતિબધ્ધતા પર પ્રકાશ પાડવા કાર્યક્રમો પણ થાય છે. ૨૦૦૧ માં ઈમર્જન્સી નર્સિંગ વીક સેલિબ્રેશન શરૂ થયું હતું.



### નર્સો-નેતૃત્વ કરવા માટેનો એક અવાજ, ભવિષ્યની આરોગ્ય સંભાળ માટે એક વિઝન

નર્સિંગ ધ વર્લ્ડ યુ હેલ્થ સાથે બધા માટે આરોગ્ય અને માનવ અધિકારો સાથે સિધા સંપર્કોમાં તબીબની સાથે નર્સિંગ સ્ટાફની મહત્વની કામગીરી આવે છે. ભવિષ્યની આરોગ્ય સંભાળ માટેનું એક વિઝન એટલે નર્સ છે. કોઈપણ દેશના આરોગ્ય માળખામાં નર્સની ભૂમિકા પાયાના પથ્થર સમી હોય છે. દર્દીની કાળજી, સુરક્ષા અને સારવારની જવાબદારી નર્સના શિરે હોય છે. વિપરીત સંજોગોમાં દર્દીનું ધ્યાન રાખવા આ નર્સો ૨૪ કલાક કામ કરે છે. કોરોના કાળ દરમ્યાન નર્સોએ કરેલી કામગીરી પ્રશંસાપાત્ર છે. લોક આરોગ્ય માટે પણ તેની ભૂમિકા અહંમ છે. ૧૯૫૩ થી વૈશ્વિક સ્તરે નર્સિંગ ડે ઉજવાય છે. આધુનિક નર્સિંગના જન્મદાતા ફ્લોરેન્સ નાટીંન્ગેલ કહેવાય છે. કોરોના મહામારીમાં હોસ્પિટલના વોર્ડને જ બીજુ ઘર બનાવી નર્સોએ મહત્વની સેવા કરી હતી.

**નર્સ બિમાર, ઈજાગ્રસ્ત અને મૃત્યુ નજીક પહોંચેલા દર્દીની ઉમદા સાર-સંભાળ સાથે મહત્વપૂર્ણ મેડિકલ સેવા સહાયમાં મદદરૂપ થાય છેઃ દર્દીના જીવનમાં આવતા બદલાવમાં ડોક્ટરની સાથે નર્સિંગ સિસ્ટમનો પણ ફાળો હોય છે**

# પોતાના સ્વાર્થ માટે જીવતા લોકો ઝડપથી ભૂતકાળ બની જાય છેઃ નમ્રમુની મ.સા.

### રાષ્ટ્રધર્મની ભાવના પ્રસરાવીને મુલુંડના આંગણે નમ્રમુનિ મહારાજ સાહેબના સાંનિધ્યમાં ઉજવાયો પરમ કર્તવ્ય ઉત્સવ






**અબતક,રાજકોટ**

મુલુંડ વર્ધમાન સ્થા. જૈન શ્રાવક સંઘની ભાવભીની વિનંતિનો સ્વીકાર કરીને રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ ૯વિં મે, ૨૦૨૫ના મુલુંડ શ્રી સંઘમાં પધારતા ત્રિદિવસીય વિવિધ કાર્યકર્મો અંતર્ગત રવિવારે કાલિદાસ નાટ્યગૃહમાં એમ. એલ. એ મિહિરભાઈ કોટેચા, ડો. મુખી સાહેબ, ચંદ્રકાન્તભાઈ ગોગરી, જયાબેન ગોગરી, ઈન્દીરાબેન દેઢિયા, કિરણભાઈ હેમાણી, ચેતનભાઈ દેઢિયા, આદિ અનેક મહાનુભાવોની ઉપસ્થિતિમાં પરમ કર્તવ્ય ઉત્સવ સહુના ભાવ, ભક્તિ અને ઉલ્લાસ સાથે ઉજવાયો હતો.

આ અવસરે પરમ ગુરુદેવના બ્રહ્મનાદે ઉવસ્સગ્ગહર સ્તોત્રની જપ સાધનામાં સહુ અહોભાવિત થયા બાદ પરમ ગુરુદેવે ઉપસ્થિત દરેક ભાવિકોને પોતાના, ઘરના, ધર્મના, સોસાયટીના, સમાજના કર્તવ્યની સમજ આપવાની સાથે એક જાગૃત નાગરિકરૂપે મારા દેશ માટે મારા શું કર્તવ્ય છે તે ભાવો પર સમજ આપી હતી.

દરેક જરૂરિયાતમંદ વ્યક્તિના ચહેરા પર ભોજનનો સંતોષ આપવાની રાષ્ટ્રસંત ગુરુદેવ નમ્રમુનિ મહારાજ સાહેબની કરુણા ભાવનાથી, સર્વ મંગલ ફેમિલી ટ્રસ્ટ - શાહ હેપીનેસ ફાઉન્ડેશન અમેરિકાના ફાઉન્ડર રીકાબેન મનુભાઈ શાહના હૃદયની ઉમદા અને ઉદાર ભાવનાના સહયોગે, એમ. એલ. એ. પરાગભાઈ શાહની ટીમના સંચાલનમાં દરરોજ હજારો ભાવિકોના ભોજનની વ્યવસ્થા દ્વારા ઘાટકોપરના અલગ અલગ ક્ષેત્રમાં ગરમાગરમ સાત્વિક ભોજન અર્પણ કરવાના પારમાર્થિક મહાપ્રકલ્પ ‘‘ગુરુ પ્રસાદ‘‘ના પ્રારંભથી આજ સુધી છ લાખથી વધુ લોકોની પેટની ભૂખ ઠારી છે. જેની શૃંખલામાં મુલુંડ ક્ષેત્રમાં અર્હમ યુવા સેવા ગ્રુપના ઉપક્રમે ગુરુ પ્રસાદ પ્રારંભ થવાની ઉદઘોષણા કરવામાં આવી હતી.વિશેષમાં આ અવસરે આત્મનિર્ભર અભિયાન અંતર્ગત અત્યાર સુધીમાં ૧૩૦+ પરિવારોને નવી ઓટોરિક્ષા ભેટમાં આપવામાં આવી છે, મુલુંડના વધુ ૩ રિક્ષાચાલકોને રિક્ષા અર્પણ કરવામાં આવી હતી. તે સાથે જ મુલુંડના ૧-૩ વર્ષના નાના-નાના ભૂલકાઓમાં નાનપણથી જ રમત સાથે ગમ્મત શૈલીમાં મોરલ વેલ્યુઝ અને સુસંસ્કારોનું સિંચન થાય તેવા શુભ હેતુ સાથે સ્પેશ્યલ લુક એન લર્ન મધર - ટોડલર ક્લાસનો પ્રારંભ કરવામાં આવતા સર્વત્ર હર્ષ હર્ષ છવાઈ ગયો હતો.

મુલુંડ વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘના પ્રમુખ દિલીપભાઈ રાંભીયાએ સંઘ તરફથી પરમ ગુરુદેવના મુલુંડ પદાર્પણને હર્ષથી આવકારી વિશેષ આભાર વ્યક્ત કર્યો હતો. એમ. એલ. એ. મિહિરભાઈ કોટેચા એ આવા સમયમાં એક જાગૃત નાગરિક બની રાષ્ટ્રને સલામત રાખવા જરૂરી સૂચનો ધ્યાનમાં રાખવા કહેલ તે સાથે જ ડો. મુખી સાહેબે દંડવત પ્રણામ કરી જૈનત્વ અને પરમ ગુરુદેવ પ્રત્યે અહોભાવ વ્યક્ત કરતાં એવાં ભાવ ભાવ્યાં હતાં કે આવતા ભવે જૈન તરીકે જન્મ લેવો છે અને મને મારું સર્વસ્વ અર્પણ કરી દેવું છે. બોર્ડર પર યુદ્ધ માટે સજ્જ આર્મી સૈનિકો માટે આજરોજ અર્હમ યુવા સેવા ગ્રુપ દ્વારા ભૂજના આર્મી કેમ્પમાં ૩ આર.ઓ. પ્લાન્ટની અર્પણતા સાથે ૧ લાખ ડ્રાયફ્રુટના લાડવા બનાવીને એનર્જી પેક તૈયાર કરાવી જામનગર, કચ્છ, રાજસ્થાન સુધીની બોર્ડર પર સૈનિકો માટે મોકલવાની જાહેરાત થતાં જ સહુએ એને સહર્ષ વધાવી લેવાની સાથે સહુ રાષ્ટ્ર માટે જે થઈ શકે તે બધું જ કરવા કટિબદ્ધ બન્યા હતા.

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૧૨-૦૫-૨૦૨૫ સોમવાર**
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (થઈ જશે)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટિવેશન સ્પીચ (કાજલ ઓઝા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (રાજમાં કી ગુલોટી)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃ આજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ ચાય પે ચર્ચા (જીવન વીમા)
૦૪:૩૦ થી ૦૬:૦૦ ગુજરાતી નાટક (હદ કરો છો હસુભાઈ)
૦૬:૦૦ થી ૦૧:૦૦ ખોડલધામ યુવા સમિતિ ક્રિકેટ ટુર્નામેન્ટ (લાઈવ)
**તારીખ ૧૩-૦૫-૨૦૨૫ મંગળવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ શિવ કથા (પૂ.ગીરી બાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

**તા.૧૩-૫-૨૦૨૫ મંગળવાર**

| | | | |
|---|---|---|---|
| **વિક્રમ સંવત** | ૨૦૮૧ | **શાલીવાહન શકિ:** | ૧૯૪૭ |
| **ખ્રિસ્તી સંવત** | ૨૦૨૫ | | |
| **તિથી** | વૈશાખ વદ એકમ શ્રી નારદ જયંતિ વિછુડો | | |
| **નક્ષત્ર** | વિશાખા | | |
| **યોગ** | પરિઘ | **કરણઃ** | બાલવ |
| **સુર્યોદય** | ૬.૧૦ | **સુર્યાસ્તઃ** | ૭.૧૮ |
| **ચંદ્ર રાશી** | વૃશ્ચિમ | | |
| **રાશિ અક્ષર** | ન.ય | | |
| **દિશાશૂળ** | ઉત્તર દિશા તરફ | | |
| **રાહુકાળ** | બપોરે ૩ થી ૪.૩૦ | | |
| **દિવસનાચોઘડીયા** | રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ | | |
| **રાત્રીનાચોઘડીયા** | કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ | | |
| **અભિજીત મુહૂર્ત** | બપોરે ૧૨.૧૭ થી ૧.૧૦ | | |

**શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭**

## સૂડોકુ -૦૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | | | | | | ૮ |
| ૩ | | | ૬ | | ૧ | | | |
| | | | | | ૭ | | | ૯ |
| | | | | | | | | |
| ૮ | | | ૯ | | | | ૫ | |
| | | | | | ૩ | | | ૬ |
| | | ૮ | ૧ | | | ૨ | ૯ | ૭ |
| ૯ | | ૭ | | ૬ | | ૧ | ૮ | |
| ૨ | | ૫ | | | ૯ | | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોક્સમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૦૧ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૯ | ૧ | ૨ | ૫ | ૬ | ૭ | ૮ | ૪ |
| ૫ | ૭ | ૪ | ૧ | ૮ | ૩ | ૬ | ૨ | ૯ |
| ૬ | ૨ | ૮ | ૯ | ૪ | ૭ | ૧ | ૩ | ૫ |
| ૭ | ૩ | ૯ | ૬ | ૧ | ૮ | ૪ | ૫ | ૨ |
| ૨ | ૪ | ૬ | ૩ | ૯ | ૯ | ૫ | ૭ | ૧ |
| ૧ | ૮ | ૫ | ૭ | ૨ | ૪ | ૯ | ૬ | ૩ |
| ૮ | ૧ | ૨ | ૫ | ૬ | ૯ | ૩ | ૪ | ૭ |
| ૯ | ૬ | ૭ | ૪ | ૩ | ૨ | ૫ | ૧ | ૮ |
| ૪ | ૫ | ૩ | ૮ | ૭ | ૧ | ૨ | ૯ | ૬ |

## આવતીકાલનું રાશિફળ

**તા.૧૩.૫.૨૦૨૫, મંગળવાર, સંવંત ૨૦૮૧, વૈશાખ વદ એકમ, વિશાખા નક્ષત્ર, પરિઘ યોગ, બાલવ કરણ આજે જન્મેલાંની ચંદ્રરાશિ વૃશ્ચિક (ન,ય) રહેશે**



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ (અ,લ,ઈ) :** નજીકના ક્ષેત્રોમાં મધ્યમ રહે પરંતુ દૂર દેશથી સારા સમાચાર મળે,આગળ વધવાની તક મળે.

**વૃષભ (બ,વ,ઉ) :** જાહેરજીવનમાં સારું રહે, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય, નવા મિત્રો બનાવી શકો, શુભ દિન.

**મિથુન (ક,છ,ઘ) :** તબિયતની કાળજી લેવી, ખાવા-પીવામાં ખ્યાલ રાખવો પડે, જીવન પદ્ધતિમાં ફેરફાર કરવા પડે.

**કર્ક (ડ,હ) :** પ્રણયમાર્ગે આગળ વધી શકો,પ્રિયપાત્રથી મુલાકાત થાય,મનની વાત વ્યક્ત કરી શકો, આનંદદાયક દિવસ.

**સિંહ (મ,ટ) :** જમીન મકાન વાહન સુખ સારું રહે, પ્રોપર્ટી અંગે યોગ્ય નિર્ણય કરી શકો, દિવસ લાભદાયક રહે.

**કન્યા (પ,ઠ,ણ) :** મિત્રોની મદદથી કાર્ય થાય, ભાઈ ભાંડુ સુખ સારું રહે, પરિવાર સાથે આનંદ કરી શકો.

**તુલા (ર,ત) :** તમારા સૌમ્ય વાણી વર્તનથી કાર્ય સિદ્ધ થાય,એકધારા પ્રયત્નોથી સફળતા મળે, આગળ વધી શકો.

**વૃશ્ચિક (ન,ય) :** નોકરી ધંધો શોધતા મિત્રો માટે શુભ દિન, કામકાજમાં સફળતા મળે,દિવસ પ્રગતિકારક અને શુભ રહે.

**ધન (ધ,ભ,ફ,ઢ) :** કામકાજમાં નુકસાની ના જાય એ જોવું, ભાગીદારીમાં સંભાળવું, નવા સાહસમાં કાળજી રાખવી. મધ્યમ દિવસ.

**મકર (ખ,જ) :** સગા સ્નેહી મિત્રોથી સારું રહે,લેખન વાંચન મંથનથી આનંદ મળે. રચનાત્મક કાર્ય કરી શકો.

**કુંભ (ગ,સ,શ) :** વેપારીવર્ગ ને સારું રહે,સ્ત્રી વર્ગ માટે પણ દિવસ ઉત્સાહજનક રહે. નોકરિયાતવર્ગે સમજી ને ચાલવું.

**મીન (દ,ચ,ઝ,થ) :** ધ્યાન યોગ મૌન થી લાભ થાય, ધાર્મિક કાર્યમાં સહભાગી થઈ શકો. આધ્યાત્મિક ચિંતન થાય, પવિત્ર વ્યક્તિને મળી શકો.

હર કરમ અપના કરેગેં યે વતન તેરે લીયે

# સુત્રાપાડાના જવાને પત્નીનો સેથો પુરી ત્વરિત રાષ્ટ્ર સેવામાં જોડાયા

## સોમનાથ દાદાના દર્શન કરી પરિવાર અને જીવનસંગીનીને વિદાય આપી દેશની રક્ષા કાજે દિલ્હી જવા રવાના

**અબતક, રામસિંહ મોરી, સુત્રાપાડા**

જ્યારે ભારત અને પાકિસ્તાનના યુદ્ધના ભણકારા વાગ્યા તે પહેલા ઉના ખાતે ધોબી સમાજ નો એક આર્મી જવાન હાર્દિકભાઈ અરૂણભાઈ ચુડાસમા (ધોબી)કે છેલ્લા ૧૪ વર્ષથી ઈન્ડિયન આર્મીમાં ફરજ બજાવે છે જેઓના લગ્ન ઉનાના રહેવાસી હેમાં બેન વિજયભાઈ રાવલ અને માતા રમાબેન વિજયભાઈ રાવલ ની સુપુત્રી હેમાં કે જેવો ગીર ગઢડા મામલતદાર ઓફિસમાં એમ ડી એમ શાખામાં એમ.ડી.એમ.સુપરવાઈઝર તરીકે ઓફિસમાં ફરજ બજાવે છે અને આર્મીમેન હાર્દિક



ચુડાસમા સાથે તારીખ ૮ /૫/ ૨૦૨૫ ના બંને જણાએ પ્રભુતા ની અંદર પગલા માંડ્યા ત્યાં ઓફિસ ઓર્ડર છુટ્યા કે પોતાની ફરજ ઉપર હાજર થવાનું હોય હાર્દિકભાઈ એક મહિનાની છૂટી લઈને આવેલા લગ્ન કરવા પરંતુ તેઓ સોમનાથ દાદા તેમજ માતાજીને આશીર્વાદ લઈ તેઓ પોતાની ફરજ ઉપર દિલ્હી રવાના થઈ રહ્યા છે અને એમાં તેમને હસતા મોઢે તેમની જીવન સંગીની વિદાય આપી અને ફરજ પર હાજર થવા મોકલે છે.

આવી જાંબા જ નારી માટે દીપક ગોહિલ ચાલુ લગ્ન વિધિમાં આવી શેર શાયરી બોલેલા કહેવું પડે કે ચુડતો મેં ઈનરો પહેનું કે જિંનરી અખિયા લાલ પછી ભલે હું ઘડીક જ સુહાગન રહું પણ મારો મનખો આખો ન્યાલ અને જાતા જાતા એ આર્મીમેનને કહે છે કા મરજો કા મારજો ના પીઠના દેજો લગા નહિતર મારી સૈયર મને મેના મારશે કે આ તો કાયર કેરી નાર આવા વીર જવાન અને આવી વીર જવાની નારીને કોટી કોટી વંદન છે.

## શુભેચ્છા



### ક્યાડા પરિવારનું ગૌરવ

અમારા પરમ મિત્ર જીગ્નેશભાઈ ક્યાડાના સુપુત્રી સૃષ્ટિબેન ક્યાડા ને ધોરણ ૧૨ કોમર્સમાં ૯૯.૯૧ પી આર સાથે એ વન ગ્રેડ પ્રાપ્ત કરી માતા પિતાનું ગૌરવ વધાર્યું છે. સૃષ્ટિ આપ ખુબ આગળ વધો અને ખૂબ નામ કમાઓ તેવી શુભેચ્છા.

:: શુભેચ્છક ::

પત્રકાર પ્રદિપ ઠાકર,
હિતેશ જોશી, બાલમુકુન્દ વાઢેર
અને તમામ મિત્રો


પશ્ચિમ રેલવે-રાજકોટ ડિવિઝન

**માટી અને છોડ સાથે પ્લાન્ટ પોટ નું રેગ પિકિંગ, જોગવાઈ અને જાળવણી**

સિનિયર ડીએમઈ, રાજકોટ આમંત્રિત કરે છે. **ટેન્ડર નોટિસ નં. M-2025-5-RJT-SC તારીખ: 09.05.2025. કાર્યનું નામ:** રાજકોટ રેલવે સ્ટેશન ખાતે બે વર્ષના સમયગાળા માટે માટી અને છોડ સાથે પ્લાન્ટ પોટ નું સેનિટેશન, રેગ પિકિંગ, જોગવાઈ અને જાળવણી સાથે યાંત્રિક અને મેન્યુઅલ સફાઈ, હાઉસકિપિંગ માટે સર્વગ્રાહી કોન્ટ્રાક્ટ. **અંદાજિત કિંમત:** ₹ ૮૩,૧૪,૭૪૬.૩૯/- **અર્નેસ્ટ મની:** ₹ ૧,૬૬,૩૦૦.૦૦/- **ટેન્ડર સબમિટ કરવાની તારીખ અને સમય:** ૩૦.૦૫.૨૦૨૫ ના રોજ ૧૫:૦૦ કલાક સુધી અને ૩૦.૦૫.૨૦૨૫ ના રોજ ૧૫:૩૦ કલાકે ટેન્ડર ખોલવા માટે. **ટેન્ડર જ્યાંથી ખરીદી શકાય તે ઓફિસનું સરનામું અને નોટિસ બોર્ડનું સ્થાન:** ડિવિઝનલ રેલ્વે મેનેજર (મિકેનિકલ) વેસ્ટર્ન રેલ્વે, રાજકોટ ડિવિઝન, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ - ૩૬૦૦૦૧. **વેબસાઇટ વિગત:** www.ireps.gov.in

RJT-026

અમને લાઈક કરો: facebook.com/WesternRly



પશ્ચિમ રેલવે-રાજકોટ ડિવિઝન

**વિશ્વસનીયતામાં સુધારો અને ELB ની બદલી**

**ઈ-ટેન્ડર સૂચના નંબર DRM-RJT 25-26-SnT-E-04, DT-08-05-2025 કાર્યાલયનું સરનામું:** ડિવિઝનલ રેલવે મેનેજર (S & T), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ-360001. **વેબસાઇટ વિગત:** www.ireps.gov.in; **ટેન્ડર નંબર:** DRM-RJT-25-26-SnT-E-04; **કાર્યનું નામ:** રાજકોટ ડિવિઝન - જૂના પોર્ટા કેબિન / સ્થાન બોક્સમાંથી નવા LC ગેટ રૂમમાં S&T ગિયર્સનું સ્થળાંતર કરીને વિશ્વસનીયતામાં સુધારો (i) LC ગેટ નંબર ૨૭, ૩૦ અને ૩૩ વિરમગામ - સુરેન્દ્રનગર (VG-SUNR) પર અને LC ગેટ નંબર ૨૯, ૩૦, ૩૧ અને ૩૨ વિરમગામ - સુરેન્દ્રનગર (VG - SUNR સેક્શન) ના ૪ નંબર પર ELB અને અન્ય ગેટ સાધનોનું સ્થાનાંતરણ. (ii) LC ગેટ નંબર ૨૬૧, ૨૬૮, ૨૮૫ અને ૨૯૦ રાજકોટ - ઓખા (RJT-OKHA સેક્શન) પર. **ટેન્ડર કિંમત:** ₹ ૧૨૬૧૭૩૬૧.૫૮ (₹ એક કરોડ છવ્વીસ લાખ છોતેર હજાર સાતસો એકસઠ રૂપિયા અને અઠ્ઠાવન પૈસા માત્ર); **અર્નેસ્ટ મની ડિપોઝિટ:** ₹ ૨,૧૩,૧૦૦.૦૦ (₹ બે લાખ તેર હજાર એકસો માત્ર); **ટેન્ડર ફોર્મ ફી:** ₹ 00.00 (શૂન્ય) ફકરા-3, GCC - જુલાઈ-2022 મુજબ. **ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ અને સમય:** તારીખ ૦૯-૦૬-૨૦૨૫ ના રોજ બપોરે ૧૫:૩૦ કલાક સુધી.

RJT - 026

અમને લાઈક કરો: facebook.com/WesternRly



### જાહેર નોટીસ

જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના ટોડા ગામે ખાતા નં. ૪૬૮ પી.રે.સ.નં. ૧૧૯૨ (જુનારે સ.ન. ૩૨૫ પૈકી ૩), જરાયત હે ૧-૨૧-૭૯ ખેતર નામે પાટીની ખેતીની જમીન જયોતીબા નરેન્દ્રસિંહ જાડેજા વિગેરે - ૩ની સંયુકત માલીકી અને કબજા ભોગવટાની આવેલ છે. સદરહું ખેતીની જમીન અમારા અસીલે વેચાણ લેવા સોદો કરેલ છે.

જેથી આ નોટીસ પ્રસિધ્ધ કરી જાહેર જનતા તથા લાગતા - વળગતાઓને જાણ કરવામાં આવે છે કે, ઉપરોકત વિગત, વાર્ણનવાળી ખેતીની જમીન સંબંધે ટાઈટલ સંબંધે કે તેના સ્થાનિક, પ્રત્યક્ષ કબજા કે તેના વેચાણ સંબંધે કોઈ વ્યકિત, પેઢી, બેંક, સોસાયટી, મંડળી કે એસાઈનીઓ કે, વારસદારો સરકારી અર્ધસરકારી કચેરી વિગેરે નો કોઈપણ પ્રકાર નો હકક, હિત, હિસ્સો, લાગ-ભાગ, વારસાઈ હક્ક, ભરણ-પોષણ નો હક્ક, લેણું, બોજો, ગીરો, લીયન કે કે કોઈપણ જાતની જવાબદારી કે હકક કે અધિકારી સદરહુ જમીન પરત્વે હોય અથવા અન્ય કોઈરીતે કાયદેસરનો કોઈ વાંધો હોય તેમણે આ નોટીસ પ્રસીધ્ધ થવાથી દિવસ ૭ (સાત) માં અમારી ઓફીસે લેખીત રજુઆત આધાર પુરાવા સાથે કરવી. સદરહું મુદ્દત દરમ્યાન જો કોઈના વાંધા, તકરાર નહી આવે તો કોઈ નો કોઈપણ પ્રકારનો વાંધો તકરાર નથી, અને જે હોય તો જતો યાને કે વેઈવ (WAIVE) કરેલ છે. તેમ સમજી અમારા અસીલ સદરહું જમીન પરત્વે ના વેચાણ વ્યવહારો પૂર્ણ કરશે, નથા રજી, વેચાણ કરાર તેમજ રજી. વેચાણ દસ્તાવેજથી વેંચાણ લેશે અને ત્યારબાદ કોઈના કોઈપણ પ્રકારના વાંધા, તકરારો અમારા અસીલ ને શુધ્ધ બુધ્ધિના ખરીદનાર તરીકે બંધનકર્તા રહેશે નહી. જેની આથી સર્વે લાગતા વળગતાઓએ સ્પષ્ટ નોંધ લેવી.

**મુ. કાલાવડ**
**તા.: ૨૪-૦૪-૨૦૨૫**

અમારા મારફતઃ-
**સંજયસિંહ બી. ઝાલા**
બી.કોમ.એલએલ.બી.
(એડવોકેટ)

**ઓફીસનું સરનામુંઃ** સંજયસિંહ બી. ઝાલા (એડવોકેટ) બસ સ્ટેશન અંદર, કાલાવડ (શિતલા). જી. જામનગર, મો. ૯૯૨૫૧ ૩૭૮૪૮



### જાહેર નોટીસ

જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના ટોડા ગામે ખાતા નં. ૩૭૮ થી રે.સ.નં. ૧૧૯૩ (જુના રે.સ.નં. ૩૨૫/પૈકી ૪), જરાયત હૈ. ૧-૨૧-૭૯ ખેતર નામે પાટીની ખેતીની જમીન બીનાબા દિપકસિંહ જાડેજા વિગેરે - ૬ની સંયુકત માલીકી અને કબજા ભોગવટાની આવેલ છે. સદરહું ખેતીની જમીન અમારા અસીલે વેચાણ લેવા સોદો કરેલ છે.

જેથી આ નોટીસ પ્રસિધ્ધ કરી જાહેર જનતા તથા લાગતા - વળગતાઓને જાણ કરવામાં આવે છે કે, ઉપરોકત વિગત, વર્ણનવાળી ખેતીની જમીન સંબંધે ટાઈટલ સંબંધે કે તેના સ્થાનિક, પ્રત્યક્ષ કબજા કે તેના વેંચાણ સંબંધે કોઈ વ્યકિત, પેઢી, બેંક, સોસાયટી, મંડળી કે એસાઈનીઓ કે, વારસદારો સરકારી અર્ધસરકારી કચેરી વિગેરે નો કોઈપણ પ્રકાર નો હકક, હિત, હિસ્સો, લાગ-ભાગ, વારસાઈ હકક, ભરણ-પોષણ નો હકક, લેણું, બોજો, ગીરો, લીયન કે કે કોઈપણ જાતની જવાબદારી કે હકક, કે અધિકારો સદરહું જમીન પરત્વે હોય અથવા અન્ય કોઈ રીતે કાયદેસરનો કોઈ વાંધો હોય તેમણે આ નોટીસ પ્રસીધ્ધ થયાથી. દિવસ ૭ (સાત) માં અમારી ઓફીસે લેખીત રજુઆત આધાર પુરાવા સાથે કરવી. સદરહું મુદ્દત દરમ્યાન જો કોઈના વાંધા, તકરાર નહી આવે તો કોઈ નો કોઈપણ પ્રકારનો વાંધો તકરાર નથી, અને જો હોય તો જતો યાને કે વેઈવ (WAIVE) કરેલ છે. તેમ સમજી અમારા અસીલ સદરહું જમીન પરત્વે ના વેચાણ વ્યવહારો પૂર્ણ કરશે, તથા રજી. વેચાણ કરાર તેમજ રજી. વેંચાણ દસ્તાવેજથી વેંચાણ લેશે અને ત્યારબાદ કોઈના કોઈપણ પ્રકારના વાંધા, તકરારો અમારા અસીલ ને શુધ્ધ બુધ્ધિના ખરીદનાર તરીકે બંધનકર્તા રહેશે નહી. જેની આથી સર્વે લાગતા વળગતાઓએ સ્પષ્ટ નોંધ લેવી.

**મુ. કાલાવડ**
**તા.: ૨૪-૦૪-૨૦૨૫**

અમારા મારફતઃ-
**સંજયસિંહ બી. ઝાલા**
બી.કોમ.એલએલ.બી.
(એડવોકેટ)

**ઓફીસનું સરનામુંઃ** સંજયસિંહ બી. ઝાલા (એડવોકેટ) બસ સ્ટેશન અંદર, કાલાવડ (શિતલા). જી. જામનગર, મો. ૯૯૨૫૧ ૩૭૮૪૮



પોઝિટીવ ન્યુઝ, ઈન્ફોર્મેટિવ ન્યુઝ

અબતક સાંધ્ય દૈનિક

## વાર્ષિક લવાજમ યોજના

૦૧-૦૫-૨૦૨૫ થી ૩૦-૦૪-૨૦૨૬

**યોજના નં. ૧** — લવાજમ રૂ.૧૦૫૧/- — સિગ્નેચર બ્રાન્ડનું પરફ્યુમ તથા ડિઓ

**યોજના નં. ૨** — લવાજમ રૂ.૧૨૫૧/- — ડબલ હાથી મસાલાનું ૧ કિ.ગ્રા. મરચું, ૫૦૦ ગ્રામ હળદર તથા ૫૦૦ ગ્રામ ધાણાજીરૂ




**વિશેષ નોંધઃ** (૧) લવાજમના સમય દરમિયાન અખબારી કિંમતમાં થનારો કોઈપણ પ્રકારનો વધારો લવાજમ ગ્રાહકોને લાગુ પડશે નહીં. (૨) લવાજમ ભરનાર ગ્રાહકોએ અબતકની છાપેલી કાચી પહોંચથી જ લવાજમ ભરવાનો આગ્રહ રાખવો, અનાધિકૃત કાચી પહોંચથી ભરેલ લવાજમની જવાબદારી અબતકની રહેશે નહીં. (૩) આ ઉપરાંત અબતકની લવાજમ પોલીસી મુજબ તમામ ચીજવસ્તુઓ શરતોને આધીન રહેશે.

**લવાજમ ભરવાનું સ્થળઃ અબતક મીડિયા હાઉસ, રાષ્ટ્રીયશાળા રોડ, રાજકોટ.**

**આજે જ સંપર્ક કરો : MO:- +૯૧ ૭૦૪૮૧ ૩૦૦૦૧, ૦૨૮૧- ૨૪૬૧૨૩૪**



SHRI RAJ SCHOOLS — YOU DREAM IT WE AIM IT


## શ્રી રાજ સ્કૂલ્સ

પ્લે હાઉસ થી ધો. 12 (સાયન્સ/કોમર્સ)

મધુવન પાર્ક, સમર્પણ પાર્ટીપ્લોટની બાજુમાં, કુવાડવા રોડ, રાજકોટ. મો.: ૭૨૬૫૦ ૬૩૬૩૦

## JEE / NEET / BOARDમાં No. 1 સંસ્થા

માત્ર 179 વિદ્યાર્થીઓ માંથી 5 - 5 વિદ્યાર્થીઓ 99.99 PR સાથે સમગ્ર ગુજરાતમાં No. 1




| BOARD FIRST | BOARD TOP-TEN | SUBJECT FIRST | A1 GRADE | 90 PR + |
|---|---|---|---|---|
| 5 | 9 | 100/100 51 | 62 | 98 |




### OUR SCIENCE TEAM ACHIEVEMENT

| | | | |
|---|---|---|---|
| IIT COMPUTER ENGG. | 2 | IIIT | 5 |
| NIT | 4 | DAIICT | 6 |
| MBBS | 39 | BOARD FIRST | 2 |

માંગરોલીયા સાયન્સ એકેડમી

### OUR COMMERCE TEAM ACHIEVEMENT

| | | | |
|---|---|---|---|
| BOARD FIRST | 1 | BOARD TOP-TEN | 5 |

તંત્રી લેખ

## વિશ્વના નકશા પરથી પાકિસ્તાનને ભૂંસી નાંખવાનો સમય પાકી ગયો છે

આતંકવાદને પાળી-પોસીને તાકાતવર બનાવનાર પાકિસ્તાનના પાપે આખા વિશ્વની શાંતિ હણી લેનાર નાપાક પાકિસ્તાનને હવે દુનિયાના નકશા પરથી સંપૂર્ણ પણે ભૂંસી નાંખવાનો સમય પાકી ગયો છે.

અંગ્રેજોની ગુલામીમાંથી મૂકત થયા બાદ ભારત અને પાકિસ્તાનના ભાગલા પડયા હતા ભારતે હંમેશા વસુધૈવ કુટુંમ્બકમની ભાવના પ્રાધાન્ય આપ્યું વિકાસનો માર્ગ અપનાવ્યો પરિણામે આજે ભારત પોતાની તાકાતે વિશ્વની સૌથી મોટી ચોથી અર્થ વ્યવસ્થા બની ઉભરી આવ્યું છે. બીજી તરફ પાકિસ્તાન એક ભીખુ રાષ્ટ્ર છે. વિશ્વની શાંતી હણવા સિવાય પાક પાસે કોઈ કામ નથી.

નિદોર્ષ નાગરિકોના જીવ હણી આતંકને પ્રોત્સાહન આપી રહ્યું છે. ભારત સૌથી વધુ આતંકનો ભોગ બન્યો છે. આતંકવાદીઓ દ્વારા ધર્મ પુછી હુમલા કરવામાં આવ્યો હતો. આ ઘટનાથી ભારતવાસીઓમાં ભારે રોષ ભભૂકી ઉઠ્યોહતો. ભારતીય સેના પણ પાક અને આતંકના ખાતમા માટે વટથી જવાબ આપી રહી છે. પરંતુ હવે સમય પાકી ગયો છે કે પાકિસ્તાનને વિશ્વના નકશા પરથી હટાવી દેવાનો ભીખુ પાક પાસે કોઈ ઉદ્યોગ-ધંધા નથી પાકની પ્રજા ભૂખે મરી રહી છે. નથી મળતું પાણી કે નથી મળતી વીજળી ઓપરેશન સિંદુર બાદ હવે પાકિસ્તાને અવળ ચંડાઈ શરૂ કરી દીધી છે.

છેલ્લા બે દિવસથી સરહદ પર ડ્રોન હુમલા કરવામા આવી રહ્યા છે. નિદોર્ષ લોકોને ઢાલ બનાવી ઈન્ટરનેશનલ હવાઈ માર્ગનો દુરૂપોગ કરવામાં આવી રહ્યો છે. હુમલા બાદ વિશ્વ પાસે ભીખ માંગે છે. પાકિસ્તાન કયારેય સુધરવાનું નથી તે વાત નિશ્ચીત છે. હવે તેને એવો પાઠ ભણાવવાની આવશ્યકતા છે જેનાથી સામાન્ય અટકચાળો કરતા પણ પાક ફાટી પડે.

(હસ્તાક્ષર)

# જમણવારમાં એઠું ન મૂકી દાતાઓની દિલેરીને નવાજો: ધીરગુરૂદેવ

## ગોંડલમાં ધીરગુરુદેવની પધરામણીથી ધર્મોલ્લાસ ચતુર્વિધ સંઘે ચાતુર્માસનો નાદ ગુંજવ્યો

**અબતક, રાજકોટ**

ગોંડલ સંપ્રદાયના ગાદીના ગોંડલ ગામે ધીરગુરુદેવની પધરામણીથી ધર્મોલ્લાસ છવાયો હતો. અક્ષર મંદિરથી કળશધારી બહેનો સહિત શોભાયાત્રા કોલેજ ચોક થઈ મહાવીર કુંજના પટાંગણે પહોંચી હતી.

જૈન શાળા અને મંડળના બહેનોએ સ્વાગત ગીત રજુ કરેલ, પ્રવીણભાઈ કોઠારી, અશોકભાઈ કોઠારી, જિજ્ઞેશભાઈ વોરા, કાંતિલાલ મણીલાલ શેઠ પરિવારે સ્વાગત કરેલ. ગાદીપતિ પૂ. ગીરીશમુનિ. મ.સા.ની સ્મૃતિ સહ ભાવવંદના કરવામાં આવેલ.





ગોંડલના દીકરી અને બેન સ્વામી પૂ. સ્મિતાજી મ.સ.એ પાંચે સંઘો વતી ગાદીના ગામે ચાતુર્માસ કલ્પ માટે ભાવના ભાવતા સર્કલ સંઘોએ ઉભા થઈને ગુરુદેવ અમારો અંતરનાદ, અમને આપો ચાતુર્માસના જયકારાથી મંડપ ગુંજી ઉઠયો હતો.

પૂ. ગુરુદેવે સ્વાગત સભામાં જણાવેલ કે દાતાઓની દિલાવરીને નવાજવા એક જ ભાવના ભાવો કે કયાંય પણ જમણવાર હોય ત્યાં એઠું મૂકવું નહિ. અન્નના એક કણનો પણ દુરુપયોગ કરવો નહિ. આપણી સુરક્ષા માટે દેશના જવાનો જાનની કુરબાની આપવા તૈયાર હોય તો આપણે પણ જીવનમાં વફાદાર બનવું જોઈએ. તા.૧૧ ને રવિવારે સવારે ૯ કલાકે લોગસ્સ જાપ અને વ્યાખ્યાન તા.૧૨ ના સોમવારે સવારે ૮.૧૫ કલાકે ધર્મયાત્રા અને ૯.૧૫ કલાકે ડુંગરગુરુ ભકિત પુનમ મહોત્સવ ઉજવાશે.

શ્રી હરેશભાઈ દિનેશભાઈ શેઠ પરિવારનું સન્માન કરાયું હતું. નવકારશી બાદ સહુ વિખરાયા હતા.

# વિસાવદર: જાંબુડામાં યોજાયેલ રામદેવ કથા ભકિત, ભજન, ભોજનનો ત્રિવેણી સંગમ બની

**અબતક, ગીજુભાઈ વિકમા, વિસાવદર**

વિસાવદર તાલુકાના જાંબુડા (બાવાના) ગામે જાગૃત રણુજાધામ મંદિર ખાતે ગૌશાળા તેમજ અન્નક્ષેત્રના લાભાર્થે મહંત કિશોરદાસબાપુ ગુરુ બાબુદાસબાપુ દ્વારા રામદેવ ભકિત માનસ કથા ભવ્ય આયોજન કરવામાં આવેલ, કથાના વકતા વિખ્યાત રામદેવ જીવન લીલાના કલ્યાણદાસબાપુ વ્યાસપીઠ ઉપર બીરાજી તેના વિશેષ શૈલીમાં સંગીતમય રસપાન કરાવી રહ્યા છે. જાંબુડા ગામના તેમજ આજુબાજુના ગામના લોકો આ અવસરનો લાભ લઈ રહ્યા છે.



આ પ્રસંગે જગ્યાના મહંત કિશોરબાપુ તેમના અનુયાયી મહંત અભિદાસબાપુને લધુ મહંત તરીકે સ્થાપીત કરતા હોય તેમ ની તિલક અને ચાદર વિધી ગુરુ પરંપરા મુજબ સતાધાર ધામના મહંત વિજયબાપુના હસ્તે કરવામાં આવેલ, આ પ્રસંગે અનેક સંતો મહંતો ઉપસ્થિત રહેલ અને ચાદર વિધીમાં ભાગ લીધેલ. જાગૃત રણુજા ધામ ખાતે ભકિત ભજનને ભોજનનો ત્રિવેણી સંગમ બનીગયો છે. સેવકો, ભકતજનો કથાનું રસપાન ભોજન ભજનનો લાભ લઈ રહ્યા છે. જગ્યાના દાતાઓ, સંતો-મહેતોનું સન્માન જગ્યાના મહંત કિશોરબાપુ દ્વારા કરવામાં આવ્યું હતું.

# સરહદના સૈનિકો માટે સૌરાષ્ટ્રવાસીઓએ દિલેરીથી કર્યુ રકતદાન

## રાષ્ટ્રસેવા કાજે બનતા તમામ પ્રયત્નો કરીશું: ધારાસભ્ય તળાવીયા

### બાબરામાં રાષ્ટ્રસેવા માટેના રકતદાન કેમ્પમાં બહોળી સંખ્યામાં રકતદાતાઓ ઉમટયાં

**અબતક, બાબરા**

અમરેલી સાંસદ, ધારાસભ્ય અને ગુજરાત રાજયના નાયબ મુખ્ય દંડકની ઉપસ્થિતિ, યુદ્ધની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને આયોજન કરવામાં આવ્યું જેમાં બાબરાના સામુહિક આરોગ્ય કેન્દ્રમાં ખાતે રક્ત દાન કેમ્પનું યોજાયો

ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંભવિત યુદ્ધને ધ્યાનમાં રાખીને આ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રક્તદાન કેમ્પમાં અમરેલી સાંસદ ભરતભાઈ સુતરીયા, વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા અને સ્થાનિક ધારાસભ્ય જનકભાઈ તળાવિયા



ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત, જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી અને અન્ય સ્થાનિક આગેવાનોએ પણ આ કાર્યક્રમને પ્રોત્સાહન આપ્યું હતું.

ધારાસભ્ય જનકભાઈ તળાવિયાએ જણાવ્યું હતુંકે, ‘‘રાષ્ટ્રસેવા માટે આ પ્રકારના પ્રયત્નો ખૂબ જ જરૂરી છે. આપણા જવાનો અને નાગરિકોને કોઈપણ પરિસ્થિતિમાં મદદરૂપ થવા માટે આપણે હંમેશા તૈયાર રહેવું જોઈએ.‘‘

. અમરેલી સાંસદ ભરતભાઈ સુતરીયાએ પણ આ કેમ્પના આયોજન માટે સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા હતા અને રક્તદાન કરનારા દાતાઓને પ્રોત્સાહિત કર્યા હતા.

ગુજરાત રાજયના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું હતું કે, ‘‘આપણા જવાનો દેશની રક્ષા માટે સરહદ પર ખડેપગે ઉભા છે, ત્યારે આપણે પણ તેમને મદદરૂપ થવા માટે આ પ્રકારના કાર્યો કરવા જોઈએ.‘‘

આ કેમ્પમાં જીલ્લા ભાજપના મહામંત્રી, જીલ્લા પંચાયતના સદસ્ય, તાલુકા પંચાયતના પ્રમુખ, શહેર ભાજપ પ્રમુખ, તાલુકા ભાજપ પ્રમુખ, બાબરા નગરપાલીકા પ્રમુખ, નગરપાલીકાના સભ્યઓ, તાલુકા પંચાયતના સભ્યઓ તેમજ કાર્યકર્તાઓ, આગેવાનો તથા મોટી સંખ્યામાં ગામ લોકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને રાષ્ટ્રસેવામાં પોતાનું યોગદાન આપ્યું હતું.

## ધોરાજી: સિવિલ હોસ્પિટલ ખાતે આયોજીત બ્લડ ડોનેશન કેમ્પને બહોળો પ્રતિસાદ



**અબતક,રમણીક ટોપીયા, ધોરાજી**

ધોરાજી સિવિલ હોસ્પિટલ ખાતે બ્લડ કેમ્પ નું આયોજન ભારત પાકિસ્તાન વચ્ચે જે યુદ્ધ ચાલી રહ્યું છે.

ત્યારે ઈમર્જન્સી સ્થિતિ માં બ્લડ ની જરૂરિયાત ઉભી થાય તો તેને પહોચી વળવા માટે ધોરાજી સિવિલ હોસ્પિટલ મા બ્લડ ડોનેશન કેમ્પ નું આયોજન કરવામા આવેલ જેમા ધોરાજી ની હોસ્પિટલ ના ડોકટરરો ખડે પગે સિવિલ હોસ્પિટલ પરિસ્થિતિ ને પહોંચી વળવા સજ્જ તેમજ ધોરાજી તથા આસપાસ ગ્રામ્ય વિસ્તાર ના લોકો ડોનેશન માટે ઉમટી પડ્યા આ કેમ્પ માં ધોરાજી હોસ્પિટલ અધિક્ષક જયેશભાઈ વસેટીયન, ડો. રાજ સાહેબ બેરા, બ્લોક હેલ્થઓફિસર પુનિતભાઈ વાછાણી ધારાસભ્ય મહેન્દ્રભાઈ પાડલીયા સાહેબ પ્રમુખ કૌશિક વાગડિયા તેમજ વિવિધ ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ ભાઈઓ તથા બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા,

## ધ્રાંગધ્રા: પંચશીલ એજયુકેશન એન્ડ ચેરી. ટ્રસ્ટના રકતદાન કેમ્પમાં રકતદાતાઓને બિરદાવ્યા

### દેશના જવાનો અને નાગરીકો માટે રકત જરૂરીયાતને પહોચી વળવા તેમજ રકતદાતાઓને ટ્રોફી અને સર્ટીફિકેટ આપી કરાયા સન્માનીત



**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા બ્લડ ડોનેટ ગ્રુપના સહયોગથી પંચશીલ એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, ડીસીડબલ્યું કોન્ટ્રાકટર દ્વારા બુદ્ધ પૂર્ણિમા નિમિત્તે રક્તદાન કેમ્પનું આયોજન મોટી સંખ્યામાં રક્તદાન કરવા માટે લોકો જોડાયા જેમાં રકતદાન દાતાઓને ટ્રોફી અને સર્ટીફીકેટ થી સન્માનીત કરાયા હતા પૂર્વ કેબિનેટ મંત્રી આઈ કે જાડેજા નગર પાલિકા પ્રમુખ કુલદીપ સિંહ ઝાલા સહિત શહેર સંગઠન ના હોદેદારો રહ્યા ઉપસ્થિત

દેશના જવાનો તથા નાગરીકો માટે રક્તની જરૂરિયાત ઉભી થાય તો તેને પહોંચી વળવાના હેતુથી સુરેન્દ્રનગર જિલ્લાના ધાંગધ્રા ડો.આંબેડકર ભવન ખાતે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તકે પૂર્વ કેબિનેટ મંત્રી આઈ કે જાડેજાની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી આ તકે પૂર્વ કેબિનેટ મંત્રી આઈ કે જાડેજા એ નાગરિકોને વધુમાં વધુ બ્લડ ડોનેશન કરવા અનુરોધ કર્યો હતો આ બ્લડ ડોનેશન કેમ્પમાં ધ્રાંગધ્રા નગરપાલિકાના પ્રમુખ કુલદીપસિંહ ઝાલા તેમજ ધાંગધ્રા શહેર સંગઠનના ભાજપના હોદ્દેદારો અને રકતદાન કરનાર નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા દરેક રક્તદાતાઓને સર્ટિફિકેટ અને ટ્રોફી મહાનુભાવોના હસ્તે આપવામાં આવ્યું હતા આ તકે રક્તદાન કેમ્પ ના આયોજકો ધ્રાંગધ્રા બ્લડ ગ્રુપના સલીમભાઈ ઘાંચી આગેવાનો નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

## વેરાવળ: ઈન્ડીયન રેડક્રોસ સોસા. દ્વારા ‘સેના’ માટે યોજાયો રકતદાન કેમ્પ

### કૌસ્તુભ ડીફેનસ સેન્ટરના પ્રમુખ મીનાબેન જાદવે પ્રચાર અભિયાનમાં મહત્વની ફરજ અદા કરી

**અબતક, જયેશ પરમાર, સોમનાથ**

ગીર સોમનાથ જીલ્લા માં નવ નિયુક્ત કલેકટર ઉપાધ્યાયના ભારતીય સૈનીકો ને બ્લડ ની જરૂરીયાતો પૂરી પાડવા માટે શ્રેષ્ઠ કાર્યને સફળ બનાવવાં વેરાવળ ઈન્ડીયન રેડકોસ સોસાયટીના નેજા હેઠળ બ્લડ ડોનેશન કેમ્પ માં કૌસ્તુભ ડીફેનસ ટ્રેનીંગ સેન્ટર પ્રમુખ મીનાબેન આર જાદવ દ્વારા આ ભગીરથ કાર્ય માટે જેટલું બંને એટલું બ્લડ ડોનેટ થાય છે

હેતુથી ગ્રામ્ય ગૃપને અને વેરાવળના મીનાબેન જાદવના પરિચયના લોકો સાથે બ્લડ ડોનેશન કરાવી ને અમુલ્ય ફરજ બજાવી હતી આ કાર્યમાં તેમના દ્વારા રક્તદાન કેમ્પ પ્રચાર પ્રસાર માધ્યમો દ્વારા રક્તદાનને સફળ બનાવવાં પ્રયત્નશીલ રહી સ્વ સોની હીરાબેન પ્રભુદાસ સતીકુવર ટ્રસ્ટ સહીત અન્ય સામાજિક સંસ્થાઓ વેરાવળ પાટણ સનાતન હિન્દુ સેવા સમાજના પ્રમુખ જીતુભાઈ કુહાડા પુર્વ ડાયરેકટર નગરપાલિકા પ્રમુખ કિશોરભાઈ મોહનભાઈ કુહાડા લોક જાગૃતિ મંચ વેપારી એસોસિયેશન અને ગોલ્ડ અને સિલ્વર એશોશીયેશન ના પ્રમુખ ગીરીશભાઈ પટ્ટ સહિત અન્ય સામાજિક સંસ્થાઓના પ્રમુખઓ ઉપસ્થિત રહી આ કાર્યને સફળ બનાવવા પ્રયાસ કર્યો હતો.

## ઉપલેટા મિશન અભિમન્યુ ટીમ દ્વારા મેગા બ્લડ કેમ્પમાં ૧૯૦ બોટલ રકત એકત્રીત

### લોક સાહિત્યકાર દેવરાજ ગઢવીએ કર્યું રકતદાન

**અબતક, કિરીટ રાણપરીયા, ઉપલેટા**

ઉપલેટા પંથકમાં જયારે જયારે કોઈ કુદરતી આફત આવે ત્યારે ટીમ મિશન અભિમન્યુ હંમેશા તત્પર હોય છે. હાલમાં ભારત દેશ યુધ્ધના વિવાદોથી ઘેરાયેલું છે.ત્યારે વધુમાં વધુ રકત એકત્ર થાય અને દેશના ઘાયલ જવાનો માટે ઉપયોગ તેવા પ્રયત્ન અંતર્ગત ગઈકાલે શહેરના કન્યા શાળા ના હોલમાં રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતુ.શહેરના વિવિધ સામાજીક આગેવાનોની હાજરીમાં રકતદાન ચાલુ કરવામાં આવ્યો હતો. સવારથી



બપોર સુધી ચાલેલા રકતદાન કેમ્પમાં ૧૯૦ બોટલ રકત એકત્ર થયેલ હતુ આ કેમ્પ રાજયના જાણીતા લોક સાહિત્યકાર દેવરાજ ગઢવી સહિતનાઓએ રકતદાન કર્યું હતુ. આ કેમ્મ પૂર્વ ધારાસભ્ય છગનભાઈ સોજીત્રા યાર્ડના ચેરમેન હરિભાઈ ઠુંમર, પાલીકા પ્રમુક વર્ષાબેન ગજેરા, દામજીભાઈ રામાણી, સામાજીક આગેવાન કમલેશભાઈ વ્યાસ સહિત વિવિધ રાજકીય પક્ષના આગેવાનો સામાજીક સંસ્થાના આગેવાનો શહેરીજનો વિશાળ સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા આ કાર્યક્રમને સફળ બનાવવા મિશન અભિમન્યુ ટીમ જહેમત ઉઠાવી હતી.

## જસદણ: સબ ડિસ્ટ્રિકટ હોસ્પિટલના રકતદાન કેમ્પમં રકતદાતાઓએ દેશપ્રેમ વહાવ્યો

### પ્રવર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને સમય ફાળવી સ્વૈચ્છિક રકતદાતાઓ ઉમટી પડયા

**અબતક, હિતેશ ગોસાઈ, જસદણ**

જસદણની સબ ડિસ્ટ્રિકટ હોસ્પિટલમાં આજે યુદ્ધની પરિસ્થિતિના કારણોસર તાલુકા આરોગ્ય અને વહીવટી તંત્ર દ્વારા બીજો રક્તદાન કેમ્પ યોજાયો જેમાં પ્રારંભથી સ્વૈચ્છિક રક્તદાતાઓ ઉમટી પડી દેશપ્રેમની જોળી છલકાવી દીધી હતી હાલમાં વર્ષો પછી પાકિસ્તાનની નાલાયકીને કારણે ભારત દેશએ યુદ્ધ છેડવાનું ફરજિયાત બન્યું હોય તેથી સ્વભાવિક છે કે આવા માહોલમાં ઘાયલો માટે લોહીની જરૂરિયાત ઉભી થાય તે અનુલક્ષીને જસદણની સરકારી હોસ્પિટલમાં આજે બીજો સ્વૈચ્છિક રક્તદાન



કેમ્પ યોજવામાં આવ્યો જેમાં આજે જસદણના આજે દેશપ્રેમી રક્તદાતાઓએ પોતાનું રક્ત દેશ માટે આ કટોકટીની ઘડીમાં ઉપયોગમાં આવે તે માટે ખાસ સમય ફાળવી રકતદાન કરી દેશપ્રેમ છલકાવ્યો હતો

રકતદાન કેમ્પ અંગે જસદણ શહેર ભાજપ પ્રમુખ વિજયભાઈ રાઠોડએ જણાવ્યું હતું કે રાજકોટ જિલ્લા કલેકટર પ્રભવ જોષીના વડપણ હેઠળ જિલ્લાભરમાં રકતદાન કેમ્પોનું આયોજન પૈકી જસદણ શહેરમાં આજે બીજી વખત થયું આ કાર્યમાં અમોએ તન મન અને ધનથી જબરજસ્ત સહકાર આપ્યો હતો.

વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પાકિસ્તાન સામે યુદ્ધ આદરી આંતકવાદ નેસ્તનાબુદ થાય તે માટે રાત દિવસ ઉજાગરા કરી દેશના આ નરબંકાએ થોડાં કલાકોમાં આંતકવાદીઓના આકાઓને રીતસર ધ્રુજાવી દીધાં છે ત્યારે

નગરપાલિકાના સભ્યો તમામ સંગઠનના હોદ્દેદારો કાર્યકરોએ રકત આપી આયોજકોને બિરદાવ્યા હતા.

## ઉપલેટા: સિવીલ હોસ્પિટલ ખાતે રકતદાન કેમ્પમાં ૧૨૩ બોટલ રકત એકત્રિત




તસ્વીર: શહેઝાદ બાદશાહ

**અબતક, કીરીટ રાણપરીયા, ઉપલેટા**

રાજકોટ જીલ્લા પંચાયત આરોગ્ય વિભાગ અને ઉપલેટા સિવીલ હોસ્પિટલ ખાતે સરકાર આદેશ અંતર્ગત રકતદાન કેમ્પ યોજાયો હતો.

દેશની સરહદ ઉપર લડતા સૈનિકો જયારે ઘાયલ થતાં હોય ત્યારે તેના માટે બ્લડ અતિ મહત્વનું હોય છે હાલ સમગ્ર દેશમાં યુધ્ધ જેવો માહોલ છવાયો છે. ત્યારે ઘાયલ થયેલા સૈનિકો માટે જીલ્લા આરોગ્ય વિભાગ અને ઉપલેટા સિવીલ હોસ્પિટલ ખાતે યોજાયેલ રકતદાન કેમ્પને ધારાસભ્ય ડો. મહેન્દ્રભાઈ પાડલીયાના હસ્તે ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ રકત દાન કેમ્પમાં ૧૨૩ બોટલ રકત એકત્રિત થયેલ, આ રકતદાન કેમ્પમાં શહેરના પ્રથમ નાગરીક વર્ષાબેન ગજેરા, ઉપપ્રમુખ જીજ્ઞાબેન વ્યાસ, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન નિકુલભાઈ ચંદ્રવાડીયા, સમસ્ત બ્રહ્મ સમાજ પ્રમુખ જીજ્ઞેશભાઈ વ્યાસ બાંધકામ સમિતિના ચેરમેન મનોજભાઈ નંદાણીયા સહિત ભાજપના આગેવાનો સામાજીક સંસ્થાના આગેવાનો હાજર રહ્યા હતા.

આ કેમ્પ સફળ બનાવવા સિવીલ અધિક્ષક ડો. મેહુલ કણસાગરા ટેક. લેબ.ના ડો. પિયુષ ચુડાસમા સહિત સિવીલ હોસ્પિટલના સ્ટાફ અને જીલ્લા આરોગ્ય વિભાગની ટીમે જહેમત ઉઠાવી હતી.

# મોટરસાયકલ ચોરીને અંજામ આપતી આંતરજિલ્લા ગેંગની બેલડી ઝડપાઈ

## વિંછીયા પોલીસે બે રીઢા તસ્કરોને ઝડપી લેતા ૨૭ ગુનાનો ભેદ ઉકેલ્યો : ચાર લાખનો મુદ્દામાલ કબ્જે

**અબતક, રાજકોટ**

રાજકોટનાં વીંછીયા તાલુકાનાં પોલીસ મથકમાં બાઈક ચોરીની વિવિધ ફરિયાદો નોંધાઈ હતી. જેના આધારે જિલ્લા પોલીસ વડા દ્વારા તાત્કાલિક આવી ચોરીઓને અટકાવવાની સાથે જ બાઈક ચોરીને અંજામ આપનારા શખસોને ઝડપી પાડવા આદેશ આપવામાં આવ્યો હતો. જે અંતર્ગત વીંછીયા પોલીસ દ્વારા સઘન તપાસ કરીને આંતરજિલ્લા બાઈક ચોરી કરનારા ૪૭ વર્ષીય હરેશ ઉર્ફે હરીભાઈ પ્રેમજીભાઈ મેટાળીયા અને ૩૯ વર્ષીય બાસીત એહમદભાઈ માફને ઝડપી પાડ્યા છે.બંને આરોપીઓની પૂછપરછમાં કુલ ૨૭ ગુનાના ભેદ ઉકેલાયા છે.



આ ઉપરાંત પોલીસે આરોપીઓ પાસેથી રૂ. ૪,૦૨,૨૦૦નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. રાજકોટનાં વીંછીયામાં બાઈક ચોરીની સતત વધી રહેલી ફરિયાદોની ગંભીરતાને ધ્યાનમાં લઈને જિલ્લા પોલીસ વડા હિમકરસિંહ દ્વારા તાત્કાલિક કાર્યવાહી કરવા માટે આદેશો આપવામાં આવ્યા હતા. જેને લઈ પોલીસ દ્વારા વીંછીયા ટાઉન તથા નજીક રોડ સાઈડના અલગ-અલગ ૧૫ જેટલી જગ્યાઓના સીસીટીવી ફૂટેજ ચેક કરવામાં આવ્યા હતા. જેના આધારે એક શંકાસ્પદ શખસ મળતા હ્યુમન ઈન્ટેલિજન્સની મદદથી આ આરોપીની ઓળખ કરવામાં આવી હતી. ત્યારબાદ આરોપીને પકડવા વિવિધ પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા હતા.આ દરમિયાન વિંછીયા પો.સ્ટે.ની થોરીયાળી ચેક પોસ્ટ પર વાહન ચેકિંગનુ આયોજન કરવામાં આવતા આરોપી તથા તેની પાછળ બેસેલ એક અન્ય શખસ પ્લાસ્ટીકની કોથળીમાં બાઇકનુ શંકાસ્પદ એન્જિન લઈને નીકળ્યા હતા. જેને લઈને તેની પાસેના બાઈકના રજીસ્ટ્રેશન નં. જીજે-૦૪-બીક્યુ-૬૫૧૭ ને પોકેટ કોપ તથા તેઓના નામોને ઈ-ગુજકોપ''મા સર્ચ કરતા બંને શખસો મિલકત સંબંધિત ગુનાહિત ઈતિહાસ ધરાવતા જણાઈ આવ્યા હતા. જેથી, બંને શખસોને શંકાસ્પદ બાઈકના એન્જીન સાથે વીંછીયા પોલીસ સ્ટેશન લાવવામાં આવ્યા હતા. પોલીસ મથકમાં ટેકિનકલ સોર્સ અને યુકિત-પ્રયુક્તિથી ઉંડાણપૂર્વક પૂછપરછ કરતા આ પૈકી એક શખસ હરેશ પ્રેમજીભાઈ મેટાળીયાએ અલગ-અલગ જીલ્લામાંથી ૨૭ હિરો હોન્ડા સ્પ્લેન્ડર મોટર સાયકલ ચોરીઓ કર્યાનું કબૂલ્યું હતું. તેની સાથેના શખસ બાસીત એહમદભાઈ માફએ તે તમામ મોટર સાયકલ હરેશ પાસેથી મેળવી પોતાના ગેરેજે લાવી કટીંગ કરી અલગ-અલગ સ્પેર પાર્ટ્સમાં વિભાજીત કરી જરૂરિયાતમંદોને વેચાણ કરતા હોવાની કબૂલાત પણ આપી હતી. જેથી, આરોપીઓ વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આમ બંને આરોપીઓની પૂછપરછમાં ૨૭ બાઈક ચોરીના ભેદ ઉકેલાયા છે.



### શું હતી મોડસ ઓપરેન્ડી?

આરોપી હરેશ મેટાળીયા દિવસના સમયે રાજકોટ, બોટાદ, સુરેન્દ્રનગર, ભાવનગર, અમદાવાદ ગ્રામ્ય જીલ્લાના વિસ્તારોની વિવિધ જગ્યાઓ પર ફરતો હતો. જ્યાં પોતાની સાથે મોટર સાયકલની એક માસ્ટર ચાવી રાખી જાહેરમાં પડેલ સ્પ્લેન્ડર મોટર સાયકલના લોકનું અવલોકન કરતો હતો. બાદમાં જુના તથા ઘસારો પડેલ લોકવાળા સ્પ્લેન્ડર બાઈકના લોક પોતાની પાસે રહેલ ચાવી દ્વારા ખોલી મોટર સાયકલ ચાલુ કરી ચોરી કરી લઈ જઈ બાસીત એહમદભાઈ માફનાં ગેરેજમાં લાવતો હતો. જ્યાં બંને મળીને મોટર સાયકલના સ્પેરપાર્ટ્સને અલગ કરી નાખતા હતા.

### ક્યાં-ક્યાંથી મોટરસાયકલ ઉઠાવી ગયા'તા?

પંદરેક દિવસ પહેલા વિંછીયા બોટાદ રોડ ઉપર આવેલ ઉમીયા સ્કુલની બાજુમાથી સ્પલેન્ડર, વિસેક દિવસ પહેલા વિંછીયા મામલતદાર કચેરીના પાર્કિંગમાંથી સ્પ્લેન્ડર, સાતેક મહિના પહેલા વિંછીયા મામલતદાર કચેરીના પાર્કિંગમાંથી સ્પ્લેન્ડર, નવેક મહિના પહેલા બોટાદ એસ.ટી.ડેપો સામે આવેલ આઈસીઆઈસીઆઈ બેન્કના પાર્કીંગમાંથી સ્પ્લેન્ડર પ્રો, સાતેક મહિના પહેલા બોટાદ બાળ વિકાસ કેન્દ્રની અંદર આવેલ કમ્પાઉન્ડના પાર્કીંગમાંથી સ્પ્લેન્ડર, પંદરેક મહિના પહેલા બોટાદમાં આવેલ ચકલા ગેટ મેડીકલની બાજુમાંથી સ્પ્લેન્ડર, પાંચેક મહિના પહેલા બોટાદમાં આવેલ ટાવર રોડ પર આવેલ તુલશી મીઠાઈની દુકાન પાછળથી સ્પ્લેન્ડર, છએક મહિના પહેલા બોટાદમાં આવેલ હીફલી શેરી નં.૦૩ માં આવેલ કોમ્પલેક્ષ પાસેથી સ્પ્લેન્ડર, બે મહિના પહેલા બોટાદમાં આવેલ હીફલી શેરી નં.૦૩ માથી સ્પ્લેન્ડર, પાંચેક મહિના પહેલા સેથળી ગામે મેઈન રોડની બાજુમા ગલીના નાકામાથી મોટર સાયકલ, ત્રણેક મહિના પહેલા ખસ(બગડ) ગામે મેઈન રોડ પરથી મોટર સાયકલ, દોઢેક મહિના પહેલા બરવાળા ગામેથી સ્પ્લેન્ડર, પંદરેક મહિના પહેલા સાળંગપુરથી મોટર સાયકલ, નવેક મહિના પહેલા હડદડ ગામે હસમુખ-ફર્નીચર પાછળથી સ્પ્લેન્ડર, સાડા ત્રણેક મહિના પહેલા પાળીયાદ ખીજડાવાળા ચોકમાથી સ્પ્લેન્ડર, એકાદ મહિના પહેલા કાનીયાડ ગામે ઝાપડા દાદાના મેળામાથી સ્પ્લેન્ડર, પાંચેક મહિના પહેલા રાણપુર નવા બસ સ્ટેન્ડ પાછળ સોસાયટીમાથી સ્પ્લેન્ડર, એકાદ મહિના પહેલા રાણપુર તાલુકાના અલમપર ગામે નદિના કાંઠે આવેલ શોચાલયની બાજુમાંથી સ્પ્લેન્ડર, ચારેક મહિના પહેલા બાવળા અમૃત બગીચા પાસે આવેલ એમ.ટી.એસ. સ્ટેન્ડની સામેથી મોટર સાયકલ, અઢી મહિના પહેલા વલ્લભીપુરના રંગપર ગામના ઢાળ પાસે આવેલ હોટલ પાસેથી સ્પ્લેન્ડર, અઢી મહિના પહેલા ગઢડા ભાવનગર હાઈવે પરથી મોટર સાયકલ, વર્ષ પહેલા લીંબડી સ્વામીનારાયણ મંદિર પાસેથી સ્પ્લેન્ડર, ચારેક મહિના પહેલા લીંબડી મોટા મંદિર પાસે ભોજનશાળા પાસેથી સ્પ્લેન્ડર, વીસેક મહિના પહેલા ચુડા તાલુકાના મોજીદડ ગામની સીમમાથી સ્પ્લેન્ડર, એકાદ વર્ષ પહેલા સાયલા પેટ્રોલ પંપ પાસેથી મોટર સાયકલ, દોઢેક મહિના પહેલા ધોલેરા મેઈન બજારના નાકા પાસેથી મોટર સાયકલ અને પાંચેક મહિના પહેલા બાવળા પાસે રૂપાલ ચોકડી પાસેથી મોટર સાયકલ ચોરીની કબૂલાત તસ્કરોએ આપી છે.

# સુરેન્દ્રનગર: મહિલાનો મહંત સાથે વિડિયો ઉતારી રૂપિયા પડાવનાર ટોળકીને દબોચી લેવાય

## થોડા દિવસો પહેલા મહિલાના ઘરે જઈ છરી બતાવી મહંત સાથે વિડિયો ઉતારીધમકી આપનાર૫ ઝબ્બે: ૯.૪૫ લાખ રીકવર

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગરના વઢવાણ રોડ પર એક રહેણાંક સોસાયટીમાં રહેતી અપરણિત મહિલાના ઘરના ઘુસી મહિલાના ઘરે આવેલ મહંત સાથે બળજબરી પૂર્વક છરી બતાવી પાંચ શખ્સોએ મોબાઈલમાં વિડિયો ઉતારી તેને વાયરલ કરવાની ધમકી આપી મહિલા પાસેથી લાખોની રોકડ રકમ પડાવ્યાની ફરિયાદ ભોગ બનનાર મહિલાએ થોડા દિવસો પહેલા બી-ડિવીઝન પોલીસ મથકે નોંધાવી હતી જેને ધ્યાને લઈ પોલીસે અલગ-અલગ બાતમીદારો અને સીસીટીવીની મદદથી રૂપિયા પડાવનાર પાંચ શખ્સોને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



વઢવાણ રોડ પર આવેલ એક રહેણાંક સોસાયટીમાં પોતાની માતા સાથે રહેતી અપરણિત મહિલાના ઘરે કોઈ ધાર્મિક જગ્યાના મહંત ઘણા સમયથી આવતા-જતા હતા અને મહિલા મહંતની સેવાચાકરી કરતી હતી જે દરમ્યાન થોડા દિવસો પહેલા મહંત મહિલાના ઘરે આવ્યા હતા તે દરમ્યાન પાંચ જેટલા શખ્સોએ મહિલાના ઘરમાં ઘુસી છરી બતાવી બળજબરીપૂર્વક મહિલાનો મહંત સાથે મોબાઈલમાં વિડિયો ઉતારી લીધો હતો અને તેને વાયરલ કરવાની ધમકી આપી મહિલા પાસે રોકડ રકમની માંગ કરતા મહિલાએ ઘરમાં રહેલ રોકડ રૂા. ૨.૪૫ લાખ આપ્યા હતા પરંતુ તમામ શખ્સોએ વધુ રકમ માંગતા એક શખ્સે મહિલાને નજીકની બેંકમાં લઈ જઈ ફીક્સ ડિપોઝીટ તોડાવી તેના રૂા. ૭ લાખ લઈ લીધા હતા. આમ કુલ રૂા.૯.૪૫ લાખ મહિલા પાસેથી પડાવી તમામ પાંચ શખ્સો નાસી છુટયા હતા જે અંગે ભોગ બનનાર મહિલાએ બી-ડિવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે નાસી છુટેલ શખ્સોને ઝડપી પાડવા તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા જેમાં બનાવ સ્થળની આસપાસના રસ્તા પરના સીસીટીવી અને બાતમીદારોના આધારે રૂપિયા પડાવનાર પાંચ શખ્સો (૧) હર્ષદ રમણલાલ સારલા રહે. મફતીયુપરૂ વઢવાણ (૨) વિરમ કાળુભાઈ સારલા રહે. પોપટપરા સુરેન્દ્રનગર (૩) રોહીત ચકાભાઈ કોરડીયા (૪) રવિ રાજુભાઈ ઝીંઝુવાડીયા અને (૫) શૈલેષ ઉર્ફે શક્તિ રમેશભાઈ અધારાને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથધરી છે. જ્યારે ઝડપાયેલ શખ્સો પાસેથી મહિલાના તમામ રૂા.૯.૪૫ લાખ પણ રીકવર કર્યા છે. જ્યારે ઝડપાયેલ શખ્સોની પુછપરછ કરતા મહિલાના ઘરે અવાર-નવાર મહંત આવતા હોવા અંગે રેકી કરી હતી અને મહિલાના ઘરમાં ઘુસી વિડિયો ઉતારી રૂપિયા પડાવવાનો પ્લાન ઘડ્યો હોવાની કબુલાત કરી હતી. હાલ તો પોલીસે ઝડપાયેલ શખ્સો વિરૂધ્ધ અન્ય કોઈ ગુન્હાઓ નોંધાયા છે કે કેમ?તે દિશામાં વધુ તપાસ હાથ ધરી છે.

# ધ્રાંગધ્રા-માલવણ હાઈવે પરથી ગેરકાયદે ખનીજ વહન કરતુ ડમ્પર ઝડપાયું

## પ્રાંચ અધિકારી હર્ષદીપ આચાર્યની ટીમનો દરોડો

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા પ્રાંત અધિકારી દ્વારા ધાંગધ્રા અમદાવાદ હાઈવે પર કોઈ પણ જાતની પાસ પરમીટ વગર ગેરકાયદેસર રીતે ખનીજ વહન કરતાં રેતી ભરીને જતો એક ડમ્પર ઝડપી પાડ્યું હતું જેમાં સરેઆમ ગેરકાયદેસર ખનન માઁ તમામ નિયમો ની ઐસીતૈસી કરવામાં આવતી જોવા મળી હતી.

ધ્રાંગધ્રા પ્રાંત અધિકારી હર્ષદીપ આચાર્ય દ્વારા ધાંગધ્રા માલવણ હાઈવે નજીક થી પરમીટ વગર ખનીજ વહન કરતાં એક રેતી ભરેલ ડમ્પર ઝડપી પાડવામાં આવ્યું હોવાની વિગતો મળી રહી છે જો કે ધ્રાંગધ્રા પંથકમાં કોઈ પણ રોકટોક વગર પથ્થર, રેતી અને સફેદ માટી ની ગેરકાયદેસર રીતે થતી ચોરી આમ બની છે. ખાણ ખનીજ વિભાગ વર્ષમાં એકાદ વાર કામગીરી બતાડવા પૂરતી રેડ કરે છે તો ધ્રાંગધ્રા પોલીસ કે જિલ્લા આરટીઓ ને ગેરકાયદેસર પાસ પરમીટ વગર ખુલ્લેઆમ ખનીજ ચોરી કરતાં નંબર વગરના ડમ્ફરો નજરે જ નથી ચઢતા. તો બીજી તરફ ધ્રાંગધ્રાના યુવાન પ્રાંત અધિકારી હર્ષદીપ આચાર્ય દ્વારા પંથકમાં બેરોકટોક ચાલતા ખનન સામે લાલઆંખ બતાડતા નજરે ચઢી રહ્યા છે જો કે નવી જગ્યાએ શરૂઆતમાઁ રોફ જમાવવા અધિકારીઓ જે રીતની કામગીરી બતાડે છે એવી શરૂઆતી કામગીરી જ બની રહેશે કે પરિસ્થિતિ પોતાના તાબે નજરે ચઢતા અધિકારી પોતે પણ અન્ય પ્રશાસન જેમ ધ્રુતરાષ્ટ્ર વાળી લાઈનમાં બેસી ને અંધાપો બતાડશે એ જોવાનું મહત્વનું બની રહેશે. હાલ તો ધ્રાંગધ્રા પ્રાંત અધિકારી હર્ષદીપ આચાર્ય એ ગઈકાલે મોડી રાત્રે ધાંગધ્રા અમદાવાદ હાઈવે પર કોઈ પણ જાતની પાસ પરમીટ વગર ગેરકાયદેસર રીતે ખનીજ વહન કરતાં રેતી ભરીને જતો એક ડમ્ફર વાહનને ઝડપીને સેવાસદન ખાતે રાખવામાં આવ્યા હતા જેમાં સરેઆમ ગેરકાયદેસર ખનન માઁ તમામ નિયમો ની ઐસીતૈસી કરવામાં આવતી જોવા મળી હતી.



# જૂનાગઢ: નજીવી બાબતે યુવાન પર હુમલો

## તુ અમારા વિસ્તારમાંથી કેમ નિકળે છે કહી હથીયાર વડે પાંચ શખ્સો તુટી પડયા

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જૂનાગઢમાં પાંચ શખ્સો એ ''તું અમારા વિસ્તારમાંથી કેમ નીકળે છે'' એમ કહી ધારીયા, પાઈપ, ધોકા વડે હુમલો કરી ઈજા પહોંચાડી હોવાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

જુનાગઢના મતવાવાડ જેલ રોડ પર રહેતા રમીઝખાન ઉર્ફે ભાવનગરી યુસુફખાન પઠાણ (ઉ.વ.૨૩) એ એ ડિવિઝન પોલીસમાં એવા મતલબની ફરિયાદ નોંધવી છે કે, અબ્બાસ ઈબ્રાહીમ કુરેશી, અસ્લમ ઉર્ફે લાલો ઈબ્રાહીમ કુરેશી, જાકીર વહાબ કુરેશી, સાહબાઝ જાફર શેખ તથા કરીમ આમદ સીડા એ પ્રાણઘાતક હથીયારો ધારણ કરી, એક સંપ થઈ આવી પોતાનો સમાન ઈરાદો પાર પાડવા સારૂ આ કામના ફરીયાદીને ઉભો રાખી તુ કેમ અમારા વિસ્તાર માથી નીકળેલ છે તેમ કહી ગાળો કાઢી, અસ્લમ ઉર્ફે લાલો ઈબ્રાહીમ કુરેશી એ પોતાની પાસેના ધારીયા વડે ફરીયાદીને માથામા પાછળના ભાગે મારી નાખવાના ઈરાદે જીવલેણ ઘા કરી, તથા અબ્બાસ ઈબ્રાહીમ કુરેશી એ પોતાની પાસેની છરી કાઢી ફરીયાદીને છરી ઘોસી દેવાની ધમકી આપી, તથા જાકીર વહાબ કુરેશી એ પોતાની પાસેના લોખંડના પાઈપ વડે ફરીયાદીને ખભા ઉપર માર મારી તથા સાહબાઝ જાફર શેખ નાએ પોતાની પાસેના લાકડાના ધોકા વડે તથા કરીમ આમદ સીડા એ પોતાની પાસેની લાકડી વડે ફરીયાદીને માર મારી, ફરીયાદીને જમીન ઉપર પછાડી દઈ પાંચેય આરોપીઓએ એક સંપ થઈ, ગેરકાયદેસર મંડળી રચી, હુલ્લડ કરી, ફરીયાદીને મારી નાખવાના ઈરાદે જીવલેણ હુમલો કરી જીલ્લા મેજી.ના હથીયારબંધીના જાહેરનામો ભંગ કરેલ છે.

રમીઝખાન ઉર્ફે ભાવનગરી યુસુફખાન પઠાણની ફરિયાદના આધારે એ ડિવિઝન પોલીસે અબ્બાસ ઈબ્રાહીમ કુરેશી, અસ્લમ ઉર્ફે લાલો ઈબ્રાહીમ કુરેશી, જાકીર વહાબ કુરેશી, સાહબાઝ જાફર શેખ તથા કરીમ આમદ સીડા સામે ગુન્હો નોંધ્યો છે, જેની તપાસ એ ડિવિઝનપી.એસ.આઈ.પી.કે.ગઢવી ચલાવી રહ્યા છે.

# ભાયાવદરમા જાહેરનામાના ભંગ કરતા બે શખ્સો ઝડપાયા

**અબતક, રાજકોટ**

હાલ સમગ્ર દેશમાં તંગદીલી જેવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે ત્યારે રાજય સરકાર દ્વારા લગ્ન પ્રસંગ કે કોઈ ઉત્સવમાં ફટાકડા કે ડ્રોન ના ઉપયોગ પર મનાઈ ફરમાવી જાહેરનામુ બહાર પાડયું છે. ત્યારે આ જાહેરનામાં ભંગ ની એસીતેસી કરીને ભાયાવદરમાં ફટાકડા ફોડતા બે શખ્સોને પોલીસે ઝડપી લીધા હતા. ભાયાવદર શહેરમાં લગ્ન પ્રસંગમાં રાજય સરકારના જાહેરનામાનો ભંગ કરી જાહેરમાં ફટાકડા ફોડતા યોગેશ સુરેશભાઈ જાવીયા (ઉ.વ.૨૬) રહે મોડિયા (શેર) અને અમન નયનભાઈ જીવાણી (ઉ.વ.૨૯) રહે મયુરનગર ભાયાવદર સામે ભાયાવદર પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. વીરમભાઈ રામભાઈ વાણવીએ ફરીયાદી લેતી બન્ને શખ્સો ભારતની ન્યાય સહિતા કલમ ૨૨૩ મુજબ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરેલ હતી.



# ધ્રાંગધ્રા: ઘોડીપાસાની જુગાર કલબ પકડાય

## એલસીબીએ દરોડો પાડી ચાર શખ્સની કરી ધરપકડ

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધાંગધ્રા દિલ્હી દરવાજા પાસે જાહેરમાં ગુડી પાસાનો જુગાર રમતા એલ સી બી એ છાપો મારીને ચાર જુગારીઓને રોકડ રકમ ૧૪,૫૦૦ રૂપિયા સાથે ચાર આરોપી ને ઝડપી લીધા હતા .

ધ્રાંગધ્રા સીટી વિસ્તારોમાં પેટ્રોલિંગ દરમિયાન ચોક્કસ બાતમી આધારે ,હેડ કોસ્ટેબલ, પરીક્ષિતસિંહ ઝાલા, યશપાલસિંહ રાઠોડ, પ્રતાપસિંહ,સ્ટાફ એ દિલ્હી દરવાજા નજીક જાહેરમાં ગુડી પાસાનો જુગાર રમતા રેડ કરી જુગાર રમતા જુગારીઓને ઝડપી પાડ્યા હતાં. જો કે જાહેરમાં કુંડાળું કરી જુગાર માં ચાર ઈસમો ને એલ સી બી ટીમને જોઈ ફફળી ઉઠ્યા હતા અને નાસી છૂટવા પ્રયત્ન કર્યો હતો પણ કડકાઈથી કામ લઈને જુગાર રમતા પકડી પાડી ત્યાં જ પંચોની હાજરીમા જડતી સહીતની કાર્યવાહી કરીને આરોપી અબ્દુલભાઈ અલારખાભાઈ જામ, અશરફ રસુલભાઈ સંધી, હબીબ મોહમ્મદભાઈ બ્લોચ, યોગેશ ઉર્ફે પીન્ટુ મંગાભાઈ વાઘેલા આરોપીઓને ઝડપી પાડ્યા હતા જુગારીઓને રોકડ રકમ ૧૪,૫૦૦ ના મુદ્દામાલ સાથે પકડી પડ્યા હતા આરોપી સામે જુગારધારાની કલમ ૧૨ મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાટે સીટી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.



# જસદણ: ખડવાવડી ગામે ફરિયાદ કરીશ તો જાનથી મારી નાખવાની દંપતિને ધમકી


## રાજકોટનો માથાભારે શખ્સ સહિત છ શખ્સો સામે નોંધાતો ગુનો

**અબતક, જસદણ**

જસદણ તાલુકાના ખડવાવડી ગામની સીમમાં જુના ઝઘડાનો ખાર રાખી દંપતિને જાનથી મારી નાખવાની ધમકી આપી પોતાની જમીનમાં પ્રવેશતા અટકાવવાનો પ્રયાસ કરનાર રાજકોટનો માથાભારે શખ્સ અને મહિલા સહિત સાત શખ્સો સામે ભાડવા પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી છે. વધુ વિગત મુજબ જસદણ તાલુકાના ખડવાવડી ગામે રહેતા વિજયભાઈ ગોકળભાઈ લાંબરીયા નામના પશુપાલકે રાજકોટના રયબા ઉર્ફે રૈયા મેરા બાંભવા, ખડવાવડીનો પોપટ સિંધા બાંભવા, વિહા સીંધા બાંભવા, વાલા ધુધા બાંભવા, પ્રભાબેન ધના બાંભવા, ગોવિંદ ધુધા બાંભવા અને રામા ઉર્ફે ભુપત ભીખા બાંભવા સહિતના શખ્સો જમીનના મનદુઃખ બાબતે ઝઘડો કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. પોલીસ ફરીયાદમાં જણાવ્યા પ્રમાણે ફરીયાદીની જમીનની બાજુમાં સરકારી ખરાબાની જમીનમાં આરોપીનો કબ્જો હોવાથી તેનો હલણનો રસ્તો ફરીયાદી ના ખેતરમાંથી કાઢવા બાબતે ચાલતી માથાકુટનો ખાર રાખી ઉપરોકત શખ્સોને ખેતરની ફેન્સીંગ તોડી પાડી અને પતાવી દેવાની ધમકી આપ્યાનું જણાવ્યું હતું.

## વડીયાની ચોરીનો વોંટેન્ડ શખ્સ ગોંડલ પોલીસના હાથે ઝડપાયો

**અબતક,જીતેન્દ્ર આચાર્ય,ગોંડલ**



અમરેલીનાં વડીયામાં છ મહીના પહેલા થયેલી ઘરફોડ ચોરીનાં નાશતા ફરતા રીઢા આરોપીને એલસીબીએ જડપી લઈ કાર્યવાહી હાથ ધરી છે. પ્રાપ્ત વિગત મુજબ એલસીબી પીઆઈ ઓડેદરા, પીએસઆઈ ગોહેલ તથા સ્ટાફનાં બાલકૃષ્ણ ત્રિવેદી, અનિલ ગુજરાતી, જયવિરસિંહ રાણા, ભગીરથસિંહ જાડેજા,ભાવેશ મકવાણા સહિત પેટ્રોલીંગમાં હતા ત્યારે ગોમટા ચોકડી પાસે શંકાસ્પદ હાલતમાં પસાર થતા મુળ વાંસાવડ નાં હાલ દેરડીધાર જેતપુર રહેતા હરેશ વલકુભાઈ ચારોલીયાને જડપી લઈ પુછપરછ કરતા વડીયામાં છ મહીના પહેલા ઘરફોડ કરી હોવાનુ જણાવ્યુ હતુ.વધુ પુછપરછમાં ગોંડલ, જશદણ, જેતપુર, અમરેલી, તાલાળા તથા ધારીમાં પણ ઘરફોડ ચોરીમાં પોલીસ ચોપડે ચડી ચુક્યાનું બહાર આવ્યુ છે.

# પડધરીના મોવિયા ગામેથી ૧૫ બોટલ દારૂ સાથે ભરત પરમાર ઝડપાયો

## રહેણાંક મકાનમાંથી દારૂ મળેલો દારૂ જાવિદ મકરાણીએ મોકલ્યાનો ખુલાસો

**અબતક, રાજકોટ**

પડધરીના મોવિયા ગામના રહેણાંક મકાનમાંથી શરાબની ૧૫ બોટલ સાથે ભરત પરમાર ઝડપાયો છે જ્યારે જાવિદ મકરાણી નામના શખ્સની શોધખોળ શરૂ કરી છે.

પડધરી પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે , મોવિયા ગામે રહેતો ભરત પીઠાભાઈ પરમાર નામના શખ્સે તેના મકાનમાં વિદેશી દારૂનો જથ્થો છુપાવ્યો છે. બાતમીના પગલે પડધરી પોલીસની ટીમ મોવિયા ગામે પહોંચી મકાનની તલાસી લેતાં વિદેશી દારૂની ૧૫ બોટલ મળી આવતા પોલીસે વિદેશ દારૂ સાથે ભરત પરમારને ઝડપી લીધો હતો.

ઝડપાયેલા શખ્સની દારૂ અંગે પૂછપરછ કરતા તેની સાથે પડધરીમાં રહેતો જાવિદ હનીફભાઈ મકરાણી નામના શખ્સની સંડોવણી હોવાની કબૂલાત આપતા પોલીસે જાવિદની શોધખોળ હાથ ધરી છે.

## પડધરી શાક માર્કેટમાં માથાકૂટ યુવાન પર ધોકા વડે હુમલો


### જૂની અદાવતનો ખાર રાખી જગદીશ સોલંકીને માર મરાયો

**અબતક, રાજકોટ**

પડધરીના ગીતાનગર સો વારીયા પ્લોટમાં રહેતા યુવાન પર અગાઉના મનદુખે મારામારીના બનાવમાં યુવાનને ઈજાગ્રસ્ત હાલતમાં સિવિલમાં સારવારમાં ખસેડવામાં આવ્યો હતો. પ્રાપ્ત વિગત અનુસાર પડધરીના ગીતા નગર સો વારીયા પ્લોટમાં રહેતા જગદીશભાઈ સોલંકી(ઉ.વ.૨૭) ગઈકાલે શાક માર્કેટમાં હતા. ત્યારે જુના ઝગડાનું મન દુખ રાખી દેવરાજભાઈ કાનાભાઈએ ઝઘડો કરી ધોકા વડે મારતા પ્રથમ પડધરી સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં પ્રાથમિક સારવાર મેળવ્યા બાદ ઈજાગ્રસ્ત જગદીશભાઈ સોલંકીને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ અંગે પડધરી પોલીસે તપાસ હાથ ધરી છે.

# યંગ ઈન્ડિયા ગ્રુપ વૃધ્ધાશ્રમમાં માતૃવંદના સાથે મધર્સ ડે ઉજવ્યો

## માતાઓને સાડીના સેટ તેમજ જીવન જરૂરીયાતની કીટ આપી આશીર્વાદ મેળવ્યા



**અબતક,ઋષી મહેતા**

મોરબીના યંગ ઈન્ડિયા ગ્રુપ દ્વારા મધર્સ ડે નિમિતે સ્થાનિક વૃદ્ધાશ્રમની માતાઓને સાડીનો સેટ તથા જીવન જરૂરી ચીજવસ્તુઓ આપી માતૃવંદના કરવામાં આવી. માતાઓ ભાવુક બની અને સભ્યોને આશીર્વાદ આપ્યા હતા.

મોરબી શહેરમાં સામાજિક સેવા અને રાષ્ટ્રીય ભાવનાથી પ્રેરિત યંગ ઈન્ડિયા ગ્રુપ દ્વારા મધર્સ ડે નિમિતે એક અનોખી ઉજવણી કરવામાં આવી હતી. મોરબીના સ્થાનિક વૃદ્ધાશ્રમની વૃદ્ધ માતાઓ માટે આ દિવસે ખાસ કાર્યક્રમ યોજી તેમના માટે સન્માન અને પ્રેમ વ્યક્ત કરવામાં આવ્યો હતો. યંગ ઈન્ડિયા ગ્રુપના સભ્યો દ્વારા વૃદ્ધાશ્રમમાં રહેતી માતાઓને સાડીનો સેટ તેમજ જીવન જરૂરિયાતોની કીટ ભેટમાં આપવામાં આવી હતી. આ પ્રસંગે માતાઓ ભાવુક બની ગઈ હતી.

આ તકે ગ્રુપના મેન્ટોર દેવેનભાઈ રબારીએ જણાવ્યું હતું કે, જનની અને જન્મભૂમિ સ્વર્ગથી પણ મહાન છે. માતાનું સ્થાન ક્યારેય કોઈ લઈ શકતું નથી. તેમના માટે કરેલુ સ્નેહભર્યુ સન્માન એ સાચા અર્થમાં જીવનમૂલ્યો જાળવવાનો પ્રયાસ છે. યંગ ઈન્ડિયા ગ્રુપ હંમેશાં દરેક તહેવારને સામાજિક સંદેશ સાથે ઉજવવાની અનોખી પદ્ધતિ અપનાવતું આવ્યું છે. ત્યારે મધર્સ ડે જેવા દિવસને માત્ર સ્મૃતિ તરીકે નહીં, પરંતુ એક જીવંત અભિવ્યક્તિ રૂપે ઉજવીને માતૃત્વના ભાવને ઉજાગર કર્યો હતો.

# અમદાવાદના ટુરિઝમ એજન્ટ દ્વારા વિદેશ ટૂરના નામે લાખો રૂપિયાની ઠગાઈ

## વૈશવી ટુરીઝમના ડિરેક્ટર દંપતિએ મોરબીના ખેડૂત સહિત ચાર લોકો સાથે છેતરપિંડી કરી

**અબતક, ઋષિ મહેતા**

મોરબીના નિવૃત ખેડૂત અને તેના મિત્રને અમેરિકા લગ્ન પ્રસંગમાં જવાનું હોય, ત્યારે અમદાવાદની વૈશવી ટુરિઝમમાં અમેરિકાની ટૂર માટે ટિકિટ અને પેકેજ બુકિંગના બહાને ખેડૂત સહિત અન્ય ત્રણ પાસેથી ૭.૭૧ લાખ રૂપિયા અલગ અલગ બેંક ખાતામાં ટ્રાન્સફર કરાવી ટીકીટ ઓન હોલ્ડ આપી, ટિકિટ કન્ફર્મ ન કરીને છેતરપિંડી કરી હોય ત્યારે સમગ્ર બનાવ મામલે બંને આરોપી પતિ-પત્ની સામે મોરબી સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવાઈ છે.

મોરબીમાં પટેલ સોસાયટી બી-૬ રવાપર રોડ ખાતે રહેતા ૭૦ વર્ષીય ખેડૂત રમેશભાઈ બાલુભાઈ ઉઘરેજાએ મોરબી સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદ મુજબ, રમેશભાઈ અને તેમના મિત્ર વસંતભાઈ અંબાલાલ પટેલને તેમના અન્ય મિત્ર મુકેશભાઈ પંચાલના દીકરાના લગ્ન પ્રસંગમાં અમેરિકા જવાનું હોય જેથી મુકેશભાઈ તથા રમેશભાઈના બહેનના આગ્રહ કરવાથી અમેરિકા જવાની ટીકીટ અને ટૂર પેકેજ અમેરિકા તથા અમદાવાદમાં કાર્યરત વૈશવી ટુરીઝમ પ્રા. લિ. માં કરવાનું નક્કી કર્યું હતું, જે ટૂર પેકેજના કુલ રૂપિયા ૭.૭૧ લાખમાંથી રૂ.૩.૧૪ લાખ રમેશભાઈ અને વસંતભાઈએ તથા રૂ. ૧.૬૫ લાખ રમેશભાઈના બેન મીનાબેને તથા રૂ.૨.૯૦ લાખ મુકેશભાઈ પંચાલે વૈશવી ટુરીઝમના ડિરેક્ટર મહર્ષિ દવે અને તેમના પત્ની ભાવિકાબેન દવેના જણાવ્યા મુજબના બેંક ખાતાઓમાં ટ્રાન્સફર કર્યા હતા. ત્યારે અમદાવાદમાં કાર્યરત વૈશવી ટુરીઝમ પ્રા. લિ.ના ડાયરેક્ટર મહર્ષિભાઈ પ્રવીણભાઈ દવે અને તેમની પત્ની ભાવીકાબેન મહર્ષિભાઈ દવેને રકમ મળ્યા બાદ, તેમના તરફથી ૧ એપ્રિલ ૨૦૨૫ માટેની ફ્લાઈટ ટિકિટ ઈલેક્ટ્રોનિક માધ્યમથી મોકલવામાં આવી, જે 'ઓન હોલ્ડ' સ્ટેટસમાં હતી. જે બાદ ટિકિટ કન્ફર્મ મોકલી આપવાનું કહી, કન્ફર્મ ટીકીટ માટે અનેકવાર સંપર્ક કરવા છતાં કોઈ પ્રતિસાદ મળ્યો નહીં. ઉલટા, ફોન પણ રિસીવ ન કરી બંને આરોપીઓએ ઈરાદાથી વિશ્વાસઘાત કરી છેતરપિંડી કર્યાનું સામે આવ્યું હતું. હાલ રમેશભાઈની ફરિયાદને આધારે પોલીસે આઈટી એક્ટ સહિતની કલમો હેઠળ બંને આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી શરૂ કરી છે.

# વાંકાનેર: મેસરીયા ગામે બાઈક સ્લીપ થતા યુવકનું મોત

**અબતક, ઋષિ મહેતા**

વાંકાનેર તાલુકાના મેસરીયા ગામે રહેતા લાલજીભાઈ ગોવિંદભાઈ સાકળીયા ઉવ.૩૪ ગઈ તા.૦૩ અપ્રિલના રોજ મોટર સાયકલ લઈને જતા હતા, ત્યારે મેસરીયા ગામ પાસે કોઈ કારણોસર મોટર સાયકલ સ્લીપ થઈ જતા પગના ભાગે તેમજ શરીરે ગંભીર ઈજાઓ થતા સારવાર અર્થે પ્રથમ વાંકાનેર સરકારી હોસ્પિટલ બાદ રાજકોટ સરકારી હોસ્પિટલમાં દાખલ કર્યા હતા, જે બાદ ત્યાંથી વાંકાનેરની પ્રાઈવેટ હોસ્પિટલમા સારવાર લીધી હતી, ત્યારે લાલજીભાઈને રજા આપી દેતા, તેઓ ઘરે જતા રહેલ હોય. જે બાદ ગઈકાલ તા.૧૦ મે ના રોજ લાલજીભાઈને ફરી પાછો દુખાવો ઉપડતા તેઓને બેભાન હાલતમા રાજકોટ સરકારી હોસ્પિટલ ખાતે સારવારમા લઈ જતા, જ્યાં સારવારમા દાખલ કરેલ હોય, ત્યારે ચાલુ સારવાર દરમ્યાન લાલજીભાઈનું મૃત્યુ નીપજ્યું હતું, મૃત્યુના બનાવ અંગે વાંકાનેર તાલુકા પોલીસે અ. મોતની નોંધ કરી આગળની ઘટિત કાર્યવાહી હાથ ધરી છે.

# ટંકારા: વાહન પલ્ટી જતા ૧૫ લોકોને ઈજા, ડ્રાઈવર વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ

## રાજકોટના ખીજડીયા ગામે પ્રસંગમાં જતી વેળાએ કેટરર્સના વાહનને નડયો અકસ્માત

**અબતક, ઋષિ મહેતા**

મોરબી-રાજકોટ હાઈવે પર ટંકારા તાલુકાના વિરપર ગામ નજીક એક કેરી વાહન પલ્ટી મારી જવાની ઘટનામાં કેટરિંગ માટે ધાર્મિક પ્રસંગે જતા ૧૫ જેટલા લોકો ઈજાગ્રસ્ત થયા હતા. અકસ્માત સર્જનાર કેરી વાહનના ચાલક આરોપી સામે ટંકારા પોલીસ સ્ટેશને ગુનો દાખલ કર્યો છે.પ્રાપ્ત માહિતી મુજબ, મોરબીના વણકરવાસ શેરી નં.૨ માં રહેતા હંસાબેન હિંમતભાઈ જાદવ ઉવ.૩૫ દ્વારા આરોપી કેરી વાહનચાલક નરેશભાઈ કણજારીયા રહે. મોરબી વાળા વિરુદ્ધ ટંકારા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી જાહેર કર્યું કે મોરબી-રાજકોટ હાઈવે પર વિરપર ગામ નજીક કેરી વાહન રજી. નં. જીજે-૩૬-વી-૮૭૮૦ પલ્ટી ખાઈ ગયું હતું. આ વાહનમાં કેટરિંગના કામ માટે યુવતીઓ અને મહિલાઓ સહિત કુલ ૧૫ લોકો રાજકોટના ખીજડિયા ગામે ધાર્મિક પ્રસંગે ભોજન પીરસવા જઈ રહ્યા હતા. ત્યારે અચાનક કેરી વાહન ચાલક દ્વારા રોડ ઉપર કાવો મારતા ડ્રાઈવરે સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવ્યો અને વાહન રોડ પર પલ્ટી ખાઇ ગયું હતું. આ અકસ્માતમાં કેટલાક લોકોને નાની મોટી ઈજાઓ તો કેટલાકને ફ્રેક્ચર જેવી ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્તોને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા મોરબી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. હાલ ટંકારા પોલીસે કરી વાહનના ચાલક આરોપી વિરુદ્ધ ગુનો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ડો.હસ્તલેખાના આરોગ્ય કેમ્પનો ૧૦૦થી વધુ દર્દીઓએ લાભ લીધો

## સ્વ. અર્ચિતાબેન રીંડાણીની પ્રથમ પૂણ્યતિથિએ આરોગ્ય ચેક અપ કેમ્પ યોજાયો



**અબતક,ઋષી મહેતા**

મોરબીના કલિકા પ્લોટ વિસ્તારમાં બાવા અહેમદશાની મસ્જિદ ખાતે ૧૧ મે ૨૦૨૫ના રોજ ડો. હસ્તલેખાબેન મહેતાનો ૧૭૮મો આરોગ્ય કેમ્પ યોજાયો હતો. આ કેમ્પ સ્વ. અર્ચિતાબેન હેમંતકુમાર રીંડાણીની પ્રથમ પુણ્યતિથિ નિમિતે તેમના માતા-પિતા દ્વારા સુયોગ્ય આયોજન સાથે યોજેલ આ આરોગ્ય કેમ્પમાં ૧૦૦થી વધુ દર્દીઓએ તબીબી તપાસ અને દવાઓનો લાભ લીધો હતો.

મોરબી શહેરના કલિકા પ્લોટ વિસ્તારમાં આવેલ બાવા અહેમદશાની મસ્જિદ ખાતે નિઃશુલ્ક આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ડો. હસ્તલેખા (હસ્તી)બેન મહેતાનો ૧૭૮મો કેમ્પ સ્વ. કુમારી અર્ચિતાબેન હેમંતકુમાર રીંડાણી ની પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ નિમિતે તેમની માતા નયનાબેન અને પિતા હેમંતકુમાર રીંડાણી દ્વારા આયોજિત હતો. કેમ્પમાં આશરે ૧૦૦થી વધુ દર્દીઓએ ઉપસ્થિત રહી તબીબી સેવા લીધી હતી. કેમ્પ દરમ્યાન દર્દીઓનું વજન માપવામાં આવ્યું, જરૂરિયાત મુજબ બ્લડ શુગર ટેસ્ટ, બીપી ચેક અને ત્રણ દિવસની દવા આપવામાં આવી હતી. આંખોની તપાસ સુરેશભાઈ કાલરિયા દ્વારા કરાઈ હતી. જ્યારે કુદરતી પદ્ધતિ દ્વારા સાંધા, હાથ-પગ તથા કમરના દુખાવાની સારવાર જયસુખભાઈ ભાલોડીયા દ્વારા પોઈન્ટ પદ્ધતિથી કરવામાં આવી હતી. દર્દીઓએ આ સારવારથી દુખાવામાં રાહતનો અનુભવ કર્યો હતો.

કેમ્પ સહાયકો તરીકે ચંદ્રલેખાબેન મહેતા, રશ્મિનભાઈ દેસાઈ, નિશાબેન દેસાઈ, દર્શનબેન ત્રિવેદી અને કૌશિકાબેન રાવલે સેવા આપી હતી.

# વાંકાનેરના કુંભારપરામાં તીનપત્તીનો જુગાર રમતા ૬ ઝડપાયા

**અબતક, ઋષિ મહેતા**

વાંકાનેર ટાઉનમાં કુંભારપરા ભઠ્ઠી વિસ્તારમાં ખુલ્લા પટ્ટમાં જાહેરમાં ગંજીપત્તાના પાના વડે તીનપત્તીનો પૈસાની હારજીતનો જુગાર રમતા મુકેશભાઈ ભોગીલાલ શાહ ઉવ.૫૯ રહે.જીનપરા વાંકાનેર, વિનોદગીરી જમનાગીરી ગૌસ્વામી ઉવ.૭૦ રહે.જીનપરા ભાટીયા શેરી વાંકનેર, રૈયાભાઈ મનજીભાઈ ડાભી ઉવ.૬૭ રહે. જીનપરા શેરી નં-૧૨ વાંકાનેર, અતાહુશેન હાતીમભાઈ ત્રિવેદી ઉવ.૫૦ રહે.વોરાવાડ શેરી નં-૦૪ વાંકાનેર, સતારભાઈ અબ્દુલભાઈ ભાડુલા ઉવ.૫૨ રહે. ખાટકીવાસ બસ સ્ટેશન પાસે સુરેન્દ્રનગર તથા કેશુભાઈ પોપટભાઈ માલકીયા ઉવ.૬૩ રહે. વીશીપરા સરધારકા રોડ વાંકાનેર વાળાને રોકડા રૂ.૭,૩૭૦/-સાથે ઝડપી લેવામાં આવ્યા હતા. વાંકાનેર તાલુકા પોલીસે તમામ આરોપીઓ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# માળીયા(મી): સરવડ ગામે ગાળો બોલવા બાબતે છરી-ધારીયા ઉડયા

## ત્રણ વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ

**અબતક, ઋષિ મહેતા**

માળીયા(મી) તાલુકાના સરવડ ગામે ધાર્મિક પ્રસંગના જમણવાર સમયે ગાળો બોલવાની ના પાડતા, જે બાબતે ઉશ્કેરાયેલ ત્રણ શખ્સો દ્વારા છરી, ધારીયા જેવા ઘાતક હથિયારો વડે બે લોકો ઉપર હુમલો કરવાની ઘટનામાં ત્રણ પિતા-પુત્રો સામે ફરિયાદ નોંધાઈ છે.

મળતી માહિતી અનુસાર, માળીયા(મી) તાલુકાના સરવડ ગામે જુના વણકરવાસમાં રહેતા દિપકભાઈ વિરજીભાઈ મુછડીયા ઉવ.૨૭ એ આરોપી અરવિંદભાઈ રણછોડભાઈ પરમાર, તુલસીભાઈ રણછોડભાઈ પરમાર તથા રણછોડભાઈ પરમાર બધા રહે-સરવડ ગામ વાળા વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી કે ગત તા.૧૦/૦૫ના રોજ સરવડ ગામે નરસંગ ભગવાનનો પાઠ હોય ત્યાં જમણવાર પ્રસંગે અરવિંદભાઈ ગાળો બોલતા હોય ત્યારે તેઓને ગામના પંકજભાઈ દ્વારા ગાળો બોલવાની ના પાડતા, પંકજભાઈ અને અરવિંદભાઈ વચ્ચે સામાન્ય બોલાચાલી થયેલ હોય જે બાબતે સારૂ નહી લાગતા, ત્રણેય પિતા પુત્રો હાથમાં છરી ધારીયા લઈને આવી, પંકજભાઈને ત્રણેય જણા ભુંડી ગાળો બોલી આરોપી તુલસીભાઈએ છરી વડે પંકજભાઈને પેટના ભાગે તથા ખંભા નીચે ઈજા પહોંચાડી હતી, તે દરમિયાન ફરિયાદી દીપકભાઈ છુટા પડાવવા વચ્ચે પડતા તેઓને પણ છરી અને ધારીયા વડે ઈજાઓ પહોંચાડી ત્રણેય ભેગા મળી ભુંડી ગાળો બોલી ઢીકા પાટુનો મુંઢ માર માર્યો હતો. જે બાદ બન્ને ઈજાગ્રસ્તોને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડતા, જ્યાં ત્રણેય આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા, પોલીસે આરોપીઓ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મહિલા વિદેશી દારૂની સાથે પકડાયી

**અબતક, ઋષિ મહેતા**

મોરબી શહેર પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન લાતી પ્લોટ વિસ્તારમાં શેર નં. ૮ માં એક મહિલા શંકાસ્પદ હાલતમાં એક થેલો લઈને ઉભેલ હોય, જેથી પોલીસે તેની પાસે રહેલ થેલાની તલાસી લેતા તેમાંથી વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની ત્રણ શીલપેક બોટલ કિ.રૂ.૯૦૦/- મળી આવતા, આરોપી જરીનાબેન સલીમભાઈ ગુલામહુશેન ભટી ઉવ.૩૪ રહે. લાતી પ્લોટ શેરી નં. ૮ મોરબીવાળીની અટક કરવામાં આવી હતી, આ સાથે પોલીસે એ ડિવિઝન પોલીસ મથક ખાતે આરોપી મહિલા વિરુદ્ધ પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

# જિ.પં. આરોગ્ય શાખા આયોજીત રકતદાન કેમ્પમાં ૩૦૮ બોટલ રકત એકત્રીત

**અબતક, ઋષી મહેતા**

મોરબી જીલ્લા પંચાયત આરોગ્ય શાખા અને વિવિધ આરોગ્ય સંસ્થાઓના સહયોગથી મહેન્દ્રનગર, વાંકાનેર અને ટંકારામાં બે દિવસીય રક્તદાન કેમ્પ યોજાયો હતો. જેમાં ૩૦૮ યુનિટ બ્લડ એકત્ર કરવામાં આવ્યું હતું. મોરબી જીલ્લા વિકાસ અધિકારી અને મુખ્ય આરોગ્ય અધિકારીના માર્ગદર્શન હેઠળ યોજાયેલ આ કેમ્પને લોકપ્રતિનિધિઓ અને અધિકારીઓની હાજરીમાં ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

હાલ યુદ્ધની પરિસ્થિતિમાં લોહીની વધતી જરૂરિયાતને પહોંચી વળવા માટે મોરબી જીલ્લા પંચાયતની આરોગ્ય શાખા દ્વારા મહારકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પનું આયોજન જીલ્લા વિકાસ અધિકારી જે.એસ. પ્રજાપતિ તથા મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો. પી.કે. શ્રીવાસ્તવના માર્ગદર્શન હેઠળ અને તાલુકા હેલ્થ કચેરી મોરબી, વાંકાનેર, ટંકારા તેમજ બ્લડ બેન્ક અને જીએમઈઆરએસ મેડિકલ કોલેજ મોરબીના સહયોગથી કરવામાં આવ્યું હતું. આ તમામ સ્થળોએ લોકોને રક્તદાન માટે પ્રોત્સાહન આપવા જીલ્લા પંચાયતના પ્રમુખ હંસાબેન પારેઘી, ધારાસભ્ય કાન્તીભાઈ અમૃતિયા, ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરીયા તથા વિવિધ અધિકારીઓએ દિપ પ્રાગટ્ય કરીને કેમ્પનું ઉદઘાટન કર્યું હતું. રક્તદાન કેમ્પમાં મોરબી ખાતે ૨૪ યુનિટ, મહેન્દ્રનગર ખાતે ૫૫ યુનિટ, વાંકાનેર ખાતે ૧૨૫ યુનિટ અને ટંકારા ખાતે ૧૦૪ યુનિટ મળીને કુલ ૩૦૮ યુનિટ બ્લડ એકત્રિત થયું હતું. આ સફળ અભિયાન માટે જીલ્લા વિકાસ અધિકારી અને આરોગ્ય શાખાએ તમામ રક્તદાતાઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

# ઈંધણનો પૂરતો જથ્થો ઉપલબ્ધ: પેટ્રોલીયમ એસો.એ ખાતરી આપી

**અબતક, ઋષી મહેતા**

મોરબી જીલ્લા પેટ્રોલિયમ એસોસિએશનના પ્રમુખે જાહેર જનતાને જણાવ્યું કે હાલની કટોકટી જેવી પરિસ્થિતિમાં પણ તમામ પેટ્રોલ પંપો પર પૂરતો ઈંધણનો જથ્થો ઉપલબ્ધ છે અને જરૂરિયાત પડ્યે સરકારી વાહનો માટે ડીઝલની હોમ ડિલિવરી પણ કરવામાં આવશે. લોકોએ અફવાઓથી દૂર રહી તંત્રને સહકાર આપવાની અપીલ કરી છે.મોરબી જીલ્લા સહિત દેશમાં હાલની અસામાન્ય પરિસ્થિતિને ધ્યાનમાં રાખી પેટ્રોલિયમ એસોસિએશનના પ્રમુખ વિનોદ નાથાભાઈ ડાભી દ્વારા જાહેર જનતાને મહત્વપૂર્ણ માહિતી આપતા તેમણે જણાવ્યું કે, સરકાર તરફથી મળતી તમામ સૂચનાઓ અને માર્ગદર્શિકા અનુસાર મોરબીના તમામ પેટ્રોલ પંપો પર પૂરતો ઈંધણનો પુરવઠો ઉપલબ્ધ છે, સાથે એવી સ્પષ્ટતા કરી છે કે મોરબીમાં પુરવઠાની કોઈ અછત નથી. સાથે સાથે જરૂરીયાત ઉભી થાય તો સરકારી કાર્ય માટે ઉપયોગમાં લેવાતા સરકારી વાહનો માટે ડીઝલની હોમ ડિલિવરી પણ આપવામાં આવશે. વધુમાં તેઓએ જાહેર જનતાને અપીલ કરી કે તંત્ર સાથે સહકાર રાખે, શાંતિ જાળવે અને કોઈ પણ ખોટી અફવોમાં આવવા કે ધ્યાન ન આપવા તેમજ આ સમયે તંત્રની સાથે સહયોગ તથા સહકાર આપવા અનુરોધ કર્યો છે.

# જુગાર રમતા ચાર જુગારી ઝડપાયા

**અબતક, ઋષિ મહેતા**

મોરબી કબીર ટેકરી મેઈન રોડ ઉપર જાહેરમાં ચલણી નોટના નંબર ઉપર પૈસાની હારજીતનો નસીબ આધારિત જુગાર રમતા ચાર ઈસમોને સીટી એ ડિવિઝન પોલીસ દ્વારા ઝડપી લેવામાં આવ્યા છે, જેમાં આરોપી કામરાનભાઈ સલીમભાઈ ઉમરભાઈ ચાનીયા ઉવ.૩૪ રહે. રાજકોટ દૂધ ડેરી ભગવતીપરા શેરી નં.૩ રાજકોટ, બિલાલભાઈ આદમભાઈ ચાનીયા ઉવ.૩૫ મોરબી રણછોડનગર નિધિ પાર્ક, પ્રવીણભાઈ મોહનભાઈ ગોહિલ ઉવ.૩૫ રહે.મોરબી નવલખી રોડ શ્રદ્ધા પાર્ક તથા અશરફભાઈ આમદભાઈ ઓડીયા ઉવ.૫૧ રહે.મોરબી લાતી પ્લોટ શેરી નં.૧૧ જોન્સનગર વાળાની રોકડા રૂપિયા ૧૦,૪૦૦/-સાથે ધરપકડ કરી તમામ આરોપીઓ વિરુદ્ધ જુગારધારા હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે.

# ઈંગ્લીશ દારૂ સાથે એક શખ્સની ધરપકડ

**અબતક, ઋષિ મહેતા**

મોરબી સીટી એ ડિવિઝન પોલીસે શહેરના લીલાપર રોડ સ્મશાન પાસેથી આરોપી નિલેશભાઈ ભરતભાઈ ડાભી ઉવ.૨૦ રહે-સામાકાઠે રામકુવા વાળી શેરી ત્રાજપર ખારી મોરબી વાળાને ઈંગ્લીશ દારૂ ગ્રીન લેબલ એક્સપોર્ટ વ્હિસ્કીની ૪ નંગ બોટલ કિ.રૂ ૨,૮૦૦/- સાથે રંગેહાથ ઝડપી લેવામાં આવ્યો છે,

ત્યારે પોલીસે પકડાયેલ આરોપી વિરુદ્ધ સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં પ્રોહીબિશન એક્ટ હેઠળ ગુનો રજીસ્ટર કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# વાંકાનેર નજીક ટ્રકે મોપેડને હડફેટે લેતા નાની-ભાણેજના મોત

## માટેલથી દર્શન કરી રાજકોટ પરત ફરતી વેળાએ સર્જાયો અકસ્માત: પરિવારમાં અરેરાટ

**અબતક, લીતેશ ચંદારાણા, વાંકાનેર**

વાંકાનેર વઘાસીયા ટોલનાકા પાસે માટેલ મંદિર ખાતેથી દર્શન કરી રાજકોટ તરફ જતાં એકસેસ મોપેડને ટ્રકે હડફેટ લેતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક ચાલક ૧૭ વર્ષીય તરૂણ અને ૭૦ વર્ષીય વૃધ્ધાને ગંભીર ઈજાઓ પહોચી હતી અને બન્નેના મોત થયા હતા.

આ બનાવની મળેલ માહીતી મુજબ વાંકાનેરના વઘાસીયા ટોલનાકા પાસે માટેલ મંદિરે દર્શન કરી રાજકોટ પરત ફરતા એકસેસ મોપેડ નં. આરજે ૧૪ જીએલ૮૯૮૧ ના ચાલકે હડફેટે લેતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં બાઈક ચાલક રિકકીભાઈ દિપકભાઈ કવા (ઉ.વ.૧૭) ને ગંભીર ઈજાઓ પહોચતાં બન્નેના મોત થયા હતા. જેથી આ બનાવમાં મૃતક તરુણના મામા અને વૃધ્ધાના પુત્ર પૂર્વેશભાઈ પરમારએ ટ્રક ટ્રેલર ના ચાલક વિરુધ્ધ વાંકાનેર સીટી પોલીસમાં ફરીયાદ નોંધાવી છે.

# વાંકાનેર: જાલી ગામના ખેડૂતના બેંક ખાતામાંથી લિંક દ્વારા રૂપિયા ૭૭,૭૨૮ ઉપડી ગા

## વોટ્સએપમાં આવેલ લિંક ઓપન કરતા ખેડૂતના બેંક ખાતુ સાફ કર્યાની આશંકા

**અબતક, ઋષી મહેતા**

મોરબી જીલ્લામાં વધુ એક સાયબર ફ્રોડના બનાવમાં વાંકાનેર તાલુકાના જાલી ગામના ખેડૂત ભોગ બન્યા છે, જેમાં વોટ્સએપમાં આવેલ અજાણી લિંક ઓપન કર્યા બાદ બેંક ખાતામાંથી રૂપિયા ૭૭,૭૨૮/- ઉપડી ગયા હતા, હાલ ખેડૂતે બેંક ઓફ ઈન્ડિયાના સ્ટેટમેન્ટ ઉપરથી અલગ અલગ બે યુપીઆઈ આઈડી ધારક કે જેમાં રૂપિયા ટ્રાન્સફર થયા હોય તેની વિરુદ્ધ પ્રથમ ઓનલાઈન સાયબર ક્રાઈમ હેલ્પ ઉપર ફરિયાદ કર્યા બાદ વાંકાનેર સીટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા, પોલીસે આરોપી બે યુપીઆઈ આઈડી ધારક વિરુદ્ધ આઈટી એક્ટ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબી જીલ્લામાં સાયબર ગુનાઓમાં સતત વધારો જોવા મળી રહ્યો છે, ત્યારે તાજેતરમાં વાંકાનેર તાલુકાના જાલી ગામના રહેવાસી હૈદરઅલી આહમદભાઈ કટીયા ઉવ.૭૦ એ વાંકાનેર સીટી પોલીસ મથકે પોતાની ફરિયાદમાં જણાવ્યા અનુસાર, ગઈ તા. ૧૭ માર્ચ ૨૦૨૫ના રોજ રાત્રીના તેમને મોબાઈલ પર બે ટેક્સ્ટ મેસેજ મળ્યા હતા, જેમાં તેમના વાંકાનેરની બેંક ઓફ ઈન્ડિયાના ખાતામાંથી રૂ. ૪૮,૮૦૮ અને રૂ. ૨૮,૯૨૦ મળીને કુલ રૂ. ૭૭,૭૨૮ ઉપડી ગયા હતા. આ ઓનલાઈન છેતરપિંડીના બનાવ થયાને ચાર પાંચ દિવસ પહેલાં, તેમના સબંધીના નંબર ૯૦૩૩૩૩૨૬૨૨ પરથી વોટ્સએપ પર એક અજાણી લિંક આવી હતી, જેને તેમણે અજાણતા ઓપન કરી હતી, જેને કારણે પૈસાની હેરફેર થઈ હોવાની આશંકા વ્યક્ત કરી હતી. વધુમાં ભોગ બનનાર દ્વારા બેંક સ્ટેટમેન્ટ્સ મેળવી જોતા ઉપરોક્ત રૂપિયા બે જુદા જુદા યુપીઆઈ આઈડી 507602917384/DR/DHAMJI/R s'p UPI/ 507602917565/DR/DHAMJI/R- ધારકમાં ટ્રાન્સફર થયા હતા.

આ મામલે ભોગ બનનાર હૈદરઅલી કટીયાએ પ્રથમ ૧૯૩૦ સાયબર ક્રાઈમ હેલ્પલાઈન પર ઓનલાઈન ફરિયાદ નોંધાવી અને ત્યારબાદ વાંકાનેર સીટી પોલીસ મથકમાં લેખિત ફરિયાદ આપી છે. પોલીસે અજાણ્યા આરોપી વિરુદ્ધ આઈટી એક્ટ સહિતના કાયદા હેઠળ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

# કાર મંગાવી આપવાની લાલચ આપી પોલીસમેન સહિત ત્રણ સાથે ૯.૫૧ લાખની ઠગાઈ

## ડાઉન પેમેન્ટના નામે કિરણ મોટર્સ હિંમતનગરની ખોટા સહી સિક્કાવાળી પહોંચ આપી ત્રણેયને મોરબીના ભેજાબાજે બાટલીમાં ઉતાર્યા

**અબતક, ઋષી મહેતા**

મોરબીના વાંકાનેરમાં ફરજ બજાવતા પોલીસકર્મી અને તેમના બે મિત્રોને મોરબીના મિતરાજસિંહ નામના શખ્સે કાર મંગાવી આપવાની લાલચ આપી ડાઉન પેમેન્ટના નામે ત્રણ અલગ અલગ બેંક ખાતામાં કુલ રૂ. ૯.૫૧ લાખ ઓન લાઈન પેમેન્ટ મેળવી છેતરપીંડી કર્યાનો બનાવ પ્રકાશમાં આવ્યો છે.

મળતી માહિતી અનુસાર, વાંકાનેરના સરધારકા ગામના જયદીપભાઈ જીવરાજભાઈ ડાભી ઉવ. ૨૮, જે હાલ વાંકાનેર સીટી પોલીસ સ્ટેશનમાં કોન્ટેબલ તરીકે ફરજ બજાવે છે, તેમણે મોરબી સીટી એ ડિવિઝન પોલીસ મથકે નોંધાવેલી ફરિયાદ મુજબ, ડિસેમ્બર ૨૦૨૪માં તેમણે પોતે અને તેમના બે મિત્ર મહેશભાઈ માલકીયા અને રવિભાઈ મેર સાથે મળીને મિતરાજસિંહ નિર્મળસિંહ સરવૈયા રહે.મોરબી મારફતે કાર બુક કરાવવાનું નક્કી કર્યું હતું. ત્યારે આરોપી મિતરાજસિંહે તેમને હિંમતનગર કીરણ મોટર્સમાંથી મારૂતી સુઝુકી ફ્રોન્સ કાર રૂ.૭.૯૫ લાખમાં મળી જશે એવું જણાવી મિતરાજસિંહ, તેમનો ભાગીદાર મયુરસિંહ ઝાલા રહે.રાજકોટ અને પોતાના પિતા નિર્મળસિંહ સરવૈયાના નામના ત્રણ અલગ અલગ બેંક ખાતામાં ડાઉન પેમેન્ટના નામે ત્રણેય પાસેથી કુલ રૂ. ૯.૫૧ લાખ જમા કરાવ્યા હતા. ત્યારબાદ વોટ્સએપ દ્વારા કીરણ મોટર્સ હિંમતનગરની ખોટા સહી સિક્કાવાળી પહોંચ મોકલાઈ હતી.

જે બાદ જયા ફરિયાદી જયદીપભાઈના મિત્રએ કીરણ મોટર્સ હિંમતનગર સંપર્ક કર્યો ત્યારે તેમને જાણવા મળ્યું કે માત્ર રૂ. ૫,૦૦૦ જ બુકિંગ પેટે જમા થયા છે અને બાકીની કોઈ રકમ તેઓના શો-રૂમમાં જમા કરાઈ નથી. આથી ફરિયાદીઓને પોતાની સાથે છેતરપિંડી થયાની જાણ થઈ હતી. ત્યારે જયદીપભાઈએ આ મામલે ૧૯૩૦ સાયબર હેલ્પલાઈન પર પણ ફરિયાદ કરી હતી. હાલ મોરબી સીટી એ ડિવિઝન પોલીસે આરોપી મીતરાજસિંહ, તેના પિતા નિર્મળસિંહ અને તેનો ભાગીદાર મયુરસિંહના બેંક એકાઉન્ટના ખાતા નંબર ઉપરથી ત્રણેય વિરુદ્ધ આઈટી એક્ટ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# પૂર્વ આરોગ્ય મંત્રી હેમાબેન આચાર્યનું જુનાગઢમાં ૯૩ વર્ષની જૈફ વયે નિધન

## જનસંઘના પાયાના પથ્થર એવા પ્રખર જનસંઘી આજીવન ખાદીધારી અને ભાજપના વરિષ્ઠ આગેવાન પૂર્વ આરોગ્ય મંત્રી હેમાબેન આચાર્યનું ટૂંકી બીમારી બાદ નિધન થતા અંતિમ યાત્રામાં નામી-અનામી લોકોએ શ્રદ્ધાસુમન અર્પણ કર્યા



**અબતક, દર્શન જોષી, જુનાગઢ**

ગુજરાત રાજ્યના પૂર્વ આરોગ્ય મંત્રી જુનાગઢ નગરપાલિકાના પૂર્વ પ્રમુખ તથા ભાજપના પેઢ મહિલા અગ્રણી અને જુના જનસંઘી એવા હેમાબેન આચાર્યનું ગઈકાલે સવારે અવસાન થયું. જૂનાગઢમાં ગમકીની વ્યાપી જવા પામી હતી અને તેમના નિવાસસ્થાને જુનાગઢ સહિત સૌરાષ્ટ્ર ગુજરાતના રાજકીય સામાજિક અગ્રણીઓ પહોંચ્યા હતા અને એમાં બેનને શ્રદ્ધા સુમનના અર્પણ કર્યા હતા સાંજે હજારો લોકો ની ઉપસ્થિતિ વચ્ચે હેમા પેઢી અંતિમયાત્રા નીકળી હતી

હેમાબેન મંત્રી હતા તે દરમ્યાન જ મચ્છુડેમ તુટયો અને મોરબીમાં જળ હોનારત થઈ ત્યારે તેઓ દિલ્હી બેઠકમાં ગયા હતા ત્યાંથી તુરત રેલ્વેમાં વડોદરા સુધી પહોંચ્યા અને ચોમાસાનો સમય હોઈ લીંબડી વિસ્તારમાં ભોગાવા નદીનુ પાણી ફરી વળ્યા હતા ત્યારે તેઓ ટ્રકમાં બેસીને મોરબી પહોંચ્યા હતા. મોરબી હોનારત સમયે બાબુભાઈ જશાભાઈ પટેલ સરકારનુ આખુ મંત્રીમંડળ સતત એકમાસ મોરબી રહીને કાર્ય સંપન્ન કર્યુ હતુ. તેમાં આરોગ્ય મંત્રી તરીકે હેમાબેને જે કામ કર્યુ તે બદલ ઈન્ટર નેશનલ રોટરી કલબ દ્વારા '' જીન હેરીઝ એવોર્ડ '' તેમને પ્રાપ્ત થયેલ હતો.હેમાબેન સૂર્યકાંતભાઈ આચાર્ય પરિવાર પર વડાપ્રધાન નરેન્દ્ર મોદી, લક્ષ્મણરાવ ઈનામદાર (વિકલ સાહેબ), નટવરસિંહજી વાઘેલા, અટલજી, કુશભાવ ઠાકરે,, સુંદરસિંહજી ભંડારી, રાજમાતા સિંધયાજી, કેશુભાઈ પટેલ, હરિસિંહજી ગોહિલ, ચીમનભાઈ શુકલ, દતો પંતજી નો પુરો સ્નેહ રહયો હતો. હેમાબેનના અવસાનના સમાચાર સાંભળતા જ જુનાગઢના સાંસદ રાજેશ ચુડાસમા, ધારાસભ્ય સંજય કોરડીયા, અર્જુનભાઈ મોઢવાડિયા, દેવાભાઈ માલમ, સહકારી ક્ષેત્રના અગ્રણી ડોલરભાઈ કોટેચા, દિલીપભાઈ સંઘાણી, ડો. ડી.પી. ચીખલીયા, મેયર ધર્મેશ પોશીયા, ડે.મેયર આકાશ કટારા, સ્ટેન્ડિંગ ચેરમેન પલ્લવીબેન ઠાકર, શાસક પક્ષના નેતા મનન અંબાણી, દંડક કલ્પેશ અજવાણી, પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રભાઈ મશરૂ, ભીખાભાઈ જોશી, પુનીત શર્મા, અશોક ભટ્ટ, યોગી પઢિયાર, અમર ડેરી ચેરમેન અશ્વિન સાવલિયા, અમરેલી ખરીદ વેચાણ સંઘના પ્રમુખ જેન્તીભાઈ પાનસુરીયા સહિતના જુનાગઢ સહિત રાજ્ય ભરમાંથી આવી પહોંચેલા.રાજકીય, સામાજિક અગ્રણીઓ એ દિવંગત હેમાબેન આચાર્યને શ્રદ્ધા સુમન અર્પિત કર્યા હતા. સદગત હેમાબેનનું બેસણું, પ્રાર્થના સભા ભૂતનાથ મહાદેવ મંદિર ખાતે સાંજના ૪ થી ૬ દરમિયાન રાખેલ છે.વડાપ્રધાને ફોન કરી હેમાબેનના પરિવારજનોને શાંતવના આપી હેમાબેનને માં કહી બોલાવતા અને આચાર્ય પરિવાર સાથે પરિવાર જેવો નાતો ધરાવતા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી એ ફોન કરી હેમાબેનના પરિવારજનોને શાંતવના પાઠવી હતી.

## જસદણ: પૂર્વ આરોગ્ય મંત્રી હેમાબેનને શ્રધ્ધાંજલી આપતા શહેર ભાજપ પ્રમુખ વિજયભાઈ રાઠોડ

**અબતક, હિતેશ ગોસાઈ, જસદણ**

જસદણ શહેર ભાજપ પ્રમુખ વિજયભાઈ રાઠોડએ જનસંઘના સ્થાપક સદસ્ય, ભાજપના વરિષ્ઠ આગેવાન અને રાજ્યના પુર્વ આરોગ્યમંત્રી હેમાબેન આચાર્યના નિધન અંગે શોક વ્યક્ત કરી જણાવ્યું હતું કે હેમાબેન આપણી વચ્ચે નથી એવું જાણવામાં આવતાં શોકની લાગણી અનુભવી હતી વિજયભાઈએ વધુમાં જણાવ્યું હતુ કે ભારતીય જનતા પાર્ટીના એક સૈનિક તરીકે જવાબદારીપૂર્વક અને વફાદારી કામગીરી કરી હતી ખાસ કરીને તેઓ વર્ષો પહેલાં રાજ્યના આરોગ્ય પ્રધાન તરીકે જબરજસ્ત કામગીરી કરી દર્દીઓ માટે અનેક સુવિધાઓ ઉભી કરી તે લોકોને આજીવન યાદ રહેશે પાર્ટીના લોકો પણ ખોટું કરતાં હોય તો તેમની સામે પણ અવાજ ઉઠાવ્યો છે આવા મહામાનવનું યોગદાન જીવંત રહેશે વિશ્વકર્મા દાદા સદ્દગત હેમાબેનને સદ્દગતી અર્પે અને તેમના પરિવારજનોને આ કારમું દુઃખ સહન કરવાની શક્તિ આપે એવી પ્રાર્થના વિજયભાઈએ અંતમાં કરી હતી.

# ધ્રાંગધ્રા: મેલડીમાં મિત્ર મંડળ આયોજીત નવરંગો માંડવો રંગેચંગે સંપન્ન

## લીમડાવાળા મેલડી માતાજી મંદિરે ૫૦૦૦ ભકતોએ મહાપ્રસાદનો લીધો લાભ



**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધાંગધ્રામાં રોકડીયા સર્કલ પાસે લીમડા વાળા મેલડી માતાજીના સાનિધ્યમાં નવરંગા માંડવાનું આયોજન કરવામાં આવ્યું હતું. મેલડીમાં મિત્ર મંડળ ગ્રુપ દ્વારા આ માંડવાનું આયોજન કરવામાં આવ્યું હતુ સવારથી જ માતાજીના મંદિરે ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી મહા આરતી મહાપ્રસાદ ધરવામાં આવ્યો હતો જેમાં પૂર્વ કેબિનેટ મંત્રી પાલિકા પ્રમુખ, હાજરી આપી હતી.

ધાંગધ્રા શહેરી વિસ્તારમાં આવેલ રોકડીયા સર્કલ પાસે લીમડા વાળા મેલડી માતાજીના સાનિધ્યમાં નવરંગા માંડવાનું આયોજન કરવામાં આવ્યું હતું. મેલડીમાં મિત્ર મંડળ ગ્રુપ દ્વારા આ માંડવાનું આયોજન કરવામાં આવ્યું હતુ માતાજીના મંદિરે ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી જેમાં પૂર્વ કેબિનેટ મંત્રી આઈ કે જાડેજા નગરપાલિકા પ્રમુખ કુલદીપસિંહ ઝાલા સંગઠનના કાર્યકરોએ હાજરી આપી હતી જેમાં મહા આરતી મહાપ્રસાદ ધરવામાં આવ્યો હતો બપોરના સમયે ૫૦૦૦ થી વધુ લોકોએ મહાપ્રસાદ નો લાભ લીધો હતો છેલ્લા દસ વર્ષથી મેલડી માતાજીના સાનિધ્યમાં નવરંગા માંડવાનું આયોજન કરવામાં આવે છે રાત્રિના સમયે નામાંકિત કલાકારો દ્વારા ડાક ડમરૂ ની રમઝટ બોલાવવામાં આવી હતી બહોળી સંખ્યામાં લોકો ડાક ડમરૂ ની રમઝટ માણવા ઉમટી પડ્યા હતા સમગ્ર મંદિર પ્રાંગણ જય માં મેલડી માતાજીના નાદ થી ગુંજી ઉઠ્યું હતુ

# કચ્છ-પાટણ આહીર મંડળે ભાતૃભાવના સાથે દેશ સેવા માટે લીધા સંકલ્પ

## અંજાર પ્રાંત કચેરી ખાતે પત્ર પાઠવી બનતા તમામ પ્રયત્નો કરવાનો સંકલ્પ કર્યો

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

શ્રી કચ્છ પાટણ આહીર મંડળ દ્વારા અંજાર પ્રાંત કચેરી ખાતે પત્ર પાઠવીને જણાવવામાં આવ્યું કે,હાલ દેશના સરહદી વિસ્તારમાં વિકસતી તણાવભરી પરિસ્થિતિને કારણે સમગ્ર દેશ ચિંતિત છે. જો આપત્તિરૂપ સંજોગોમાં યુદ્ધની પરિસ્થિતિ સર્જાય, તો અમારો સમાજ આપણા રાષ્ટ્રની સેવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. કંડલા પોર્ટની બાજુમાં કોઈપણ ગતિવિધિ થાય તો ભારાપર હાજલદાદાની જાગીર લોકોની સેવા કરવા માટે તત્પર છે. તથા તુણા બંદરની આજુબાજુ કોઈપણ ગતિવિધિ થાય તો જોગણીનાર માતાજીની જગ્યા દેશના લોકોની સેવા માટે તત્પર છે. આ બને જાગીર આહીર સમાજ દ્વારા સંચાલન થાય છે. તો આ બંને જગ્યા પર લોકોની ખાવા-પીવા અને રહેવાની વ્યવસ્થા આહીર સમાજ દ્વારા કરવામાં આવશે. આ બને જાગીર દેશની સેવા માટે કટીબદ્ધ છે. સમાજના યુવાનો કોઈપણ પ્રકારના માનવીય સહકાર્ય માટે તથા કોઈપણ વ્યવસ્થાના ભાગ રૂપે પ્રસાસનને સહકાર આપવા આતુર છે. અત્રે આ દેશને અમારાથી શક્ય હોય ત્યાં સુધી સેવા આપવા માટે અમારો સમાજ દ્વારા પવિત્ર સંકલ્પ લેવામાં આવ્યો છે.

## મોરબી: ધરમપુર ગામે પાર્ક કરેલા બાઈકની ચોરી

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબી રવાપર ગામ સીટી હાઈટ્સ એપાર્ટમેન્ટ બ્લોક નં.૨૦૧ માં રહેતા મૂળરહે. ગ્રીન ચોક નજીક પારેખ શેરી વાળા સુજ્ઞેશભાઈ ચંદુલાલ પાટડીયા ઉ.વ-૩૫ બાઇક ચોરી થાય અંગે સીટી એ ડિવોઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી કે ગઈ તા.૦૨ ફેબ્રુઆરી પોતાનું હીરો કંપનીનું કાળા રંગનુ સ્પલેન્ડ પ્રો. મોટર સાઈકલ રજી.નં. જીજે-૧૩-એલએલ-૩૫૪૯ ધરમપુર ગામની સીમ, રવીરાજ ચોકડીથી મોરબી જતા રોડ પર મચ્છુ-૦૩ પુલના ખુણે રોડની સાઈડમાં જાહેરમાં પાર્ક કર્યુ હોય, ત્યારે તા.૦૨/૦૨થી ૦૩/૦૨ના સાંજના ૬ વાગ્યાના સમયગાળા દરમિયાન ઉપરોક્ત બાઈક કોઈ અજાણ્યા ચોર ઈસમ દ્વારા ચોરી કરીને લઈ ગયા હોય, ત્યારે સુજ્ઞેશભાઈએ પ્રથમ ઈ-એફઆઈઆર બાદ તાલુકા પોલીસ મથકમાં લેખિત ફરિયાદ નોંધાવતા, પોલીસે બાઈક ચોરી અંગે આરોપી અજાણ્યા વાહન ચોર વિરુદ્ધ ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# સહકારી ક્ષેત્રને નવી દિશા આપનાર ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણીનો જન્મદિવસ



દિલીપભાઈ સંઘાણી માત્ર ગુજરાતના જ નહીં, પરંતુ રાષ્ટ્રીય સ્તરે સહકારી ક્ષેત્રે એક જાણીતું નામ છે. તેમનો આજે જન્મદિવસ છે તેઓ ઈન્ડિયન ફાર્મર્સ ફર્ટિલાઇઝર કોઓપરેટિવ લિમિટેડ (ઈફકો)ના ચેરમેન તરીકે કાર્યરત છે. તેમનો જન્મ ૧૨ મે, ૧૯૫૪ના રોજ અમરેલી જિલ્લામાં થયો હતો. તેમનું જાહેર જીવન લાંબુ અને વિવિધ સિદ્ધિઓથી ભરેલું છે. ૨૦૦૭ થી ૨૦૧૨ દરમિયાન નરેન્દ્રભાઈ મોદીની સરકારમાં કૃષિ, સહકાર અને પશુપાલન વિભાગના કેબિનેટ મંત્રી તરીકે તેમણે સેવાઓ આપી હતી. ૧૯૯૦માં સ્વ. ચીમનભાઈ પટેલની સરકારમાં માર્ગ અને મકાન વિભાગના રાજ્યકક્ષાના પ્રધાન હતા.તેઓ અમરેલી મતવિસ્તારનું ત્રણ વખત (૧૯૮૫, ૧૯૯૦, ૨૦૦૭) પ્રતિનિધિત્વ કરી ચૂક્યા છે. અમરેલી લોકસભા મતવિસ્તારમાંથી તેઓ ચાર વખત (૧૯૯૧, ૧૯૯૬, ૧૯૯૮, ૧૯૯૯) સંસદ સભ્ય તરીકે ચૂંટાયા હતા. ગુજરાત ભાજપના ઉપાધ્યક્ષ (૨૦૦૧-૨૦૦૪) અને પ્રદેશ મંત્રી (૧૯૮૨-૧૯૯૨) તરીકે પણ કામ કર્યું છે. સહકાર સેલના રાષ્ટ્રીય કન્વીનર તરીકે તેમણે ૨૦૦૪ થી ૨૦૦૭ સુધી સેવા આપી હતી. ચેરમેન, ગુજકોમાસોલ (અમદાવાદ): તેઓ ગુજરાત સ્ટેટ કોઓપરેટિવ માર્કેટિંગ ફેડરેશન લિમિટેડ (ગુજકોમાસોલ)ના ચેરમેન છે ચેરમેન, અમરેલી ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ બેન્કઃ ૨૦૦૦ થી આજદિન સુધી તેઓ આ બેન્કના ચેરમેન તરીકે કાર્યરત છે. તેઓ નેશનલ એગ્રીકલ્ચરલ કોઓપરેટિવ માર્કેટિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ (નાફેડ)ના વાઇસ ચેરમેન પણ રહી ચૂક્યા છે. તેઓ ઈન્ડિયન ફાર્મર્સ ફર્ટિલાઈઝર કોઓપરેટિવ લિમિટેડ (ઈફકો)ના ચેરમેન છે અને તાજેતરમાં જ તેઓ બીજી વખત આ પદ પર બિનહરીફ ચૂંટાયા છે. ઈફકો એ ભારતના ખેડૂતોની સૌથી મોટી સહકારી સંસ્થા છે, જે ખાતર ઉત્પાદન અને અન્ય કૃષિ સંબંધિત સેવાઓ પૂરી પાડે છે. તેમનું ચેરમેન તરીકેનું નેતૃત્વ ઈફકો માટે ખૂબ જ મહત્વનું છે.દિલીપ સંઘાણી છેલ્લા ચાર દાયકાથી ખેડૂતો સાથે જોડાયેલા છે અને રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે સહકારી સંસ્થાઓમાં તેમનું યોગદાન નોંધપાત્ર છે. સહકારી ક્ષેત્રે તેમનો અનુભવ અને ખેડૂતો પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતા ઈફકો માટે ખૂબ જ મૂલ્યવાન સાબિત થઈ રહી છે. ત્યારે તેમના જન્મદિવસ નિમિત્તે આજે ઠેર-ઠેર થી શુભેચ્છા વર્ષા વરસી રહી છે

# દ્વારકા: શ્રી શ્રી રવિશંકરજીના જન્મોત્સવની કાલે ઉજવણી

## દ્વારકાધીશના મંદિરે ધ્વજારોહણ મહાસુંદર્શન ક્રિયા, સત્સંગ, મહાપ્રસાદી સહિતના શ્રેણીબધ્ધ કાર્યક્રમો યોજાશે



**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**

શ્રી શ્રી રવિશંકર મહારાજના જન્મ દિવસની કાલે દ્વારકા આર્ટ ઓફ યુનિટ દ્વારા દ્વારકા ખાતે ભવ્ય ઉજવણી કરવામાં આવશે. તા.૧૩મીએ મીરા ગાર્ડનમાં સવારે ૬.૩૦ થી ૮.૩૦ ગુરુજીના વોઈસમાં લોંગ એરોબીક યોગા સાથે મહાસુદર્શન ક્રિયા (અંકિત મહેતા સાથે) યોજાશે. બપોરે ૩ કલાકે સંન્યાસ આશ્રમ ખાતે દ્વારકાધીશજીની ધ્વજાનું પુજન, બપોરે ૪ કલાકે શોભાયાત્રા, સાંજે ૭ થી ૯ ગુરૂપૂજા સાથે મહા સત્સંગ, રાત્રે ૯ કલાકે પ્રભુપ્રસાદી સહિતના કાર્યક્રમો યોજાશે.

# ધોરાજી: માવઠાથી તલના પાકનો સોંથ વળતાં કિસાનોના મોં મા આવેલ કોળીયો છીનવાયો

## આ વર્ષે તલનું પુષ્કાળ વાવેતર પરંતુ માવઠાને લીધે ૩ મહિનાની મહેનત પર પાણી !



**અબતક, રમણીક ટોપીયા, ધોરાજી**

રાજકોટના ધોરાજીના ખેડૂતો પણ માવઠાનો માર સહન કરી રહ્યા છે. ઉનાળુ પાક સારો ઉતરશે થશે તેવી આશા સાથે ખેડૂતોએ મગફળી, સોયાબીન, એરંડા, તલ અને મગ જેવા પાકનું વાવેતર કર્યું હતું. જોકે ઉપરાછાપરી થયેલા કમોસમી વરસાદને કારણે ઉનાળું પાક ઉપર કારણે પાણી ફરી વળ્યું છે

સતત પડી રહેલા માવઠાને કારણે ખેડૂતોને મોઢા સુધી આવેલો કોળિયો છીનવાયો છે. ધોરાજી પંથકમાં આ વર્ષે પુષ્કળ પ્રમાણમાં તલનું વાવેતર થયું હતું અને ખેડૂતોએ એક વીઘા દીઠ ૫૦૦૦થી ૬૦૦૦ રૂપિયા નો ખર્ચ કર્યો હતો, પરંતુ માવઠાને કારણે ત્રણ મહિનાની મહેનત પર પાણી ફરી વળ્યા છે.

આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સરકારને તાત્કાલિક સ્થળ સર્વે હાથ ધરવા અને યોગ્ય પંચનામા કરીને ખરેખર અસરગ્રસ્ત ખેડૂતોને સમયસર યોગ્ય સહાય પૂરી પાડવા વિનંતી કરવામાં આવે છે, જેથી તેઓ આ આર્થિક મુશ્કેલીમાંથી બહાર આવી શકે. ખેડૂતોના હિતમાં તાત્કાલિક સહાય કરવા ખેડૂતોની માંગ છે.

# રતનાલમાં કમોસમી વરસાદનો કહેર

## આહિર ઓઈલ ઈન્ડસ્ટ્રીઝ કંપનીના દરવાજા તુટી પડયા



**અબતક, ભારતીમાખીજાણી, ગાંધીધામ**

હવામાન વિભાગની આગાહી મુજબ ગતરોજ અંજારના રતનાલમાં સાંજના પાંચ વાગ્યા પછી સતત બે કલાક સુસવાટા મારતા પવન સાથે વરસાદ પડ્યો હતો.પવન સાથેના આ વરસાદથી રતનાલની આહિર ઓઈલ ઈન્ડસ્ટ્રીઝ નામની કંપનીને મોટું નુકસાન થયું છે. પવનની તીવ્રતાને કારણે કંપનીના દરવાજા તૂટીને પડી ગયા હતા.

આ ઉપરાંત કંપનીમાં રાખેલો ગાયનો ખોળ અને કાચો માલ પલળી ગયો છે. કંપનીના માલિક ભગુ રુપા માતાના જણાવ્યા અનુસાર, આ નુકસાનની કુલ કિંમત અંદાજે ₹૨.૫ લાખથી વધુ થવા જાય છે.

# સુરેન્દ્રનગર: વિવેકાનંદ-૨ સોસાયટીમાં વરસાદી પાણીનો નિકાલ ન થતા હાલાક

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**



સુરેન્દ્રનગર જીલ્લામાં છેલ્લા ચાર-પાંચ દિવસથી હવામાન વિભાગની આગાહીના પગલે વાતાવરણમાં પલટો આવ્યા બાદ કમોસમી વરસાદ ખાબક્યો છે જેમાં શહેરી વિસ્તારમાંપણ કમૌસમી વરસાદ પડતા શહેરના અમુક વિસ્તારોમાં પાણીના નિકાલના અભાવે વરસાદી પાણી ભરાઈ રહેતા મુશ્કેલી પડી રહીછે ત્યારે કમૌસમી વરસાદે વિરામ લીધા બાદ હજુ પણ નવા જંકશન પાસે આવેલ વિવેકાનંદ-૨ સોસાયટીમાં પાણી ભરાઈ રહેતા હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે.

આ અંગે મળતી માહિતી મુજબ સુરેન્દ્રનગર અને વઢવાણ સહિતના શહેરી વિસ્તારોમાં વાતાવરણમાં પલટા બાદ કમૌસમી વરસાદ ખાબક્યો છે ત્યારે આ વરસાદમાં તંત્રની પ્રીમોનસુન કામગીરીની પોલ છતી થઈ ગઈ હોય તેમ લાગી રહ્યું છે છેલ્લા બે દિવસથી શહેરી વિસ્તારમાં કમૌસમી વરસાદે તો વિરામ લઈ લીધો છે પરંતુ અગાઉ પડેલ વરસાદી પાણીનો નિકાલ ન થતાં શહેરના નવા જંકશન રોડ પર અંધવિદ્યાલય પાસે આવેલ વિવેકાનંદ-૨ સોસાયટીમાં પાણી ભરાઈ રહેતા સ્થાનીક રહિશો સહિત વાહન ચાલકોને મુશ્કેલી ભોગવવાનો વારો આવી રહ્યો છે. આ મામલે સ્થાનીક રહિશોના જણાવ્યા મુજબ છેલ્લા ઘણા વર્ષોથી આ વિસ્તારમાં ચોમાસા દરમ્યાન વરસાદી પાણીનો નિકાલ ન થતાં રહિશોને મુશ્કેલીનો સામનો કરવો પડે છે ત્યારે મનપા તંત્ર દ્વારા આ અંગે યોગ્ય કામગીરી કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

# ભચાઉ: તોફાની પવન સાથે વરસતાં વરસાદથી અવાદા સોલાર પ્લાન્ટમાં લાખોનું નુકશાન



**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

ભચાઉ તાલુકાના ગામડાઓમાં તોફાની પવન સાથે કમોસમી વરસાદ વરસ્યો હતો. તોફાની પવન સાથે કમોસમી વરસાદ વરસતા ભચાઉ તાલુકાના રામપર નજીક આવેલ અવાદા સોલાર પ્લાન્ટમાં તોફાની પવન લાગતાં કન્ટેનર હવામાં ઉડતા કન્ટેનર વીજળી સપ્લાય મશીનરી અને તાર ફેંસિગ સાથે અથડાયું હતું. તોફાની પવનને કારણે વીજળી સપ્લાય મશીનરી અને તાર ફેનસિંગ અને પોલમાં ભારે નુકસાન પહોચ્યું હતું. સોલાર પ્લાન્ટના મેનેજર અજીત રાયે જણાવ્યું હતું કે, કૂલ ૨૦થી ૨૫ લાખનું સોલાર પ્લાન્ટમાં નુકસાન પહોચ્યું હતું.

# અમરેલી જિલ્લામાં વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદ: ખેડુતોની મુશ્કેલી વધી

## સતત છઠ્ઠા દિવસે વરસાદ પડતા ખેતરોમાં પાણી ફરી વળ્યા

**અબતક, મેહુલ ત્રિવેદી, ધારી**



ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસોથી ગાજવીજ સાથે કમોસમી વરસાદ થઈ રહ્યો છે, ત્યારે રવિવારે ( ૧૧ મે ૨૦૨૫ ) પોરબંદર, દ્વારકા, અમરેલી સહિતના વિસ્તારોમાં માવઠું થયું છે. હવામાન વિભાગે આગામી ૧૩ મે, ૨૦૨૫ સુધી ગાજવીજ સાથે હળવાથી મધ્યમ કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. જ્યારે રાજ્યમાં

કુલ ૪૪ તાલુકામાં કમોસમી વરસાદ નોંધાયો છે. અમરેલી પંથકમાં કમોસમી વરસાદને પગલે ખેડૂતોના પાક પર પાણી ફરી વળ્યા છે, ત્યારે ભરઉનાળે માવઠું થતાં ખેડૂતોની ચિંતા વધી છે.

ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં કમોસમી વરસાદ પડી રહ્યો છે, ત્યારે અમરેલી જિલ્લામાં અનેક વિસ્તારોમાં સતત છઠ્ઠા દિવસે કમોસમી વરસાદ થયો છે. જેમાં સાવરકુંડલા શહેર અને આસપાસના વિસ્તારો, બગસરા પંથકમાં સાપર, સુડાવડ ગામ, વડેરા, નાના ભંડારીયા, ચલાલા શહેર સહીત આસપાસના ગ્રામ્ય વિસ્તારો, સાવરકુંડલા શહેર, લાઠી સહિતના અનેક વિસ્તારોમાં ગાજવીજ સાથે કમોસમી વરસાદ થતાં ખેડૂતોના ઉનાળુ પાકને નુકસાન થયુ હોવાથી મુશ્કેલીમાં મુકાયા છે. અમરેલી પંથકમાં ભારે કમોસમી વરસાદને પગલે ખેડૂતોના પાકને ભારે નુકસાન થયું હોવાનું સામે આવ્યું છે. ભરઉનાળે વરસાદ થતાં ખેડૂતાના પાક પર પાણી ફરી વળ્યા હતા. જ્યારે કેટલાક ખેતરોમાં પાણી ભરાયા હોવાનું સામે આવ્યું છે.

# સામાન્ય વરસાદમાં જ આદિપુરમાં પાણી ભરાયા



**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

આદિપુરમાં ગતરોજ પડેલા સામાન્ય વરસાદે શહેરના અનેક વિસ્તારોમાં પાણી ભરી દીધા હતા. નીચાણવાળા વિસ્તારોમાં ઠેર ઠેર પાણી ભરાતાં લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. રસ્તાઓ પર પાણી ભરાઈ જવાથી વાહનચાલકોને પણ મુશ્કેલી પડી હતી.

દુકાનદારોએ જણાવ્યું હતું કે થોડા વરસાદમાં જ આવી સ્થિતિ સર્જાઈ છે તો વહેલી તકે પાણીનો નિકાલ કરવામાં આવે તેવી અપીલ મહાનગરપાલિકાને કરી હતી.

# જાહેરમાં બીભત્સ ચાળા કરનારને ચોટીલા પોલીસે ભણાવ્યા પાઠ

## મોહસીન લોલાડિયાને નિવસ્ત્ર વિડિયો સોશિયલ મીડિયા પર મૂકવાનું ભારે પડ્યું

**અબતક રણજીતસિંહ ધાંધલ ચોટીલા**

ચોટીલાના યુવાને નિવસ્ત્ર હાલતમાં વિડીયો ઉતારી સોશિયલ મીડિયા પર અપલોડ કરવાની ઘટના પોલીસને ધ્યાને આવતા તાત્કાલિક જાહેરમાં બીભત્સ ચાળા કરનાર યુવાનને કાયદાના સકંજામાં લઈ પાઠ ભણાવ્યા હતા.



આ અંગે પ્રાપ્ત વિગત મુજબ રાજકોટ પોલીસ મહાનિરીક્ષક અશોકકુમાર યાદવ અને નાયબ પોલીસ મહાનિરીક્ષક ડો.ગિરીશ પંડ્યાની સૂચનાના પગલે સોશિયલ મીડિયા પર નિવસ્ત્ર વિડીયો અપલોડ કરનાર યુવાનને દબોચી લીધો હતો.

આ અંગે પ્રાપ્ત વિગતો મુજબ ચોટીલાના યુએફ ટાઉનશીપ, સનસાઈન સ્કુલ પાછળ રહેતા મોહસીન બાલાભાઈ લાલોડીયાએ ઘરમાંથી નીવસ્ત્ર હાલતમાં બહાર નીકળતો હોય તેવો વિડિયો સોશિયલ મીડિયા પર અપલોડ કરી વાયરલ કરવામાં આવ્યો હતો. પોલીસે આ વિડીયોના આધારે તપાસ હાથ ધરીને મોહસીન લાલોડીયાને ઝડપી લીધો હતો તેની સામે જીપી એકટ કલમ ૧૧૦/૧૧૭ મુજબ ગુનો નોંધી ચોટીલા પોલીસે તપાસ હાથ ધરી છે.

# પાકિસ્તાનના સમર્થનમાં સ્ટેટસ મુકનાર ગદ્દારને ઝડપી લેવાયો

**અબતક, નવિનગીરી ગોસ્વામી, ભુજ**

પાકિસ્તાનના સમર્થનમાં સોશિયલ મીડિયામાં પોસ્ટ મુકનાર ગદ્દારને ભુજ સાયબર ક્રાઈમ પોલીસે ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. વર્તમાન સ્થિતિમાં પહેલગામ આતંકવાદી હુમલામાં ભારતીય નાગરિકોની હત્યા બાદ ભારતે ઓપરેશન સિંદૂર હાથ ધરી એર સ્ટ્રાઈક કરી ૧૦૦ થી વધુ આતંકવાદીઓનો ખાતમો બોલાવ્યા બાદ બંને દેશો વચ્ચે વર્તમાન પરિસ્થિતિ અનુસંધાને સોશિયલ મીડિયાના માધ્યમથી દેશ વિરુદ્ધ ખોટા પ્રોપગેંડા તથા ખોટા સમાચાર ફેલાવનારા પર નજર રાખવા અંગે બોર્ડર રેન્જના આઈજી ચિરાગ કોરડીયાની સૂચનાને પગલે બોર્ડર રેન્જ ભુજ સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા સોશિયલ મીડિયા ઉપર બાજ નજર રાખવામાં આવી રહી હતી.

દરમિયાન પોલીસની ટીમને ખાનગી રહે હકીકત મળી હતી કે, અનીશ આબિદ અલી ભાન ઉ. વ. ૨૬ રહે તૈયબા ટાઉનશીપ, સંજોગ નગર, ભુજ વાળાએ બંને દેશો વચ્ચે વર્તમાન પરિસ્થિતિ અનુસંધાને પોતાના સોશિયલ મીડિયા પર પોતે પાકિસ્તાનના સમર્થનના સ્ટેટસ મુકેલ હોય જે અલગતાવાદી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપતું હોય તેમજ ભારતના સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાને ભયમાં મૂકતું સ્ટેટસ તેણે પોતાના સોશિયલ મીડિયા પર મુકતા આ શખ્સને હ્યુમન તેમજ ટેકનીકલ એનાલિસિસના આધારે ઝડપી લઈ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

# ગણપતનગર વિસ્તારમાં મસાલો આપવાના પ્રશ્ને પાનના વેપારી પર બે શખ્સોનો હુમલો

**અબતક, જામનગર**

જામનગરમાં ગણપત નગર વિસ્તારમાં પાનની દુકાન ચલાવતા એક વેપારી ઉપર પાન મસાલા આપવાના મામલે બે શખ્સોએ તકરાર કરી છરી વડે હુમલો કર્યા ની ફરિયાદ પોલીસમાં નોંધાવવામાં આવી છે.

આ બનાવની વિગત એવી છે કે જામનગરમાં દિગજામ સર્કલ પાસે રહેતા અને ગણપત નગર વિસ્તારમાં પાનની દુકાન ચલાવતા અજય જીવરાજભાઈ પરમાર નામના ૨૭ વર્ષના વેપારીએ પોતાના ઉપર છરી વડે હુમલો કરી ઈજા પહોંચાડવા અંગે સાગર ઉર્ફે એસ. કે. અને તેના એક સાગરીત સામે ફરિયાદ નોંધાવી છે. જયારે ઈજાગ્રસ્ત યુવાનને જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં સારવાર આપવી પડી છે.

પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર ફરિયાદી વેપારી ગઈકાલે રાત્રે પોતાની દુકાને પાન મસાલા નો વેપાર કરતો હતો, જે દરમિયાન બંને આરોપીઓ પાન-મસાલો ખાવા આવ્યા હતા, અને પોતાને ઝડપથી પાન મસાલા આપવા બાબત તકરાર કરી હતી, અને વેપારી યુવાન પર છરી વડે હુમલો કરી દીધો હોવાનું પોલીસમાં જાહેર થયું છે. જેવુંઆરોપીઓ ભાગી છૂટ્યા હોવાથી પોલીસ બંનેને શોધી રહી છે.

# પાટણવાવ લેન્ડ ગ્રેબિંગના ગુનામાં ત્રિપુટી ઝડપાઈ

## મકાનમાં ગેરકાયદે કબ્જો જમાવનાર માતા અને બે પુત્રોને પકડી લેવાયા

**અબતક, રમણિક ટોપીયા, ધોરાજી**

પાટણવાવ પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ લેન્ડ ગ્રેબિંગના ગુનામાં સંડોવાયેલ આરોપીઓને સત્વરે પકડી પાડવાની ઉચ્ચ અધિકારીઓની સૂચનાને પગલે મદદનીશ પોલીસ અધિક્ષક સિમરન ભારદ્વાજ ના સીધા માર્ગદર્શન હેઠળ અલગ અલગ ટીમો કાર્યરત હતી. દરમિયાન પાટણવાવ અને ધોરાજી પોલીસની ટીમો દ્વારા મહિલા સહિત ત્રિપુટીને ઝડપી લેવામાં આવી છે.પ્રાપ્ત વિગત અનુસાર



પાટણવાવ પોલીસ સ્ટેશન વિસ્તારના સીટી સર્વે નંબર ૪૨૫ ના કુલ ૧૯૮.૧૯ ચોરસ મીટરવાળું રહેણાંક મકાન ફરિયાદી રસિકભાઈ ભીખુભાઈ સાવલિયાવાળાની વડીલો પારજિત માલિકીનું હોય જે મકાનનો કબજો ગેરકાયદેસર પડાવી લેવા અંગે પાટણવાવ પોલીસ મથકમાં એન્ટી લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ ગુનો નોંધાયો હતો. જે ગુનો નોંધાયા બાદ આરોપીઓ ભૂગર્ભમાં ઉતરી જતા પાટણવાવ પોલીસ તથા ધોરાજી વિભાગની પોલીસે વિશાલ દિનેશભાઈ લાલકીયા, અમિત દિનેશભાઈ લાલકીયા અને વનિતાબેન દિનેશભાઈ લાલકિયા (રહે તમામ પાટણવાવ, ધોરાજી, રાજકોટ)ને ઝડપી લીધા હતા.

# લાલપુરના મોટા લખિયા ગામના મકાનમાં જુગાર રમતી બે મહિલા સહિત આઠ ઝડપાયા

## ખંભાળીયા, સલાયા અને લાલપુરના પત્તાપ્રેમીઓ પાસેથી ૫૩ હજારની રોકડ સહિત રૂ. ૧.૭૦ લાખનો મુદામાલ કબ્જે કરતી એલસીબી

**અબતક, જામનગર**

જામનગરની લોકલ ક્રાઈમ બ્રાન્ચ ની ટીમે ચોક્કસ બાતમીના આધારે લાલપુર તાલુકાના મોટા લખીયા ગામમાં રહેતા એક ખેડૂત શખ્સ ના રહેણાક મકાન પર જુગાર અંગે દરોડો પાડયો હતો, અને જામનગર ખંભાળિયા,સલાયા અને લાલપુર પંથકમાંથી જુગાર રમવા માટે આવેલા બે મહિલા સહિતના આઠ સ્ત્રી પુરુષોની અટકાયત કરી લઈ તેઓ પાસેથી રોકડ રકમ અને જુગારનું સાહિત્ય કબજે કર્યું છે.



આ દરોડા ની વિગત એવી છે કે લાલપુર તાલુકાના મોટા લખિયા ગામમાં રહેતો અને ખેતી કામ કરતો ગંભીરસિંહ કરણસિંહ જાડેજા નામનો ખેડૂત, કે જે પોતાના મકાનમાં જુગારધામ ચલાવી રહ્યો છે, અને તેના ઘરમાં જામનગર-લાલપુર- ખંભાળિયા- દ્વારકા સહિતના પતાપ્રેમીઓ જુગાર રમવા માટે આવે છે, જેમાં સ્ત્રીઓ પણ સામેલ છે, જે ચોક્કસ બાતમીના આધારે ગઈકાલે રાત્રે એલસીબીની ટુકડીએ દરોડો પાડ્યો હતો. જે દરોડા દરમિયાન મકાન માલિક સહિત ૮ સ્ત્રી પુરુષો જુગાર રમતાં મળી આવ્યા હતા. આથી એલસીબી ની ટુકડીએ મકાન માલિક ગંભીરસિંહ કરણસિંહ જાડેજા, ઉપરાંત જામનગર નજીક સિક્કા પાટીયા પાસે રહેતી સગુણાબેન પ્રવીણભાઈ ખાડેખા (ઉ.વ ૪૫), તેમજ જામનગરમાં ગોકુલધામ સોસાયટીમાં રહેતી મીનાબા ધીરુભા ચુડાસમા (ઉ.વ.૩૭), ઉપરાંત ખંભાળિયા ના વતની બસીર અબ્બાસ ભાઈ વાઘેર, સલાયા ના વતની આબિદ ઈકબાલભાઈ બારૈયા, ખંભાળિયા ના રહેવાસી અમૂલ વસંતભાઈ પંચમતીયા, નાના આંબલા ગામના રહેવાસી મામદ આદમભાઈ સંધિ, તેમજ સલાયામાં રહેતા ઈકબાલ સીદિકભાઈ બારૈયા વગેરેની અટકાયત કરી લીધી છે. પોલીસે બનાવના સ્થળેથી રૂપિયા ૫૩.૭૪૦ ની રોકડ રકમ, રૂપિયા ૧૭,૦૦૦ની કિંમતમાં સાત નંગ મોબાઈલ ફોન તેમ જ બે મોટર સાયકલ સહિત રૂપિયા ૧,૭૦,૭૦૦ ની માલમતા કબજે કરી છે.

# ચોટીલાના ભીમગઢ ગામે સર્પ દંશથી આધેડ મહિલાનું મોત

## બપોરે ખેતીકામ પૂર્ણ કરી ઓસરીમાં સુતા હતા ત્યારે કાળોતરો કરડી ગયો

**અબતક, રાજકોટ**

ચોટીલાના ભીમગઢ ગામે બપોરે ખેતરમાં કામ કરી ઓસરીમાં સુતેલ મહિલાને સાપ કરડી જતા સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

આ અંગે પ્રાપ્ત વિગત એવી છે કે, ભીમગઢ ગામની સીમમાં ખેતરે કામ કરીને બપોરે ઓસરીમાં સુતી વખતે ગૌરીબેન મનસુખભાઈ ધરજીયા(ઉ.વ.૫૦)ને સાપ કરડી જતા પ્રથમ ગીરીરાજ હોસ્પિટલ કુવાડવામાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા. ગૌરીબેનની તબિયત વધુ નાજુક જણાતા રાજકોટ સિવિલમાં સારવાર માટે લાવવામાં આવતા ચાલુ સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. વાડી માલિક ગૌરીબેનના અવસાનથી બે દીકરી અને એક દીકરાએ માતાનું છત્ર ગુમાવતા પરિવારમાં શોક છવાયો છે.

# માણાવદરમાં પૈસાની લેતી-દેતીમાં યુવકની હત્યા

## વોંકળામાંથી ૨૪ વર્ષીય યુવકનો મૃતદેહ મળ્યો : બે આરોપીઓને ઝડપી લેવાયા

**અબતક, મિલન જોષી, જૂનાગઢ**

માણાવદર શહેરમાં કૃષ્ણા હોટલ નજીક વોંકળામાંથી ૨૪ વર્ષીય રોહિત સોલંકી નામના યુવકનો મૃતદેહ મળી આવ્યો છે. મેંદરડા બાટવા રોડ પરથી પસાર થતા એક વ્યક્તિએ સવારે ૩ વાગ્યા આસપાસ વોંકળામાં મૃતદેહ જોયો હતો. તેણે તરત જ માણાવદર પોલીસને જાણ કરી હતી.

માણાવદર પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને યુવકના મૃતદેહને માણાવદર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. માણાવદર પીઆઈ પારગીના જણાવ્યા મુજબ, આ હત્યા પાછળનું કારણ પૈસાની લેતી-દેતી છે. ત્રણ આરોપીઓએ મળીને રોહિત સોલંકીની હત્યા કરી હતી.પોલીસે આ કેસમાં બે આરોપીઓની ધરપકડ કરી લીધી છે. એક આરોપીને પકડવાની કાર્યવાહી ચાલુ છે. સોલંકી પરિવારના ૨૪ વર્ષીય યુવકની હત્યાથી પરિવારમાં શોકનું વાતાવરણ છે. પરિવારે બાકી રહેલા આરોપીની તાત્કાલિક ધરપકડ કરી યોગ્ય કાર્યવાહી કરવાની માંગ કરી છે.

# વડીયામાં ચોરીને અંજામ આપનાર તસ્કરને રાજકોટ એલસીબીએ ઝડપ્યો

## છ મહિના પહેલા ચોરી કરી ફરાર થઈ જનાર હરેશ દેવીપૂજક ગોમટા ચોકડી પાસેથી પકડાયો

**અબતક, રાજકોટ**

રાજકોટ પોલીસ મહાનિરીક્ષક અશોકકુમાર યાદવ, ગ્રામ્ય જિલ્લા પોલીસ અધિક્ષક હિમકરસિંહએ ફરારી આરોપીઓને પકડી લેવા આદેશો કરતા એલસીબીએ અમરેલીના વડીયામાં છ મહિના પહેલા ચોરી કરી ભાગેલા આરોપીને ગોમટા ચોકડી પાસેથી દબોચી લીધો હતો.

રાજકોટ એલસીબીના પેટ્રોલીંગ દરમિયાન એલસીબી ટીમે અમરેલીના વડીયા પોલીસ સ્ટેશનની હદમાં છ મહિના પહેલા નોંધાયેલા ચોરીના ગુનાનો ફરારી આરોપી હરેશ વલકુલીયા દેવીપુજક વાસાવડ વાળાને ઝડપી લીધો હતો.

આ કામગીરીમાં રાજકોટ એલસીબી ગ્રામ્યના પીઆઈ વી વી ઓડેદરા, પીએસઆઈ એચ સી ગોહિલ અને ટીમે જહેમત ઉઠાવી હતી.

# જૂનાગઢમાં ઠગાઈના ગુનામાં નવ વર્ષથી નાસ્તો ફરતો આરોપી ઝડપાયો

## રમેશ રાવરાણીને ધોરાજી નાસ્તા ફરતા સ્ક્વોડે જામજોધપુર ખાતેથી ઝડપી લીધો

**અબતક, રાજકોટ**

ધોરાજી ડિવિઝન પોલીસ ટીમે નવ વર્ષથી નાસતા ફરતા આરોપીને ઝડપી કાર્યવાહી હાથ ધરી છે. જૂનાગઢમાં ઠગાઈ સહિતનો ગુનો આચરી નવ વર્ષથી ભૂગર્ભમાં ઉતરી ગયેલ રમેશ રાવરાણીને નાસ્તા ફરતા સ્કવોડે ઝડપી લીધો છે.



મદદનીશ પોલીસ અધિક્ષક સિમરન ભારદ્વાજના માર્ગદર્શન હેઠળ પોલીસ સબ ઈન્સપેક્ટર એ. એન. કામળીયા, એ. એસ. આઈ. પરબતભાઈ કરશનભાઈ, કાળભાઈ મનુભાઈને હકીકત મળી હતી કે કે જુનાગઢ સી ડિવિઝન પોલીસ સ્ટેશનના ગુનામાં નવ વર્ષથી નાસતા આરોપી રમેશ રાવારાણી જામજોધપુર ખાતે રહેતો હોય જેથી જામજોધપુર પોલીસ ટીમની મદદ લઈ જામજોધપુર ખાતેથી ઝડપી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ધ્રાંગધ્રામાં શ્વાનનો આતંક: પાંચ લોકોને બચકા ભર્યા

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા શહેરમાં રખડતા ઢોર બાદ હવે શ્વાનનો આતંક સામે આવ્યો છે જેમાં નરશીપરા વિસ્તારમાં રખડતા શ્વાને એક બાદ એક એમ પાંચ જેટલા લોકોને બચકા ભર્યા હતા. આ તમામ લોકોને સરકારી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડ્યા હતા.



ધ્રાંગધ્રા શહેરના નરશીપરા વિસ્તારમાં રખડતા શ્વાને રાહદારીઓ અને સ્થાનિકોને ટાર્ગેટ કર્યા રખડતા શ્વાને અહીં વિસ્તારમાં નીકળતા પાંચ લોકોને બચકા ભર્યા હતા ત્યારે આ તમામ લોકોને તાત્કાલિક ધ્રાંગધ્રાની સરકારી હોસ્પિટલ લઈ જઈ સારવાર કરવામાં આવી હતી જ્યારે આ પ્રકારની ઘટના બીજી વખત સામે આવી હતી જે અગાઉ પણ શ્વાન દ્વારા વાહન લઈને નીકળતા રાહદારીઓની પાછળ દોડી બચકા ભર્યા હતા આ તરફ છેલ્લા કેટલાક સમયથી આ પ્રકારે રખડતા શ્વાનના ત્રાસને લીધે સ્થાનિકો દ્વારા શ્વાનને પકડી દૂર છોડી મૂકવા માંગ કરી હતી

## (પહેલા પાનાનું ચાલું)

### સેન્સેક્સ...

૫૯૬.૨૫ કરોડના શેર વેચ્યા હતા.એપ્રિલમાં વિદેશી રોકાણકારો દ્વારા નેટ ખરીદી રૂ. ૨,૭૩૫.૦૨ કરોડ રહી હતી. સ્થાનિક રોકાણકારોએ પણ મહિના દરમિયાન રૂ. ૨૮,૨૨૮.૪૫ કરોડની નેટ ખરીદી કરી હતી

એશિયન બજારોમાં, જાપાનનો નિક્કેઈમાં સામાન્ય તેજી છે. તે ૩૭,૫૨૦ના સ્તરે ટ્રેડ થઈ રહ્યો છે. કોરિયાનો કોસ્પી ૦.૪૧% વધીને ૨,૫૮૮ પર બંધ રહ્યો હતો.હોંગકોંગનો હેંગ સેંગ ઈન્ડેક્સ ૧૫૬ પોઈન્ટ (૦.૬૮%) વધીને ૨૩,૦૨૪ પર ટ્રેડ થઈ રહ્યો છે. તેમજ, ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ થોડો ઘટાડો થયા પછી ૩,૩૫૫ પર બંધ થયો.૯ મેના રોજ, યુએસ ડાઉ જોન્સ ૧૧૯ પોઈન્ટ (૦.૨૯%) ઘટીને ૪૧,૨૫૦ પર બંધ થયો. નેસ્ડેક કમ્પોઝિટ ૧૭,૯૨૯ ના સ્તર પર નજીવો વધારો સાથે બંધ થયો. એસએન્ડપી ૫૦૦ ઈન્ડેક્સ પણ નજીવો ઘટાડો થયો અને ૫,૬૬૦ પર બંધ થયો.

ગયા અઠવાડિયાના છેલ્લા ટ્રેડિંગ દિવસે એટલે કે શુક્રવાર, ૯ મે ના રોજ શેરબજારમાં ઘટાડો જોવા મળ્યો હતો. સેન્સેક્સ ૮૮૦ પોઈન્ટ (૧.૧૦%) ઘટીને ૭૯,૪૫૪ પર બંધ થયો હતો. નિફટી પણ ૨૬૬ પોઈન્ટ (૧.૧૦%) ઘટીને ૨૪,૦૦૮ પર બંધ થયો હતો.

### યુરોપ સાથે મુક્ત વેપાર...

દ્વારા આને એક નવા સ્તરે લઈ જવા માટે પ્રતિબદ્ધ છે જે માલ અને સેવાઓ માટે બજારો ખોલે છે.

સેફકોવિકે જણાવ્યું હતું કે વૈશ્વિક અનિશ્ચિતતાના આ સમયગાળામાં, બંને પ્રદેશોના વ્યવસાયો તક, સુલભતા અને નિશ્ચિતતા ઈચ્છે છે. અમે આ સુનિશ્ચિત કરવા માટે સાથે મળીને કામ કરી રહ્યા છીએ. ગોયલે કહ્યું હતું કે ભારતની ટીમો અને ૨૭ દેશોના આ જૂથે કરાર પર વાટાઘાટો કરી હતી. અમે ૨૦૨૫ ના અંત સુધીમાં વાટાઘાટો પૂર્ણ કરવાની અમારી સહિયારી પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો.

### સાયબર એટેક...

ઈમેઈલ્સ અને સોશિયલ મીડિયા બોગસ એકાઉન્ટ અંગે ચેતવણી આપી હતી. કર્મચારીઓને આંતરિક બેઠકોમાંથી સત્તાવાર દસ્તાવેજો, ઓળખ કાર્ડ અથવા ફોટા પોસ્ટ કરવા અથવા શેર કરવા અંગે સલાહ આપવામાં આવી છે. તેમને શંકાસ્પદ લિંક્સ, દસ્તાવેજો અથવા ક્યુઆર કોડ્સ પર ક્લિક કરવા સામે પણ ચેતવણી આપવામાં આવી છે. સલાહકાર મજબૂત, અનન્ય પાસવર્ડ્સ, ટુ-ફેક્ટર ઓથેન્ટિકેશનની જરૂરિયાત પર ભાર મૂકે છે અને સત્તાવાર ઈમેઈલ્સને વ્યક્તિગત અથવા તૃતીય-પક્ષ એપ્લિકેશનો સાથે લિંક કરવાનું ટાળવા અંગે પણ સલાહ આપવામાં આવી છે.

એક અગ્રણી સાયબર સુરક્ષા કંપની રેડવેરના અહેવાલ મુજબ મે મહિનાની શરૂઆતથી જ કેન્દ્ર અને રાજ્યના માળખાગત સુવિધાઓને નિશાન બનાવતા ઘણા હેક્ટીવિસ્ટ જૂથો સાયબર હુમલાઓ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જેમાંથી રિપરસેક સૌથી વધુ સક્રિય તરીકે ઉભરી આવ્યું હતું, જેણે ડીડીઓએસ હુમલાઓનો દાવો કર્યો હતો. ૬ અને ૭ મે પછીના દિવસોમાં દાવો કરાયેલા હુમલાઓમાં કીમસ પ્લસ, સિલહટ ગેંગ અને શ્રી હમઝાનો પણ મોટો હિસ્સો હતો તેવું પણ જાણવા મળ્યું છે.

રાજ્ય સરકારે એક એડવાઈઝરી જારી કરીને અધિકારીઓને સરકારની તટસ્થતા અથવા છબીને અસર કરી શકે તેવા મંતવ્યો, રાજકીય મંતવ્યો અથવા સમાચાર શેર કરવા સામે ચેતવણી આપી છે. તેમાં વધુમાં ઉમેર્યું હતું કે, વોટ્સએપ જૂથો અથવા અન્ય પ્લેટફોર્મમાં સામગ્રી ફોરવર્ડ કરતા પહેલા સાવધાની રાખવાની સલાહ આપવામાં આવે છે. તમામ ઓનલાઈન ક્રિયા પ્રતિક્રિયાઓમાં વ્યાવસાયિક શિષ્ટાચાર જાળવવા પર પણ ભાર મૂકવામાં આવ્યો છે.

### તીસરી આંખ...

આપવી પડશે. આપણે આપણા ૭,૦૦૦ કિમી દરિયા કિનારાના વિસ્તારોનું નિરીક્ષણ કરવું પડશે. અત્યાર સુધીમાં ઈસરોએ કુલ ૧૨૭ ભારતીય ઉપગ્રહો લોન્ચ કર્યા છે, જેમાં ખાનગી ઓપરેટરો અને શૈક્ષણિક સંસ્થાઓના ઉપગ્રહોનો સમાવેશ થાય છે. આમાંથી ૨૨ લો અર્થ ઓર્બિટમાં છે અને ૨૯ જીઓ-સિંક્રનસ અર્થ ઓર્બિટમાં છે, જે કેન્દ્ર સરકારની માલિકીની છે. ભારતમાં લગભગ એક ડઝન જાસૂસી અથવા સર્વેલન્સ ઉપગ્રહો છે. તેમાં કાર્ટોસેટ અને રિસાત શ્રેણી, તેમજ એમીસેટ અને માઈક્રોસેટ શ્રેણીનો સમાવેશ થાય છે, જે ચોક્કસ દેખરેખ કાર્યો માટે રચાયેલ છે.

### ભારતનો સ્પષ્ટ સંદેશ

વર્ષથી આતંકવાદને પ્રોત્સાહન આપવા અને ભંડોળ પૂરું પાડવા માટે પાકિસ્તાનને રાજકીય અને લશ્કરી કિંમત ચૂકવવી પડશે. આ બાબતનો જ્યાં સુધી ઉકેલ નહિ આવે ત્યાં સુધી સિંધુ જળ સંધી સ્થગિત જ રહેશે. વધુમાં ભારતે સ્પષ્ટ કર્યું છે કે, ભારતમાં આતંકવાદ ફેલાવવામાં સામેલ કોઈપણ વ્યક્તિને અમે ભૂલ્યા નથી. અમે તેનો હૃદયપૂર્વક જવાબ આપીશું. તમે ગોળીબાર કરશો તો અમે તેનો વળતો જવાબ આપીશું. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પણ સ્પષ્ટતા કરી હતી કે, વહાં સે ગોલી ચલેગી, તો યહાં સે ગોલા ચલેગા.

### પીઓકે...

પરંતુ ભારતે ટ્રમ્પની દરખાસ્ત ફગાવીને અમેરિકન પ્રમુખને રોકડું પરખાવ્યું હતું કે, જમ્મુ-કાશ્મીર મુદ્દે ભારતને કોઈની મધ્યસ્થતાની જરૂર નથી. વધુમાં ભારત માત્ર પાકિસ્તાને પચાવી પાડેલું કાશ્મીર (પીઓકે) ક્યારે ખાલી કરાશે તે મુદ્દે જ ચર્ચા કરશે.ટ્રમ્પની આ ટ્વીટથી ભારતમાં રાજકીય હોબાળો મચી ગયો હતો. જોકે, ભારતીય વિદેશ મંત્રાલયે ટ્રમ્પની દરખાસ્ત ધરાર ફગાવી દીધી હતી. વિદેશ મંત્રાલયના સૂત્રોએ જણાવ્યું કે, કાશ્મીર મુદ્દે ભારતનું વલણ એકદમ સ્પષ્ટ છે. તેમાં કોઈ ત્રીજા પક્ષની દખલ સ્વીકાર્ય નથી. એટલું જ નહીં ભારત પાકિસ્તાને પચાવી પાડેલું કાશ્મીર (પીઓકે) પાકિસ્તાન ખાલી ક્યારે કરે છેમાત્ર એ બાબત પર જ વાતચીત કરવા તૈયાર છે. આ સિવાય અન્ય કોઈ મુદ્દા પર વાતચીતની કોઈ શક્યતા જ નથી અને અમે ટ્રમ્પ જ નહીં કોઈની પણ મધ્યસ્થીની સ્વીકારતા નથી.

### કરાચી...

વિમાનોને તરત જ સમુદ્રમાં તૈનાત કરી દીધા હતા. જ્યારે ઓપરેશન સિંદૂરમાં પાક.ના કરાચી પોર્ટ સહિતના અનેક સૈન્ય મથકો ઉડાવવાની તૈયારી હતી, અમને માત્ર સરકાર તરફથી આદેશની જ રાહ હતી.

### હરામીઓ ઠાર...

ઓપરેશનના ડીજી એર માર્શલ એ કે ભારતીએ કહ્યું હતું કે આતંકી સ્થળો પર એર સ્ટ્રાઈકમાં એર ટુ સરફેસ ગાઈડેડ મિસાઈલનો ઉપયોગ કરાયો હતો કે જેથી આસપાસ અન્ય કોઈ નુકસાન ના થાય. એરફોર્સે પાક.ના મુરીદકે અને બહાવલપુરમાં આતંકીઓના ટ્રેનિંગ કેમ્પ પર એકદમ સટીક નિશાન લગાવ્યું હતું, આ સ્ટાઈરનો હેતુ સફળ રહ્યો, બહાવલપુરમાં હાઈ વેલ્યુ ટાર્ગેટ હતો. પાક.ના ડ્રોન હુમલાને પહોંચી વળવામાં આપણી એર ડિફેન્સ સિસ્ટમ સંપૂર્ણરીતે સફળ રહી. જે બાદ વળતા પ્રહારમાં આપણે પાકિસ્તાનના એર બેઝ, કમાંડ સેન્ટર, એર ડિફેન્સ સિસ્ટમને સરહદે તમામ સ્થળોએથી નિશાન બનાવ્યા હતા.

## (છેલ્લા પાનાનું ચાલુ)

### ભરઉનાળે...

આવ્યાનો પણ લોકો આરોપ લગાવી રહ્યાં છે. જેસીબી મદદથી ફસાયેલા વાહનોને અંડરપાસમાંથી બહાર કઢવામાં આવી રહ્યાં છે. અંડરપાસમાં ફસાયેલા લોકોને પણ જેસીબીની મદદથી રેસ્ક્યૂ કરાયું હતું. રાત્રે કડીના અનેક રસ્તાઓ પાણીમાં ગરકાવ થયા હતા.

### સેશન્સ જજની બદલી...

જામનગર, પી.એસ.સિંધીની સુરત ખાતે બદલી કરવામાં આવી છે. જ્યારે રાજકોટ શહેર-જીલ્લામાં સિવિલ કોર્ટમાં મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ તરીકે ફરજ બજાવતા જે.જે.જાદવ-ખેડા, એમ ડી પરમાર-તાપી, એન.ટી.કારિયા-સાબરકાંઠા, એ.એ.દવે-અરવલ્લી, જુંગલ દવે અમદાવાદ,પી. બી.ગામીત-વડોદરા, આર.આર. બારૈયા નવસારી, આર.કે.જાની બનાસકાંઠા, એ.પી.દવે અમદાવાદ, કે.એન.જોષી મહેસાણા, દામીની દીક્ષિત ગાંધીનગર, એન.ડી જોષીપરા, સી.સી.ગોંડલીયા અમદાવાદ અને કુમદેવસિહ ચુડાસમાની અમદાવાદ જ્યુડિશિયલ રૂરલમાં બદલી કરવામાં આવી છે.

### રાજકોટ ખાતે...

સુરત જૂનાગઢના બી સી ઠાકરને નડિયાદ વંથલીના એન.આર જૈન બારડોલી ભચાઉ એચ.વી જોષી ને વિસાવદર ભુજના વી વી શાહને અમદાવાદ રાજકોટના એમ જે બ્રહ્મભટ્ટને નડિયાદ સુરતના એ આર પટેલને કોડીનાર રાજકોટના એમ એચ પઠાણને અમદાવાદ ભાવનગરના એમ પી મેતાને અમદાવાદ ભુજ એસ એમ કાનાબારને ડીસા ગોધરાના પી.એ માલવીયા ઈન્ડસ્ટ્રીયલ કોર્ટ રાજકોટ રાજકોટના એસ.સી મકવાણા ને વડોદરા અને ભાવનગર ઈન્ડસ્ટ્રીયલ કોર્ટના બી એન પરમારને અમદાવાદ ખાતે બદલી કરવામાં આવી છે.

### સૌરાષ્ટ્રના સૌથી વધુ...

ડાભીને અમદાવાદ ભાવનગરના પી.પી મોકસીને ભરૂચ રાજકોટના જેવી પરમારને હિંમતનગર સુરેન્દ્રનગરના જ્યોતિબેન ચૌહાણને વડોદરા સોમનાથના જયશ્રીબેન શિવાભાઈ ને પાટણ જામનગરના ટી જે પટેલ વડોદરા સુરતના એચ.વી ચોટાયા ને રાજકોટ ભાવનગરના અમિત મામેતોરા ને હિંમતનગર, પોરબંદરના એમબી દવે ને બાલાસિનોર ભાવનગરના તુષાર પંજાબીને અમદાવાદ મોરબીના ડી એ રાવલને ઊંઝા ભરૂચ બી એન શ્રીવાસ્તવને રાજકોટ જેતપુરના એસડી ત્રિવેદીને ખેડા બોટાદના પી.બી પટેલને પાલનપુર રાજકોટ જિલ્લા સત્તા મંડળના સેક્રેટરી કિરીટકુમાર ગોહિલને અમદાવાદ ગોંડલના એ આર કુમારને કડી વડોદરાના બીવી વસાવાને જૂનાગઢના એચ આર પરમાર ને લુણાવાડા ઉનાના વીઆર સોલંકીને અંકલેશ્વર મોરબીના એ એન ગજર ને સુરત વડોદરાના આર આર મિસ્ત્રીને રાજકોટ મોરબીના દુર્ગેશ કે જુનાગઢ રાજકોટ સ્મોલ કોર્ટના સીપી ચારણ જામનગર ગીર સોમનાથના કિશોરકુમાર પટેલને આણંદ ખંભાળિયાના રાજીવ ચોપડાને ખેડા રાજકોટના પીએસ સિંધીને સુરત એપી ડેર ને અમદાવાદ સીટી એન એન દવે ને પાટણ યોગેશકુમાર બી ગામીતને તાપી જેતપુરના એ એચ હીરાણીને કલોલ રાજકોટના એમએમ શેખને અમદાવાદ અરવલ્લીના પી ડી મોદીને રાજકોટ વડોદરાના આર કે ત્રિવેદીને સ્મોલ કોર્ટ રાજકોટ ના શીતલ વીને સુરત એમ એ પીપરાણી ને અમદાવાદ અને કલોલના યુ બી દાવડાને ગોંડલ ખાતે બદલી કરવામાં આવી છે.

### સીએની પરીક્ષા...

આવશે. જ્યારે ઈન્ટર મીડિયેટ એક્ઝામ (ગ્રૂપ-બે) પેપર-૫ આગામી ૨૨મીને ગુરુવારના રોજ લેવાશે. ઈન્ટર મીડિયેટ એક્ઝામ (ગ્રૂપ બે) પેપર ૬ આગામી તા.૨૪મીને શનિવારના રોજ લેવામાં આવશે. આમ, હવે સ્થગિત કરાયેલી પરીક્ષાઓ ૧૬મીથી ૨૪મી મેની વચ્ચે નવા શિડ્યુલ પ્રમાણે લેવામાં આવશે. સાથે જ આઈસીએઆઈ દ્વારા એવી પણ જાહેરાત કરવામાં આવી છે કે, ફાઉન્ડેશનની પરીક્ષા અગાઉ જાહેરાત કરવામાં આવી હતી તે પ્રમાણે નિર્ધારિત શિડ્યુલ પ્રમાણે જ એટલે કે ૧૫, ૧૭, ૧૯ અને ૨૧મી મેના રોજ લેવામાં આવશે. ફાઈનલ અને ઈન્ટર મીડિયેટની પરીક્ષામાં ફેરફાર કરવામાં આવ્યો છે. બાકીની તમામ પરીક્ષાઓ નિર્ધારિત શિડ્યુલ પ્રમાણે યથાવત રહેશે.

## દુઃખદ અવસાન

**સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના**

**રાજકોટ:** હિનેષભાઈ રમેશભાઈ આડેસરા (ઉ.વ.૩૭) તે સ્વ. રમેશભાઈ અમૃતલાલ આડેસરા, પારુલબેન રમેશભાઈ આડેસરાના પુત્ર, મયુરીબેન આડેસરાના પતિ, હેતાંશી, આરવના પિતા, અલ્પેશભાઈ, મિતેશભાઈ (શ્રી કૃષ્ણ સિલ્વર આર્ટ વાળા), જીજ્ઞાબેન પ્રશાંતકુમાર ફીચડીયા, જલ્પાબેન મયુરકુમાર ફીચડીયાના નાના ભાઈ, રાજેન્દ્રભાઈ શશીકાંતભાઈ માંડલીયા (ખીલોસ વાળા) ના જમાઈનું તા. ૧૧ ના રોજ અવસાન થયેલ છે. બન્ને પક્ષનું બેણસું તા. ૧૨ ને સોમવારના રોજ સાંજે ૪ થી ૬ દરમિયાન નૂતનનગર કોમ્યુનીટી હોલ, કાલાવડ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# ચોટીલા-જામવાળી વિસ્તારમાં દબાણો પર પ્રાંત અધિકારી-મામલતદાર ટીમની તવાઈ

## ગેરકાયદે હોટેલ, ટી-સ્ટોલ, ઓરડી, સહિત સરકારી જમીન પરના વે-બ્રીજ પર તંત્રનું બુલડોઝર ફરી વળ્યું: દબાણકર્તાઓમાં ફફડાટ

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જીલ્લામાં સરકારી તેમજ ખાનગી જમીનો પર ગેરકાયદેસર કાચા તેમજ પાકા બાંધકામ સહિતના દબાણો વધી રહ્યાં છે ત્યારે ચોટીલા પ્રાંત અધિકારી તેમજ થાન મામલતદાર સહિતની ટીમે ચોટીલા-જામવાળી રોડ પર ગેરકાયદેસર દબાણો દુર કરવાની કામગીરી હાથધરી હતી. જેમાં હોટલો, કેબીનો સહિતના દબાણો જેસીબી વડે તોડી પાડવામાં આવ્યા હતા.



આ અંગે મળતી માહિતી મુજબ ચોટીલા-જામવાળી રોડ પર છેલ્લા ઘણા સમયથી અમુક શખ્સો દ્વારા ગેરકાયદેસર પાકુ બાંધકામ કરી હોટલો સહિતના દબાણો કરવામાં આવ્યા હોવાની ફરિયાદો ઉઠવા પામી હતી જેને ધ્યાને લઈ ચોટીલા પ્રાંત અધિકારી એચ.ટી.મકવાણા તેમજ થાન મામલતદાર સહિતની ટીમે ચોટીલા જામવાળી રોડ પર ગેરકાયદેસર દબાણો હટાવવાની કામગીરી હાથ ધરી હતી. જેમાં માલધારી ટી સ્ટોલ, અવલીયા ઠાકર હોટલ, એક પંચરનું કેબીન, એક ઓરડી, પાણીનો બોર સહિતના પાકા દબાણો જેસીબી મશીન વડે તોડી પાડવામાં આવ્યા હતા. આ ઉપરાંત સરકારી સર્વે નંબરની જમીનમાં ગેરકાયદેસર રીતે બનાવેલ અવલીયા વે બ્રીજને પણ જેસીબીની મદદથી તોડી પાડવામાં આવ્યો હતો. જે બાંધકામ દુર કરવા મફાભાઈ જગાભાઈ અલગોતરને અગાઉ નોટીસ પાઠવી હતી પરંતુ નોટીસ મુજબ ત્રણ દિવસમાં દબાણ દુર કરવામાં ન આવતા જેસીબીની મદદથી તમામ ૦૬ જેટલા ગેરકાયદેસર દબાણો હટાવવામાં આવ્યા હતા વર્ષો બાદ પાકા દબાણો તોડવાની તંત્ર દ્વારા કામગીરી કરવામાં આવતા લોકોએ પણ આ કામગીરીની પ્રશંસા કરી હતી.

આ ઉપરાંત થાન તાલુકાના જામવાળી ગામની સરકારી જમીનમાં ચોટીલા-થાન રોડ પર આવેલ ૧૧ અને અન્ય વિસ્તારની ૪ દુકાનો સહિત કુલ ૧૫ જેટલી ગેરકાયદેસર દુકાનોનું બાંધકામ પણ જેસીબીની મદદથી તોડી નાંખવામાં આવ્યું હતું તેમજ ગેરકાયદેસર દબાણ કરનાર ૬ શખ્સો (૧) ભનુભાઈ દાનાભાઈ અલગોતર (૨) વાઘાભાઈ દાનાભાઈ અલગોતર (૩) રણુભાઈ દાનાભાઈ અલગોતર (૪) ભીખુભાઈ દાનાભાઈ અલગોતર અને (૫) વિજયભાઈ રણુભાઈ અલગોતર અને (૬) નવઘણભાઈ દાનાભાઈ અલગોતર તમામ રહે.જામવાળી તા.થાનવાળા સામે કાયદેસરની કાર્યવાહી હાથધરી છે

આ ઉપરાંત સરકારી મીલ્કતને નુકશાન કરી ગેરકાયદેસર બાંધકામ કરનાર વ્યક્તિઓ પાસેથી દબાણો દુર કરવામાં જે ખર્ચ થયેલ છે તે તમામ ખર્ચ વસુલવામાં આવશે તેમ પણ પ્રાંત અધિકારી દ્વારા જણાવાયું છે. આમ થાન તાલુકાના જામવાળી વિસ્તારમાં તંત્રનું બુલડોઝર ફરી વળતાં ગેરકાયદેસર દબાણકર્તાઓમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે.

# માણાવદર: લાયન્સ શાળા દ્વારા બોર્ડના તેજસ્વી વિદ્યાર્થીઓને કરાયા સન્માન





**અબતક, જીજ્ઞેશ પટેલ, માણાવદર**

લાયન્સ કલબ માણાવદર સંચાલિત લાયન્સ હાયર સેકન્ડરી સ્કૂલમાં એસએસસી અને એચએસસીની ફેબ્રુઆરી - માર્ચ ૨૦૨૫ માં લેવાયેલ બોર્ડની પરીક્ષામાં ગૌરવવંતનું સ્થાન પ્રાપ્ત કરી શાળા સંસ્થા અને માણાવદરનું ગૌરવ વધારનાર તેજસ્વી વિદ્યાર્થીઓનો એક સન્માન કાર્યક્રમ સંપન્ન થયો હતો. જેમાં ધોરણ ૧૦માં ૯૬.૧૬ ટકા સાથે શાળામાં પ્રથમ આવનાર ખુશાલીબેન ગરેજાને લાયન્સ કલબ માણાવદર તરફથી ૧૧,૧૧૧ નો રોકડ પુરસ્કાર આપવામાં આવેલો. તથા ૯૩.૬૬ ટકા સાથે શાળામાં બીજા ક્રમે આવેલ વિદ્યાર્થીની ભક્તિબેન કાચાને ૧૧૧૧ નો પુરસ્કાર લાયન કમલેશભાઈ લોડાયા તરફથી એનાયત કરવામાં આવ્યો હતો.

લાયન્સની વિદ્યાર્થીની પરીયા બિંદુબેન ૯૦.૧૬ ટકા સાથે શાળામાં ત્રીજા ક્રમે આવેલ. પરિયા બિંદુબેન તથા વિજ્ઞાનમાં ૧૦૦ ગુણ પ્રાપ્ત કરનાર નકુમ રિદ્ધિબેન ને શાળાના વિજ્ઞાન શિક્ષક અને લાયન ધર્મેશભાઈ ચુડાસમા તરફથી બંનેને ૫૦૦ રૂપિયાના પુરસ્કાર આપી તેમનો ઉત્સાહ વધારવામાં આવ્યો હતો. ધોરણ ૧૦ માં ૧ થી ૧૦ ક્રમમાં આવેલ બાળકો તથા ધોરણ ૧૨ માં વિજ્ઞાન પ્રવાહ તથા સામાન્ય પ્રવાહમાં ૧ થી ૨ નંબર મેળવનાર તમામ વિદ્યાર્થીઓને શાળા તરફથી પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે લાયન કમલેશભાઈ લોડાયા તરફથી આ તમામ વિદ્યાર્થીઓને મોમેન્ટો આપવામાં આવ્યા હતા.

# ગીર ગઢડા રેલ્વે સ્ટેશન પ્રાથમિક સુવિધાઓથી વંચિત

## જરૂરી સુવિધાઓ આપી લાંબા અંતરની ટ્રેન આપવા રેલ મંત્રીને રજુઆત કરતા કોળી સમાજના પ્રદેશ મહામંત્રી રસિક ચાવડા

**અબતક, ઉના**

અખિલ ભારતીય કોળી સમાજ ના પ્રદેશ મહામંત્રી અને અને યુવા નેતા રસિક ચાવડા એ ઊના પ્રાંત અધિકારી મારફત વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને રેલ્વે મંત્રીઅશ્વિની વૈષ્ણવ ને પશ્ચિમ રેલવે નું ભાવનગર ડિવિઝન હેઠળ આવેલ ગીર ગઢડા રેલ્વે સ્ટેશન માં સુવિધા બાબતે રજૂવાત કરી છે લાંબા અંતરની મુસાફરી માટે સૌથી સસ્તુ અને સલામત મુસાફરી રેલ્વેની છે.પણ ખાટલે મોટી ખોટ કહેવત અનુસાર આ વિસ્તાર મા આ સુવિધાનો સદતર અભાવ જોવા મળી રહ્યો છે.



દેશ જયારે આધુનિક રેલ્વે સ્ટેશનો બુલેટ ટ્રેનો,હાઈ-સ્પીડ ટ્રેન, મેટ્રો ટ્રેનો ચાલતી હોય ત્યારે અહી રેલ્વે સ્ટેશન મા બેસવાની વ્યવસ્થા, પીવાના પાણીની વ્યવસ્થ, શોચાલયો જેવી પાયાની પ્રાથમિક સુવિધાઓ પણ નથી. રેલ્વે સ્ટેશન નું છાપરું તૂટી ગયું છે. ચોમાસા માં પાણી પડે. આખા રેલ્વે સ્ટેશન માં ગંદકીના ગંજ છે. સફાઈનો સદંતર અભાવ છે.

રેલ્વે સ્ટેશનનો સ્ટેશનના નામનું બોર્ડ પણ વંચાતું નથી.

આ વિસ્તાર માં પ્રવાસન ની અનેક તકો છે નજીક માં જ દ્રોણેશ્વર મહાદેવ,તુલસી શ્યામ જેવા પ્રવાસન સ્થળો છે ત્યારે આ વિસ્તારમા લાંબા અંતરની ટ્રેન આપવામાં આવે તો પ્રવાસીઓ ને મુસાફરીની સારી સુવિધાઓ મળી રહે.

રેલ્વે સ્ટેશનનું આધુનિકરણ, પ્રાથમિક સુવિધાઓ,બ્રોડ ગેજની સુવિધા મળે એવી માંગ રસિક ચાવડા દ્વારા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી, અશ્વિની વૈષ્ણવ મંત્રી રેલવે, માહિતી અને પ્રસારણ, અને ઈલેક્ટ્રોનિકસ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી, ભારતસરકાર, રેલ ભવન, ન્યુ દિલ્હી, પ્રશ્ચિમ રેલ્વે, મુંબઈ, ડીવીજનલ રેલ્વે મેનેજર ડી. આર. એમ ઓફીસ, પશ્ચિમ રેલ્વે, ભાવનગરપરા ભાવનગર ને કરવામાં આવી છે.

# સોમનાથ મંદિરના ૭૫માં સ્થાપના દિને મહાદેવને ભસ્મ ત્રિપુંડ શૃંગાર કરાયો

## ધ્વજા પૂજા, મહાપુજા, સરદાર વંદના સાથે ભવ્ય ઉજવણી કરાઈ

**અબતક, અતુલ કોટેચા, વેરાવળ**

આજ રોજ પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મંદિરના ૭૫માં સ્થાપના દિવસની ભકિતપુર્ણ ઉજવણી કરવામાં આવી હતી. સોમનાથ મંદિર દેશવાસીઓની અનન્ય આસ્થાનું પ્રતિક છે. આ મંદિર વિસર્જન બાદ નવસર્જનનું સર્વોત્તમ પ્રમાણ છે. યુગયુગાંતરથી સોમનાથ મંદિરની આસ્થા અવિરત રહી છે. પરંતુ સદીઓ સુધી સર્જન અને વિસર્જનની પ્રક્રિયા બાદ દેશ સ્વતંત્ર થયો ત્યારે સરદાર વલ્લભભાઈ પટેલના દ્રઢ સંકલ્પથી સોમનાથ મંદિરનું પુનઃનિર્માણ શક્ય બન્યું.



જ્યારે મંદિરનું ગર્ભગૃહ તૈયાર થયું ત્યારે સોમનાથ જ્યોતિર્લીંગ સ્વરૂપની પ્રાણપ્રતિષ્ઠા ૧૧ મે ૧૯૫૧ ના રોજ દેશના પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ.રાજેન્દ્રપ્રસાદના હસ્તે કરવામાં આવેલ હતી. તત્કાલીન રાષ્ટ્રપતિએ શિવલિંગના તળ ભાગે રાખેલી સુર્વણ શલાકા ખસેડીને શિવલિંગ સ્થાપિત કરી પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. ત્યારે ૧૦૮ તીર્થસ્થાનોના અને ૭ સમુદ્રોના જળ લાવીને સોમનાથ નિર્માણ શક્ય બન્યું એવા સરદાર વલ્લભભાઈ પટેલની સરદાર વંદના અને ને પૂષ્પાજલી અર્પણ કરવામાં આવેલ, સોમનાથ મંદિર પર પૂજન કરીને નૂતન ધ્વજા રોહણ કરવામાં આવેલ, મંદિરની પ્રાણપ્રતિષ્ઠા સમયે સવારે ૯:૪૬ વાગ્યે મહાપૂજા કરવામાં આવેલ હતી, એ જ સમયે અને તે પ્રસંગે કરવામાં આવેલ શૃંગાર ની પ્રતિકૃતિ રૂપ ભસ્મ ત્રિપુંડ નો શૃંગાર પૂજારી ગણ દ્વારા કરવામાં આવેલ હતો, આ પ્રસંગે ટ્રસ્ટના જનરલ મેનેજર વિજયસિંહ ચાવડા, તથા ટ્રસ્ટ પરિવાર અને સ્થાનિક તિર્થ પુરોહિતઓ જોડાયા હતાં. વિશેષ રૂપે સંધ્યા આરતી સમયે મહા શૃંગાર કરી સોમનાથ મહાદેવને દીપમાળા અર્પણ કરવામાં આવી હતી.

વિશ્વમાં કરોડો ભકતોના આસ્થાનું કેન્દ્ર સૌરાષ્ટ્રના રત્નાકર સમુદ્ર તટ પર બિરાજમાન આદિ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવ મંદિરનો આજે ૭૫મો પ્રાણપ્રતિષ્ઠા દિવસ છે. મંદિરની પ્રાણપ્રતિષ્ઠા સમયે પ્રત્યક્ષ દર્શીઓ અનુસાર મહાદેવનો અભિષેક કરવામાં આવ્યો હતો અને એ ધન્ય પળે ૧૦૧ તોપોની સલામી આપવામાં આવી હતી.

સોમનાથ મંદિર ના ૭૫માં' માં સ્થાપના દિવસ નિમિત્તે જેમના સંકલ્પને કારણે સોમનાથ મંદિરનું

# ગોંડલ: સમસ્ત કોળી સમાજની સંકલન બેઠકમાં સમાજના ઉત્થાન અંગે ચર્ચા વિચારણા

## બોર્ડમાં પ્રથમ સ્થાન મેળવેલ ધ્રુવી દેલવાડીયાનું સન્માન કરાયું



**અબતક, હરેશ ગણોદીયા, ગોંડલ**

ગોંડલ મહારાજા સર ભગવતસિંહજી ટાઉનહોલ ખાતે સમસ્ત કોળી સમાજ ગોંડલ શહેર તાલુકા વિભાગની સંકલન બેઠક યોજાઈ હતી આ બેઠકમાં અલગ અલગ સંકલન સમિતિની રચના તેમજ ધોરણ ૧૨ માં ગુજરાત બોર્ડમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી કોળી સમાજનું ગૌરવ વધાર્યું એવાં ધ્રુવી દેલવાડીયાનુ શીલ્ડ આપી સન્માન કરવામાં આવ્યું હતુ

ઠાકોર કોળી વિકાસ નિગમના પૂર્વ ચેરમેન અને માંધાતા ગ્રુપના સ્થાપક ભુપતભાઈ ડાભીના અધ્યક્ષ સ્થાને ગોંડલ ટાઉનહોલ ખાતે શહેર તાલુકાની સંકલન બેઠક યોજાઈ હતી જેમાં શહેર તેમજ તાલુકામાં અલગ અલગ વિભાગની સંકલન સમિતિઓ રચી સમાજના ઉત્થાન માટે કામ કરશે સંકલન બેઠકમાં દિકરીઓના શિક્ષણ ઉપર ભાર મુકવા તેમજ વ્યસન મુક્તિ સમાજને સંગઠિત કરવાનું કામ નવનિયુક્ત રચના થયેલ કમીટીમા શહેરની જવાબદારી રમેશભાઈ જીવાભાઈ મકવાણા તેમજ તાલુકામાં ગોંડલ નગરપાલિકાના પૂર્વ પ્રમુખ ચંદુભાઈ ડાભી કામ કરશે સંકલન બેઠકમાં મહેશભાઈ કોળી રઘુભાઈ મેટાળીયા રમેશભાઈ મકવાણા ગીરધરભાઈ ઝાલા રસીકભાઈ મેર પત્રકાર હરેશ ગણોદીયા શહેર તેમજ તાલુકાના સરપંચ સભ્યો આગેવાનો સહિતના મોટીસંખ્યામાં કોળી સમાજ આ સંકલન બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતાં આગામી સમયમાં શહેર તેમજ તાલુકામાં સંકલન સમિતિની રચના કરવામાં આવશે અને સમાજને સંગઠિત તેમજ શિક્ષણ ઉપર ભાર મુકવામા આવશે તેવું ચંદુભાઈ ડાભીએ જણાવ્યું હતું મીટીંગ બાદ જ્ઞાતિ ભોજન પણ રાખવામાં આવ્યું હતું સંકલન બેઠકનું સંચાલન મહેશભાઈ કોળીએ કર્યું હતું.

# ચોટીલા પોલીસે ખોવાયેલા પાંચ મોબાઈલ શોધી માલિકને પરત કર્યા

**અબતક, રણજીતસિંહ ધાંધલ, ચોટીલા**




સુરેન્દ્રનગર જીલ્લામાં રહેતા લોકોના ખોવાઈ ગયેલ મોબાઈલને પોલીસ વિભાગ દ્વારા ટેકનીકલ સોર્સનો ઉપયોગ કરી શોધી મુળ માલીકને તેરા તુજકો અર્પણ અભિયાન અંતર્ગત પરત આપવામાં આવી રહ્યાં છે ત્યારે ચોટીલા પોલીસ મથકની હદમાં ખોવાયેલ મોબાઈલ અંગે અનેક અરજદારોએ અરજીઓ કરી હતી.જે પૈકી ચોટીલા પોલીસ સટાફ દ્વારા સીઈઆઈઆર પોર્ટલ મારફતે ટેકનીકલ સોર્સનો ઉપયોગ કરી ખોવાયેલ અલગ-અલગ વ્યક્તિઓના પાંચ મોબાઈલ કિંમત રૂા.૧,૦૬,૮૦૦ મુળ માલીકને બોલાવી રૂબરૂમાં પરત હાપ્યા હતા જે અરજદારોમાં રાકેશભાઈ રોહિત રહે.વડોદરા, સુમીતભાઈ શૈલેષભાઈ વાલાણી રહે. ચોટીલા હરેશભાઈ હાજાભાઈ તરગટા રહે.ધાંધલપુર વિલાસબેન ગેલાભાઈ સરૈયા રહે. રાજાવાડો અને વનરાજભાઈ જગુભાઈવાળા રહે.ચોટીલાવાળાનો સમાવેશ થાય છે. જ્યારે તમામ અરજદારોને પોતાના ખોવાયેલ ગયેલ મોબાઈલ પરત મળતા પોલીસની કામગીરીને બિરદાવી હતી.

# કાલાવડ: નિકાવા પાસેના બ્રીજનું કામ સત્વરે પૂર્ણ કરવા ધારાસભ્ય મેઘજીભાઈ દ્વારા રજૂઆત

**અબતક, રાજુ રામોલીયા, કાલાવડ**

જામનગર જિલ્લાના કાલાવડ વિધાનસભા હેઠળ આવતો રોડ કાલાવડ થી રાજકોટ વાયા નિકાવા તે રોડ ઉપર નિકાવા પાસે એક મેજર બ્રીજનુ કામ ઘણા સમયથી ચાલુ હોવા છતા ચોમાસા પહેલા પુરૂ થઈ શકે તેમ જણાતુ નથી ત્યારે કાલાવડના ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડાએ મુખ્યમંત્રીને પત્ર લખીને રજુઆત કરી જેમાં જણાવ્યું જો આ કામ પુરૂ નહી



થાય તો નિકાવા ગામના તથા સમગ્ર વિસ્તાર ના લોકોની માંગણી મુજબ કાલાવડ થી રાજકોટ જવા માટે નદીમા પુર આવવાના કારણે સંપુર્ણ રોડ બંધ થઈ થઈ જાય તેમ છે. તેમજ બીજુ કોઈ ડાઈવર્ઝન નિકળવાની શક્યતા જણાતી નથી કારણ કે આ નદી ઉપર નજીક કોઈ બીજો બ્રીજ આવેલ નથી તો લોકોને ખુબજ મુશ્કેલીનો સામનો કરવો પડે તેમ છે.તો વહેલી તકે યોગ્ય નિર્ણય લઈ બ્રીજનુ કામ પુરૂ કરાવવા માર્ગ મકાન વિભાગ અને મુખ્યમંત્રી ને ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડા દ્વારા રજૂઆત કરવામાં આવી છે.

# ધારીમાં અવારનવાર વીજગુલ: લોકો પરેશાન

## પીજીવીસીએલની ફોલ્ટ સેવા નંબર તેમજ લેન્ડલાઈન નંબર પણ બંધ હોવાની 'રાવ'

**અબતક, મેહુલ ત્રિવેદી, ધારી**

ધારી ગામમાં છેલ્લા ઘણા સમય થી વીજળી ના ધાંધિયા વધી ગયેલ છે દર ગુરુવારે મેન્ટેનન્સ કરવાના બહાના હેઠળ સતત ૭ થી ૮ કલાક સુધી વીજકાપ જીકવામાં આવે છે વરસાદના બે છાંટા શું પડતા પીજીવીસીએલ ની લાઈટ તાત્કાલિક અસરથી બંધ થઈ જાય છે હાલ ઉનાળાની સિઝન હોય મિનિમમ તાપમાન ૪૦ થી ૪૨ ડિગ્રી વચ્ચે રહેતું હોય તોપણ કોઈપણ કારણ વિના લાઈટ ગુલ થઈ જાય છે પી. જી. વરસાદની શરૂઆત થતા જ વિ. સી. એલ વાળા ની નબળી કામગીરી ની પોલ છતી થઈ જાય છે હાલમાં સ્માર્ટ મીટર લગાડવાની કામગીરી ચાલુ છે ત્યારે તંત્ર દ્વારા પહેલા સંતોષકારક સર્વિસ આપવામાં આવે તે જરૂરી છે વીજળી બિલ ન નામે ની પઠાણી ઉઘરાણી કરવામાં આવે છે તેની સામે ફોલ્ટ સેન્ટરમાં સરખા જવાબ આપવામાં આવતા નથી આશ્ચર્ય વાત તો એ છે કે પીજીવીસીએલ ની ફોલ્ટ સેવામાં નંબર તો ક્યારે લાગતો જ નથી એક લેન્ડલાઈન નંબર સાથે એક સી યુ જી નંબર પણ છે પરંતુ આ નંબરમાં ભાગ્ય જ કોન્ટેક્ટ થાય છે.ત્યારે આવી ગરમીમાં વૃદ્ધ લોકો નાના બાળકો અને વેપાર ધંધો કરતા વેપારી મિત્રો ને વીજળી વગર પરેશાની ભોગવી પડે છે ધારી ગામમાં થાંભલા વાયર ટી. સી. ડીસ પિન સહિતના સાધનો દર ગુરૂવારે મેન્ટેનન્સ દ્વારા ૭ થી ૮ કલાકનો લાઈટ નો કાપ રાખી સરખું કરવામાં આવે તેમ છતાં વારંવાર લાઈન ફોલ્ટ માં જાય છે આ ત્રાસ માંથી ધારી ગામને મુક્ત કરવામાં નહિ આવે તો ધારીની સેવાકીય સંસ્થા બજરંગ ગ્રુપ દ્વારા પી. જી. વિ. સી. એલ ઓફિસ સામે ધારણા અને ગામ બંધ ની ફરજ પડશે. તેઓ બજરંગ ગ્રુપના પ્રમુખ પરેશભાઈ પટણી એ જણાવ્યું છે.

# અમરેલીનાં સૈનિક પરિવારની મુલાકાત લેતા નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરીયા



**અબતક, પ્રદીપ ઠાકર, અમરેલી:** ભારત અને પાકિસ્તાન વચ્ચે વધી રહેલા તણાવની પરિસ્થિતિમાં, અમરેલીના નાયબ દંડક કૌશિકભાઈ વેકરીયાએ એક પ્રશંસનીય પગલું ભર્યું છે. તેમણે સરહદ પર દેશની સુરક્ષા માટે તૈનાત અમરેલી વિસ્તારમાં વસતા સૈનિકોના પરિવારજનોની મુલાકાત લીધી હતી. પાકિસ્તાન તરફથી થયેલા હુમલાના પ્રયાસો વચ્ચે, જ્યારે આપણા જવાનો સરહદ પર આતંકવાદીઓ સામે લડી રહ્યા છે, ત્યારે કૌશિકભાઈ વેકરીયાએ સૈનિકોની સેવા અને તેમની મુલાકાત દરમિયાન પરિવારજનોને દરેક શક્ય મદદ કરવાનું આશ્વાસન આપ્યું હતું. આ મુલાકાતમાં જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી અને અન્ય સ્થાનિક આગેવાનો પણ જોડાયા હતા. કૌશિકભાઈ વેકરીયાએ આ મુલાકાતની માહિતી સોશિયલ મીડિયા દ્વારા પણ લોકો સુધી પહોંચાડી હતી.

## આદર્શ એજયુકેશન સોસા. સંચાલિત

# ધોરાજી: પુસ્તક પ્રેમીઓની ભુખ સંતોષશે પરાગ સાર્વજનીક પુસ્તકાલય

**અબતક, રમણીક ટોપીયા, ધોરાજી**

આજનાં ડિજિટલ યુગની દોડધામમાં, ચાલો થોડી પળો શાંતિથી વિતાવીએ. પુસ્તકોના સહારે!પરાગ સાર્વજનિક પુસ્તકાલય આપને આમંત્રણ આપે છે એક એવા વિશ્વમાં જ્યાં શબ્દો જીવે છે અને વિચારો ખીલે છેઅહીં, ગુજરાતી, હિન્દી, અંગ્રેજી અને સંસ્કૃત ભાષાના ૩૦,૦૦૦થી વધુ પુસ્તકોનો અદ્ભુત સંગ્રહ આપની જ્ઞાનની તરસને છીપાવવા અને મનને શાંતિ આપવા માટે તૈયાર છે..

શું આપ સાહિત્ય અને કવિતાના રસિયા છો?

શું ઈતિહાસની ગાથા અને મહાન વ્યક્તિઓના જીવનચરિત્રો આપને પ્રેરણા આપે છે?

ધર્મ અને તત્વજ્ઞાનના ઊંડાણમાં ડૂબકી લગાવવી આપને ગમે છે?

કે પછી વિજ્ઞાન, સમાજશાસ્ત્ર અને નવલકથાઓની દુનિયામાં ખોવાઈ જવું આપની પસંદ છે?

તો પછી, પરાગ સાર્વજનિક પુસ્તકાલય આપનું આતુરતાથી સ્વાગત કરે છે!

થોડો સમય સ્ક્રીનની દુનિયાથી દૂર રહીને પુસ્તકોની સુગંધ અને શાંતિનો અનુભવ કરો. તમારાં બાળકોને પણ સાથે લાવો, કારણ કે તમને વાંચતા જોઈને તેઓ પણ આ જ્ઞાનના સાગરમાં ડૂબકી લગાવશે.*

યાદ રાખો, વાંચન ક્યારેય જૂનું થતું નથી - એ તો આજના સમયની સૌથી અમૂલ્ય ભેટ છે!

તો ચાલો, પરાગ સાર્વજનિક પુસ્તકાલયને આપણું સહિયારું વાંચનમંદિર બનાવીએ, જ્યાં દરેક પૃષ્ઠ એક નવી દુનિયા ખોલે છે! તો પુસ્તક પ્રેમીઓને પુસ્તકાલયની મુલાકાત લેવા જણાવેલ છે.

# સુત્રાપાડાના બોસન ગામે પ્રા.શાળાના નવા કેમ્પસનું ખાતમુહુર્ત

**અબતક,રામસિંહ મોરી, સુત્રાપાડા:** સુત્રાપાડા તાલુકાના બોસન ગામે બોસન પ્રાથમિક શાળાનો નવા કેમ્પસ મંજુર થતા આશરે ૧.૭૫ અંકે એક કરોડ પંચોતેર લાખ ખર્ચે પ્રાથમિક શાળાનું નિર્માણ નું ખાતમુહુર્ત પ્રસંગે ઉપસ્થિત જુનાગઢ લોકસભાના સાંસદ રાજેશભાઈ ચુડાસમા તાલાલા મત વિસ્તારના ધારાસભ્ય ભગવાનભાઈ બારડ જિલ્લા પંચાયતના પ્રમુખ મંજુલાબેન મુછાલ જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ રાજવીરસિંહ ઝાલા બાંધકામ સમિતિ ચેરમેન બાબુ ભાઈ પરમાર ન્યાય સમિતિના ચેરમેન અરસિંહભાઈ ચાવડા સુત્રાપાડા તાલુકા પંચાયત પ્રમુખ ખીમ ભાઈ વાજા જિલ્લા ભાજપ મંત્રી બહાદુર ગોહિલ સુત્રાપાડા તાલુકા ભાજપ પ્રમુખ મસરી ભાઈ રાઠોડ પૂર્વ તાલુકા ભાજપ પ્રમુખ પ્રતાપસિંહ બારડ પૂર્વ તાલુકા પંચાયત પ્રમુખ અશ્વિન ભાઈ પરમાર પૂર્વ તાલુકા ભાજપ પ્રમુખ પ્રતાપસિંહ બાંભણિયા ગામના સરપંચ જશુભાઈ સોલંકી તાલુકા પંચાયત મહેન્દ્રભાઈ રામ ગામ પંચાયત ઉપસરપંચ સભ્ય સરપંચ સંગઠન આગેવાનો ગામના ભાઈ બહેનો બાળકો હાજર રહેલ



# ૨૦૨૨ આતંકવાદી હુમલાનું કાવતરૂ ઘડનાર ખાલિસ્તાનીનો "મુખી" ઝડપાયો

## આતંકને પીઠબળ આપતો ખાલિસ્તાની કાશ્મીર સિંહ ગલવડી વિદેશમાં બેઠેલા બબ્બર ખાલસાના આતંકવાદી સાથે જોડાયેલો હોવાનું આવ્યું સામે

**અબતક, રાજકોટ**

દેશ વિરોધી પ્રવૃત્તિઓ કરનારાઓને ભરી પીવા સરકાર સજ્જ બની છે. દેશની અંદર રહેલા ગદ્દારો હોય કે બહારથી દેશ પર હુમલો કરતા આતંકી હોય. દરેકને ખૂણે ખૂણેથી વીણીને ઠેકાણે પાડી દેવામાં આવશે. ત્યારે આ ઝુંબેશમાં રાષ્ટ્રીય તપાસ એજન્સી(એનઆઈએ) ને એક મોટી સફળતા મળી છે. તેમણે રવિવારે ૨૦૨૨ ના ખાલિસ્તાની આતંકવાદી કાવતરા ઘડવાના કેસમાં એક મુખ્ય ખાલિસ્તાની કાર્યકર કાશ્મીર સિંહ ગલવડીની ધરપકડ કરી છે. એનઆઈએ અધિકારીઓએ જણાવ્યું કે લુધિયાણાનો આ ખાલિસ્તાની કાર્યકર વિદેશમાં બેઠેલા બબ્બર ખાલસાના આતંકવાદી હરવિંદર સિંહ સંધુ ઉર્ફે રિંડા સાથે જોડાયેલો છે.

સ્થાનિક પોલીસની મદદથી કાશ્મીર સિંહ ગલવડીને બિહારના મોતીહારીમાંથી પકડવામાં આવ્યો હતો. એનઆઈએ અનુસાર, તે એક ખતરનાક ગુનેગાર છે અને ૨૦૧૬ માં પંજાબની નાભા જેલમાંથી ભાગી ગયેલા છ લોકોમાંનો એક હતો. વધુમાં જણાવ્યું કે નાભા જેલમાંથી ભાગ્યા પછી કાશ્મીર સિંહ રિંડા સહિત અન્ય ખાલિસ્તાની આતંકવાદીઓના સંપર્કમાં હતો અને તેમની સાથે કામ કરતો હતો. તેના પર ખાલિસ્તાની આતંકવાદીઓના મદદગારોને આશ્રય આપવા, તેમને સાધનસામગ્રી પૂરી પાડવા અને આતંકવાદી ભંડોળ આપવાનો આરોપ છે. આ આતંકી ભારતમાં આતંકવાદી પ્રવૃત્તિઓ કર્યા પછી નેપાળ ભાગી ગયા હતા, જેમાં મે ૨૦૨૨ માં મોહાલીમાં પંજાબ પોલીસના ઈન્ટેલિજન્સ હેડક્વાર્ટર પર થયેલા રોકેટ હુમલાનો પણ સમાવેશ થાય છે.


દિલ્હીની એનઆઈએ સ્પેશિયલ કોર્ટે કાશ્મીર સિંહને ૨૦૨૨ ના આતંકવાદી કાવતરાના કેસમાં ભાગેડુ ગુનેગાર જાહેર કર્યો હતો અને છેલ્લા બે વર્ષમાં તેની સામે બિનજામીનપાત્ર ધરપકડ વોરંટ બહાર પાડ્યા હતા. તેમજ ધરપકડ કરાવવામાં મદદરૂપ થનારને ૧૦ લાખ રૂપિયાનું ઈનામ પણ આપવાની જાહેરાત કરી હતી.

ઓગસ્ટ ૨૦૨૨ માં, એનઆઈએએ બબ્બર ખાલસા, ખાલિસ્તાન લિબરેશન ફોર્સ અને ઈન્ટરનેશનલ શીખ યુથ ફેડરેશન જેવા પ્રતિબંધિત આતંકવાદી સંગઠનોની આતંકવાદી પ્રવૃત્તિઓની તપાસ માટે પોતાની રીતે આ કેસ દાખલ કર્યો હતો. તપાસમાં આતંકવાદીઓ અને ગુનેગારો વચ્ચેનું જોડાણ સામે આવ્યું હતું. આ જૂથો સંગઠિત ગુનાહિત ગેંગ સાથે મળીને દેશના અલગ-અલગ ભાગોમાં આતંકવાદી પ્રવૃત્તિઓ કરવા માટે સરહદ પારથી હથિયારો, દારૂગોળો, વિસ્ફોટકો અને આઈઈડી જેવા સાધનોની દાણચોરીમાં સામેલ હતા.જુલાઈ ૨૦૨૩ માં, એનઆઈએ એ આ કેસમાં સંધુ અને લખબીર સિંહ ઉર્ફે લંડા સહિત નવ આરોપીઓ સામે ચાર્જશીટ દાખલ કરી હતી. ત્યારબાદ અન્ય છ લોકો સામે બે વધુ ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. ઓગસ્ટ ૨૦૨૪ માં, એનઆઈએએ યુએઈથી લંડાના ભાઈ તરસેમ સિંહનું પ્રત્યાર્પણ કરાવવામાં સફળતા મેળવી હતી અને ડિસેમ્બરમાં ત્રીજી પૂરક ચાર્જશીટ દાખલ કરી હતી.

# ૫.૬ની તીવ્રતાના ભૂકંપથી તિબેટની ધરા ધણધણી!!!

## ભૂકંપનું કેન્દ્ર જમીનથી માત્ર ૯ કિમીની ઊંડાઈએ હતું જેના કારણે ભારે આંચકા અનુભવાયા

**અબતક, નવી દિલ્હી**



૧૧-૧૨મેની રાત્રે ૨:૪૧ વાગ્યે ચીનના કબજા હેઠળના તિબેટમાં જોરદાર ભૂકંપ આવ્યો હતો. જેની તીવ્રતા ૫.૬ મપાઈ હતી. ભૂકંપનું કેન્દ્ર જમીનથી માત્ર ૯ કિમીની ઊંડાઈએ હતું જેના કારણે ભારે આંચકા અનુભવાયા હતા. ભારતના રાષ્ટ્રીય ભૂકંપ વિજ્ઞાન કેન્દ્ર એ આ ભૂકંપની તીવ્રતા નોંધીને પુષ્ટી કરી હતી. ભૂકંપના જોરદાર આંચકા અનુભવાતા લોકો પોતાના ઘરની બહાર દોડી આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે ભૂકંપની તીવ્રતા અને વ્યાપ એટલો વધારે હતો કે પાડોશી દેશ નેપાળ અને ભુતાનમાં પણ આંચકા અનુભવાયા હતા. જ્યારે ભારતમાં ઉત્તર પ્રદેશ, બિહાર, પશ્ચિમ બંગાળ, અરુણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય વગેરે જેવા ઉત્તર-પૂર્વીય રાજ્યોમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. આ ભૂકંપ પાડોશી દેશ બાંગ્લાદેશમાં પણ અનુભવાયો હતો. જોકે અત્યાર સુધી ભૂકંપને કારણે કોઈ જાનમાલના નુકસાનના અહેવાલ નથી.

### મુલતવી રહેલ આઈપીએલ શુક્રવારથી શરૂ?

# ગુજરાત ટાઈટન્સે નેટ પ્રેક્ટિસ શરૂ કરી દીધી!

## ફાઈનલ મેચ 30 મેના રોજ યોજાવાની શક્યતા, નવું શેડ્યૂલ ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે

**અબતક, અમદાવાદ**

૧૬ મેથી ફરી આઈપીએલ શરૂ થઈ શકે છે. વર્તમાન સિઝનની બાકીની મેચ ચાર સ્થળોએ રમી શકાશે. ફાઈનલ મેચ 30 મેના રોજ યોજાવાની શક્યતા છે.નવું શેડ્યૂલ ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે. ગુજરાત ટાઈટન્સની ટિમ દ્વારા અત્યારથી જ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે નેટ પ્રેક્ટિસ શરૂ કરી દીધી છે. લીગની બાકીની મેચ આવતા અઠવાડિયાથી શરૂ થશે.સ્થળો ટૂંક સમયમાં નક્કી કરવામાં આવશે.



લીગ બેંગલુરુ અને લખનૌ મેચ સાથે ફરી શરૂ થશે.પાકિસ્તાન સાથેના તણાવ વચ્ચે ૯ મેના રોજ આઈપીએલ ૨૦૨૫ સ્થગિત કરવી પડી હતી. લીગ બંધ કરતી વખતે, બીસીસીઆઈ એ કહ્યું હતું કે દેશ હાલમાં યુદ્ધની સ્થિતિમાં છે. આવી સ્થિતિમાં, ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન યોગ્ય નથી. ૨૦૨૫ના નવા શેડ્યૂલ થોડો ફેરફાર થઈ શકે છે. જેમાં પ્લેઑફના સ્થળો યથાવત રહેશે. હૈદરાબાદ ક્વોલિફાયર ૧ અને એલિમિનેટરનું આયોજન કરશે, જ્યારે કોલકાતા ક્વોલિફાયર ૨નું આયોજન કરશે. જોકે, ફાઈનલના સ્થળમાં ફેરફાર થઈ શકે છે. પીટીઆઈના એક સૂત્રને ટાંકીને જણાવ્યું હતું કે ફાઈનલ મેચ કોલકાતાની બહાર યોજાઈ શકે છે. કોલકાતામાં 30 મેના રોજ વરસાદ અને વાદળછાયા હવામાનની આગાહીને કારણે, ફાઈનલને અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ખસેડવાની શક્યતા છે. ફાઈનલ હવે 30 મે અથવા ૧ જૂનના રોજ રમાઈ શકે છે, જે હવામાન અને લોજિસ્ટિક્સ પર આધારિત છે.

# છત્તીસગઢના રાયપુરમાં ગમખ્વાર અકસ્માત, ૧૩ લોકોના મોત, ૧૨ ઘાયલ

## ટ્રક અને ટ્રેલર વચ્ચે ભીષણ ટક્કરઃ મૃતકોમાં ૯ મહિલા, ૨ બાળકી અને એક કિશોર તથા એક ૬ મહિનાનો નવજાતનો સમાવેશ

**અબતક, છત્તીસગઢ**

છત્તીસગઢની રાજધાની રાયપુરમાં એક ભીષણ અકસ્માત સર્જાયો. રાયપુર-બાલોદાબાજાર માર્ગ પર આવેલા સરાગાંવ નજીક રવિવારે મોડી રાતે એક ટ્રક અને ટ્રેલર વચ્ચે ભીષણ ટક્કર થઈ ગઈ હતી જેમાં ૧૩ થી વધુ લોકોએ જીવ ગુમાવ્યાં. આ દુર્ઘટનામાં ૧૨થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા હતા જેમને તાત્કાલિક ધોરણે સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. મૃતકોમાં ૯ મહિલા, ૨ બાળકી અને એક કિશોર તથા એક ૬ મહિનાનો નવજાતનો સમાવેશ થાય છે.



ટ્રેલરમાં જતા લોકો નવજાત શિશુના છઠ્ઠીના કાર્યક્રમમાં હાજરી આપીને પાછા ફરી રહ્યા હતા. તમામ મૃતકો છત્તીસગઢના ચટૌદ ગામના વતની પુનીત સાહૂના સંબંધીઓ હતા.

આ ઉપરાંત આ પૂર્વે છત્તીસગઢના સુરગુજા જિલ્લામાં કાર અને બાઈક વચ્ચે થયેલી ટક્કરમાં એક પતિ-પત્નીનું મોત થયું હતું.

તેમનો બે મહિનાનો પુત્ર પણ તેમની સાથે હતો. જેનું પણ આ માર્ગ અકસ્માતમાં મૃત્યુ થયું. જ્યારે કાર ચલાવનાર ડ્રાઈવરને ઈજા થઈ હતી. આ અકસ્માત સુરગુજા જિલ્લાના સીતાપુર પોલીસ સ્ટેશન વિસ્તારના બિસુનપુર ગામ પાસે થયો હતો.

# ડિપ્લોમાથી ડિગ્રી ઈજનેરી માટેની DDCET આપનારા તમામને ૪ માર્કનું ગ્રેસિંગ !!!

**અબતક, રાજકોટ**

ડિપ્લોમાથી ડિગ્રી ઈજનેરીમાં પ્રવેશ માટે તાજેતરમાં લેવાયેલી ડીડીસીઈટી પ્રોવિઝનલ આન્સર કી જાહેર કર્યા બાદ ઉમેદવારો પાસેથી વાંધા મગાવવામાં આવ્યા હતા. જેમાં અંદાજે ૩૬ વિદ્યાર્થીની રજૂઆત આવી હતી. જેના આધારે ચકાસણી કરતા કુલ બે પ્રશ્નો રદ કરવાનો નિર્ણય કરાયો હતો. આ બે-બે માર્કસના બે પ્રશ્નો રદ કરવાના કારણે વિદ્યાર્થીઓને ૪ માર્કસનું ગ્રેસિંગ આપવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.ડિપ્લોમાથી ડિગ્રી ઈજનેરીમાં પ્રવેશ માટે છેલ્લા બે વર્ષથી ડીડીસીઈટી એટલે કે ડિપ્લોમા ટુ ડિગ્રી કોમન એન્ટ્રન્સ ટેસ્ટ લેવામાં આવે છે. ચાલુ વર્ષે ૧૯મી એપ્રિલના રોજ ડીડીસીઈટી લેવામાં આવી હતી. આ પરીક્ષામાં કુલ ૨૦૩૬૪ પૈકી ૧૯૬૦૯ વિદ્યાર્થીએ પરીક્ષા આપી હતી. પરીક્ષા બાદ આ જ દિવસે પ્રવેશ સમિતિ દ્વારા પ્રોવિઝનલ આન્સર કી જાહેર કરી દેવામાં આવી હતી. આ સાથે જ પ્રોવિઝનલ આન્સર કી સામે કોઈને વાંધો કે રજૂઆત હોય તો ૨૪મી એપ્રિલ રાત્રે ૧૨ વાગ્યા સુધીમાં આધાર પુરાવા સાથે ઓનલાઈન રજૂઆત કરવા તાકીદ કરવામાં આવી હતી. જેના અનુસંધાનમાં સમગ્ર રાજ્યમાંથી ૩૬ જેટલા વિદ્યાર્થીએ રજૂઆત કરી હતી. પ્રવેશ સમિતિ દ્વારા આ તમામ રજૂઆતો પરીક્ષા લેવાનારી એજન્સી એટલે કે ગુજરાત ટેકનોલોજિકલ યુનિવર્સિટીને મોકલી આપવામાં આવી હતી. તાજેતરમાં યુનિવર્સિટી દ્વારા પ્રોવિઝનલ આન્સર કરી અને વિદ્યાર્થીઓ પાસેથી આવેલી રજૂઆતોની ચકાસણી હાથ ધરવામાં આવી હતી. જેમાં ઈજનેરી વિભાગમાં કુલ બે પ્રશ્નો ખોટા હોવાનું સાબિત થયું હતું. આમ, બે પ્રશ્નો ખોટા હોવાના કારણે જે વિદ્યાર્થીઓ આ પ્રશ્નોના જવાબ આપવાનો પ્રયાસ કર્યો હોય તેમને બે-બે માર્કસના બે પ્રશ્નો હોવાથી કુલ ૪ માર્કસ આપી દેવાનું નક્કી કરવામાં આવ્યું હતું. ઈજનેરી એટલે કે ડિગ્રી ઈજનરીમાં પ્રવેશ ઈચ્છતા વિદ્યાર્થીઓને આ ચાર માર્કસ આપી દેવાશે. એટલે કે હાલમાં જેટલા વિદ્યાર્થીઓ પરીક્ષા આપી છે તે તમામ વિદ્યાર્થીને આ ચાર માર્કસ આપી દેવામાં આવશે. પેપર સેટ ડીનો પ્રશ્ન ૧૨ અને ૮૩ ખોટા હોવાના કારણે બે-બે માર્કસ પ્રમાણે વિદ્યાર્થીઓને ૪ માર્કસ મળશે.

### ભાઈઓ તો ભાઈઓ બહેનો પણ કમ નહીં!

# શ્રીલંકાને કચડી ટ્રાય સિરીઝમાં ટીમ ઈન્ડિયા "ચેમ્પિયન" બની

## ઓપનર અને ટીમની ઉપ-કેપ્ટન સ્મૃતિ મંધાનાએ ૧૦૧ બોલમાં ૧૧૬ રનની ઈનિંગ રમી વનડે કરિયરની ૧૧મી સદી ફટકારી

**અબતક, નવી દિલ્હી**

ભારતીય મહિલા ક્રિકેટ ટીમે શ્રીલંકામાં ટ્રાઈ સીરીઝ જીતીને તિરંગો લહેરાવ્યો. ભારતે શ્રીલંકા સામે ૯૭ રનોની શાનદાર જીત મેળવી છે. ટીમના કેપ્ટન હરમનપ્રીત કૌરે ફાઈનલમાં યજમાન શ્રીલંકાને હરાવ્યા બાદ કહ્યું કે, મને અમારી ટીમના શાનદાર પ્રદર્શન અને ફાઈનલમાં જીત માટે સારું રમવા માટે ગર્વ છે. પ્રેમદાસા સ્ટેડિયમ ખાતે રમાયેલી ફાઈનલમાં ભારતે શ્રીલંકાને ૯૭ રનથી હરાવ્યું. મેચમાં યજમાન શ્રીલંકાને જીતવા માટે ૩૪૩ રનનો લક્ષ્યાંક મળ્યો હતો, પરંતુ તેની આખી ટીમ ૪૮.૨ ઓવરમાં ૨૪૫ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. આ




ત્રિકોણીય શ્રેણીમાં દક્ષિણ આફ્રિકાનો સમાવેશ ત્રીજી ટીમમાં થયો હતો. શ્રીલંકન ટીમ માટે કેપ્ટન ચમારી અટાપટ્ટુએ ૬૬ બોલમાં ૫૧ રન બનાવ્યા, જેમાં ૬ ચોગ્ગા અને ૧ છગ્ગાનો સમાવેશ થાય છે. જ્યારે નીલાક્ષી ડી સિલ્વાએ ૫૮ બોલમાં ૫ ચોગ્ગાની મદદથી ૪૮ રનની ઈનિંગ રમી. વિશ્મી ગુણારત્ને (૩૬), અનુષ્કા સંજીવાની (૨૮), સુગંધિકા કુમારી (૨૭) અને હર્ષિતા સમરવિક્રમા (૨૬) પણ ઉપયોગી નોક્સ રમવામાં સફળ રહી. ભારત તરફથી સ્પિનર સ્નેહ રાણાએ સૌથી વધુ ચાર વિકેટ લીધી. જ્યારે ઝડપી બોલર અમનજોત કૌરે ત્રણ વિકેટ લીધી. અગાઉ, ટોસ જીતીને પ્રથમ બેટિંગ કર્યા બાદ, ભારતીય ટીમે સાત વિકેટે ૩૪૨ રનનો મોટો સ્કોર બનાવ્યો. ઓપનર અને ટીમની ઉપ-કેપ્ટન સ્મૃતિ મંધાનાએ ૧૦૧ બોલમાં ૧૧૬ રનની ઈનિંગ રમી, જેમાં ૧૫ ચોગ્ગા અને બે છગ્ગાનો સમાવેશ થાય છે. આ દરમિયાન, મંધાનાએ શ્રીલંકાના કેપ્ટન ચમારી અટાપટ્ટુ સામે સતત ચાર ચોગ્ગા ફટકારીને પોતાની વનડે કારકિર્દીની ૧૧મી સદી પૂર્ણ કરી.

# સુરતમાં ૧૬૦થી વધુ ગેરકાયદે રહેતા બાંગ્લાદેશી ઝડપાયા!!!

## મોબાઈલમાં '+૮૮' ડાયલ કરતા જ તમામ ઘૂસણખોરો ખુલ્લા પડ્યાઃ બાંગ્લાદેશીઓને ડિપોર્ટ કરવા જોઈન્ટ ઈન્ટ્રોગેશન સેન્ટર જવાબદારી સોંપાઈ

**અબતક, સુરત**

સુરતમાં ૨૬ એપ્રિલના પોલીસ દ્વારા એક સાથે ગેરકાયદે રહેતા બાંગ્લાદેશીઓને ઝડપી પાડવાનું ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં સુરત પોલીસે ૧૬૦થી વધુ બાંગ્લાદેશીઓને ઝડપી પાડ્યા હતા. જોકે, હવે તેમને દેશમાંથી બહાર કાઢવાની કાર્યવાહી કરવામાં આવી રહી છે, ત્યારે સુરત પોલીસે આ તમામ બાંગ્લાદેશીઓને ઝડપી કાયદેસર રીતે તેમના મૂળ વતન પરત મોકલવા માટે (જોઈન્ટ ઈન્ટ્રોગેશન સેન્ટર)ને જવાબદારી સોંપી છે. જે હવે કેન્દ્ર સરકારના ગૃહ વિભાગ સાથે સંકલનમાં રહી આગળની કાર્યવાહી કરાશે.સુરતના ભેસ્તાનના ઊન વિસ્તારમાંથી ૧૦૦થી વધુ બાંગ્લાદેશી પકડાયા હતા. આ લોકો ઈસ્માઈલનગર અને સાયરાનગર જેવા વિસ્તારોમાં ભાડાની ઝૂંપડીઓમાં વસવાટ કરતા હતા.

પોલીસે જ્યારે તેમને ઝડપી લીધા ત્યાર બાદ આ વિસ્તારોમાં ધડાધડ મકાન બંધ જોવા મળ્યા અને અનેક બાંગ્લાદેશીઓ ભયભીત થઈ ભાગી છૂટયા હતા.ઓપરેશન દરમિયાન કેટલાક રસપ્રદ અને ચોંકાવનારા કિસ્સાઓ પણ સામે આવ્યા છે. બે મહિલાઓએ પોલીસ સમક્ષ ખુલાસો કર્યો કે, તેમના પતિ બાંગ્લાદેશી છે તે વાત તેમને લગ્નના કેટલાય વર્ષ પછી ખબર પડી છે. એક મહિલા સાત વર્ષના લગ્નજીવન બાદ અને બે બાળકોની માતા હોવા છતાં આ સત્યથી અજાણ રહી હતી. બીજી મહિલાએ ત્રણ વર્ષના લગ્ન પછી કહ્યું કે તે બાંગ્લાદેશ જવા તૈયાર નથી અને હવે પતિથી છૂટાછેડા લેવા માગે છે. પોલીસ માટે પણ આ કિસ્સાઓ આશ્ચર્યજનક બન્યા હતા.પોલીસે ગેરકાયદેસર વસવાટ કરનાર બાંગ્લાદેશીઓને ઓળખવા એક નવી ટેકનિક અપનાવી હતી. મોટા ભાગના બાંગ્લાદેશીઓ પોતાની ઓળખ છુપાવતાં હતા, પણ તેમના મોબાઈલ ફોનમાં +૮૮ કોડથી ચાલતી ચેટ્સ અને કોલ લોગ્સ ચકાસતા તેમની ઓળખ સામે આવી હતી. ચેટ્સમાં તેઓ બાંગ્લાદેશમાં રહેલા પરિવારજનો સાથે વાતચીત કરતા હતા જેનો પુરાવો બન્યો.

# આરટીઈના પ્રથમ રાઉન્ડના અંતે કુલ ૧૩૩૮૪ બેઠકો ખાલી!!!

## ૫૮૯૮ અરજદારોના પ્રવેશ કન્ફર્મ ન થયાઃ કાલે બીજો રાઉન્ડ જાહેર થાય તેવી શક્યતા

**અબતક, રાજકોટ**

રાઈટ એજ્યુકેશન એકટ અંતર્ગત ખાનગી સ્કૂલોમાં ધો.૧માં વિના મુલ્યે પ્રવેશ માટેની રાજ્ય સરકારની ઓનલાઈન કેન્દ્રિય પ્રક્રિયા અંતર્ગત પ્રથમ રાઉન્ડ પૂર્ણ થઈ ગયો છે. પ્રથમ રાઉન્ડના અંતે હવે કુલ ૧૩,૩૮૪ બેઠકો ખાલી રહી છે. પ્રથમ રાઉન્ડમાં ૮૬,૨૭૪ બેઠકોમાં પ્રવેશ ફાળવાયો હતો. જેમાંથી ૮૦,૩૭૮ બેઠકોમાં વાલીઓએ પ્રવેશ કન્ફર્મ કરાવ્યો હતો. હવે આગામી થોડા દિવસમાં બીજો રાઉન્ડ શરૂ થશે. આરટીઈ હેઠળ આ વર્ષે ગુજરાતની ૯૭૪૧ ખાનગી સ્કૂલોમાં ૨૫% પ્રમાણે કુલ ૯૩,૮૬૦ બેઠકો ઉપલબ્ધ થઈ હતી.જેની સામે આ વર્ષે ૨,૩૮,૯૧૬ અરજીઓ ઓનલાઈન થઈ હતી. જેમાંથી સ્ક્રુટિનીને અંતે જીલ્લા લેવલે ૧,૭૫,૬૮૫ અરજીઓ માન્ય થઈ હતી. જ્યારે ૧૩,૭૬૧ અરજીઓ રિજેક્ટ કરવામાં આવી હતી અને ૪૯,૪૭૦ અરજીઓ ડુપ્લિકેટ હોવા સહિતના કારણોને લીધે કેન્સલ થઈ હતી. સરકારે આ વર્ષે આવક મર્યાદા શહેરી વિસ્તાર માટે ૧.૫૦ લાખથી વધારીને ૬ લાખ અને ગ્રામ્ય માટે ૧.૨૦ લાખથી વધારી ૬ લાખ કરી છે. આમ હવે સમાનપણે ૬ લાખ આવક મર્યાદા કરી દેવાતા ૪૫,૦૦૦ જેટલી અરજીઓ વધી હતી. આરટીઈમાં અરજી પ્રક્રિયા બાદ વાલીઓની સ્કૂલ પસંદગી, કેટેગરી અને વિવિધ માપદંડો-મેરિટ્સના આધારે ગત ૨૮મીએ ૮૬,૨૭૪ બેઠકોમાં પ્રવેશ ફાળવણી થઈ હતી. જ્યારે ૭૫૮૬ બેઠકો વાલીની પસંદગીના અભાવે ખાલી રહી હતી. પ્રવેશ ફાળવણી બાદ વાલીઓને સ્કૂલ ખાતે રૂબરૂ જઈને ડોક્યુમેન્ટ જમા કરાવી પ્રવેશ કન્ફર્મ કરવા માટે ૮મે સુધીનો સમય આપવામા આવ્યો હતો. કુલ ૮૦,૩૭૬ વાલીએ પ્રવેશ કન્ફર્મ કરાવ્યો છે.

# ભુજઃ ભારતીય જૈન સંગઠન લેડીસ વિગ દ્વારા માતૃત્વ દિવસની ઉજવણી

## મધર્સ ડે નિમિતે રીલ સ્પર્ધામાં બહેનોએ ભાગ લઈ માંના અવસરને બિરદાવ્યો

**અબતક, નવીનગીરી ગોસ્વામી ભુજ**

ભારતીય જૈન સંગઠના લેડીસ વિગ તરફથી મધર્સ ડે નિમિત્તે માતૃત્વ નો સુંદર સંદેશ, શાયરી સાથે રીલ સ્પર્ધા રાખવામાં આવેલ હતી.

પ્રમુખ ગીતા પારેખે જાહેરાત કરેલ ગ્રુપમાં પારિવારિક પ્રોગ્રામ પણ લઈશું તો એ અંતર્ગત પરિવારમાં એમ કહેવાય કે પરિવારની ધરી હોય ને તો એ માં છે માંના સન્માન માટે ,આદર માટે અને માને યાદ આપવા કે હા અમે તને પ્રેમ કરીએ છીએ,ભલે કોઈ એક દિવસ નથી હોતો માં ને પ્રેમ કરવાનો પણ.. એ સ્પેશ્યલ ડે



ના માં ને મહેસુસ કરાવાનું હોય છે કે આપણા જીવન માં એ કેટલી સ્પેશિયલ છે.. તેથી મધર્સ ડે નિમીતે રીલ સ્પર્ધા નું આયોજન કરાયું હતું.. જેમાં મા સાથે યા બાળકો સાથે એક રીલ બનાવવાની હતી એમાં માંને એક પ્રેમ નો સંદેશ, શાયરી યા સોંગ ની રીલ હરિફાઈ રાખવામાં આવેલ હતી..જેમાં મોટી સંખ્યામાં બહેનોએ ભાગ લીધેલો હતો એમાં ટોપ ફાઈવ રીલમાં ચાંદની વોરા ,સોનાલી મહેતા, જુલી શાહ, સોનુ કોઠારી અને રોશની શાહ ની રીલ પસંદગી પામેલ. આ સ્પર્ધા માં ભાગ લેનાર બધા જ સ્પર્ધકોને ભારતીય જૈન સંગઠના લેડીઝ વિગ ભુજ તરફથી પુરસ્કાર આપવામાં આવશે એમ પ્રમુખ ગીતા પારેખ દ્વારા જાહેર કરવામાં આવેલ આ પ્રોજેક્ટના ચેરમેન તરીકે કાજલ ગાંધી અને પ્રીતિ શેઠે સેવા આપેલરીલ ના નિર્ણાયક તરીકે જાણીતા કોરિયોગ્રાફર વૈશાલી જેઠી રહ્યા હતા. મહામંત્રી ફાલ્ગુની પારેખ, મનીષા મોરબીયા, રચના શાહ, વૈશાલી શાહ, મિલી શાહ, સોનાલી મહેતા, સરલા દોશી, નિશા ખંડોર, મયુરી દોશી સહિત બધા જ કારોબારી સભ્યો નો સહકાર રહ્યો હતો.

# ભુજઃ અખિલ સોઢા માલદે પરિવારના ભાવ મિલન કાર્યક્રમમાં તેજસ્વી તારલાઓનું બહુમાન

**અબતક, નવીનગીરી ગોસ્વામી ભૂજ**

મૈયા મેરૂ ધામ આશ્રમ સમંડા મધ્યે અખિલ સોઢા માલદે પરિવાર નો ભાવ મિલન કાર્યક્રમ યોજાયો હતો તેમાં ગુજરાત ભર ના માલદે સોઢા ભાઈઓ બહેનો ઉપસ્થિત રહ્યા હતા આવનાર તમામ ભાઈઓ નું પરિવાર ની બાલિકાઓ દ્વારા કંકુ તિલક કરી સ્વાગત કરવામાં આવ્યું હતુ.આગેવાનો પૂર્વે નાયબ કલેક્ટર હિંમતસિંહ સોઢા ખનુભા સોઢા હમીરજી સોઢા લક્ષ્મણસિંહસોઢા





ગુમાનસિંહ સોઢા રાણુભાસોઢા એડવોકેટ હરિસિંહસોઢા રાજદીપસિંહ સોઢા પ્રવચન કર્યા હતા અખિલ સોઢા માલદે પરિવાર ના વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરેલ આઈપીએસ આઈ એ એસ ડોકટરો સી એ વકીલો ઈજનેરો પત્રકારો રમત ગમત ક્ષેત્ર મોમેન્ટો સાલ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા

આવનાર દિવસોમાં અખિલ સોઢા માલદે પરિવાર ના પિતૃ મોક્ષર્થે એ ભાગવત કથા નો ભવ્ય થી ભવ્ય આયોજન કરવામાં ની જાહરાત કરવા આવી એ ભાગવત કથા માટે પરિવારો એ ડોનેશન ની જાહેરાત કરતા સ્થળ પર જ પચાસ લાખ ડોન્શન સામે થી ભાઈઓ લખાવ્યું હતુ

# ૨ વર્ષમાં ૫.૩૪ લાખથી વધુ સ્થળાંતરીત પક્ષીઓએ ખીજડિયા પક્ષી અભયારણ્યની મુલાકાત લીધી

## વર્ષ ૨૦૨૫માં સૌથી વધુ ૨૯૧ પ્રજાતિઓના ૩,૦૯,૦૬૨ પક્ષીઓ જોવા મળ્યા







જામનગર જિલ્લામાં આવેલા મરીન નેશનલ પાર્ક-ખીજડીયા પક્ષી અભયારણ્યમાં વર્ષ ૨૦૨૪ માં ૨૮૬ પ્રજાતિઓના ૨,૨૫,૧૬૯ તેમજ વર્ષ ૨૦૨૫માં સૌથી વધુ ૨૯૧ પ્રજાતિઓના ૩,૦૯,૦૬૨ એમ કુલ ૫.૩૪ લાખથી વધુ સ્થળાંતરીત પક્ષીઓ મુલાકાતે આવ્યા હતા. ખીજડીયા પક્ષી અભયારણ્યમાં પાણી પર, જમીન પર, ઝાડ પર, કાદવ કીચડ, શિકારી તથા લાંબા પગ પગવાળા વગેરે પક્ષીઓ જોવા મળે છે. ખીજડીયા પક્ષી અભયારણ્યમાં અત્યાર સુધીમાં કુલ ૩૧૪ જેટલી પક્ષીની પ્રજાતીઓ જોવા મળી છે. જેમાં૧૭૦ જેટલા યાયાવર પક્ષીઓ જેવા કે સાઈબેરીયા, પાકિસ્તાન, અફઘાનિસ્તાન, મોંગેલીયા, ઈરાક, ઈરાન, યુરોપ, સાઉથ અમેરિકા વગેરે જેવા દેશોમાંથી આવીને ખીજડીયાના મહેમાન બની અભયારણ્યની શાનમાં વધારો કરે છે. ભારત સરકાર દ્વારા વર્ષ ૧૯૮૨ માં જાહેર કરાયેલું ખીજડીયા પક્ષી અભયારણ્ય જામનગર શહેરથી માત્ર ૧૩ કિ.મી. દૂર આવેલું છે જે ૬.૦૫ ચોરસ કિલોમીટર વિસ્તારમાં ફેલાયેલું છે. આ અભયારણ્ય મુખ્યત્વે બે ભાગ-૧ ધુવાવ તરફ અને ભાગ-૨ જાંબુડા તરફ વહેચાયેલું છે. ઈન્ડો-એશિયન ઉડ્ડયન માર્ગમાં ખીજડીયા મધ્યમાં આવે છે, જે યાયાવર પક્ષીઓ માટે વિસામાનું આદર્શ સ્થળ છે. તેમાંથી કેટલાક યાયાવર પક્ષીઓ સમગ્ર શિયાળા દરમિયાન આ વિસ્તારમાં જ નિવાસ કરે છે.આ અભયારણ્યને વર્ષ ૨૦૨૧માં 'રામસર સાઈટ'નો દરજ્જો આપવામાં આવ્યો છે.

# શંકર ટેકરી વિસ્તારમાં દારૂના દરોડો પાડવા ગયેલા પોલીસ કર્મચારી પર હુમલો

## બુટલેગર પોલીસ સાથે તકરાર કરીને દારૂની બાટલી અને કાચનો ગ્લાસ તોડી નાખી દારૂ કબજે કરવા ન આપ્યો

**અબતક, જામનગર**


જામનગરના શંકર ટેકરી વિસ્તારમાં વણકરવાસમાં એક રહેણાંક મકાન પર દારૂ અંગે દરોડો પાડવા ગયેલા પોલીસ કર્મચારી સાથે સ્થાનિક શખ્સ દ્વારા અણછાજતું વર્તન કરીને ઝપાઝપી કરાઈ હતી, અને દારૂની બાટલી અને કાચનો ગ્લાસ વગેરેને તોડી નાખી દારૂ કબજે કરવા ન દીધો, અને ફરજમાં રૂકાવટ કરી હોવાથી આ મામલે પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે.

આ ફરિયાદ અંગેના બનાવની વિગત એવી છે કે જામનગરના સીટી સી. ડિવિઝન પોલીસ મથકમાં ફરજ બજાવતા એ.એસ.આઈ. તરુણકુમાર કરસનભાઈ ચાવડા, કે જેઓ ગઈકાલે રાત્રિના ૧૦.૦૦ વાગ્યાના અરસામાં શંકર ટેકરી વણકરવાસમાં રહેતા દિવલો મનસુખભાઈ ચૌહાણ નામના શખ્સના રહેણાક મકાન પર દારૂ અંગે દરોડો પાડવા માટે ગયા હતા જયાં દિવલો ચૌહાણ પોતાના ઘેર ઈંગ્લીશ દારુ ની બાટલી માંથી કાચ ના ગ્લાસમાં દારૂ ભરીને દારૂનો નશો કરી રહ્યો હતો.

તમે અહીં શું કામ આવ્યા છો, અને ફરીથી અહીં આવતા નહીં, અને કોઈ કેસ કરવાનો નથી. તેમ કહી બળજબરીપૂર્વક ઈંગ્લિશ દારૂની બાટલી અને કાચનો ગ્લાસ વગેરે ઉપાડી લઈ બાટલી અને ગ્લાસ તોડી નાખી દારૂ ઢોળી નાખ્યો હતો.

આથી સમગ્ર મામલો સીટી સી. ડિવિઝન પોલીસ મથકમાં લઈ જવાયો હતો, અને ફરજ પરના એ.એસ.આઈ. તરુણ કરસનભાઈ ચાવડાએ પોતાની ફરજમાં રૂકાવટ કરવા અંગે તેમજ ઝપાઝપી કરીને જાનથી મારી નાખવાની ધમકી આપવા અંગે કૈલાશ ગોહિલ સામે ફરિયાદ નોંધાવી છે. આ બનાવને લઈને ગઈકાલે રાત્રે વણકરવાસમાં ભારે ધમાચકડી થઈ હતી.

# રતનબાઈ મસ્જીદએ ઓપરેશન સિંદુરનું બેનર લગાવી દેશપ્રેમ બતાવી એરસ્ટ્રાઈકને બિરદાવી




જામનગરના મુસ્લિમ સમાજ દ્વારા દેશ પ્રેત્યેની પ્રેમ દર્શાવીને વિવિધતામાં એકતાનું ઉદાહરણ આપ્યું છે.

પાકિસ્તાનના આતંકી ઠેકાણાઓ ઉપર કરેલી એર સ્ટ્રાઈકના ઓપરેશન સિંદુરને બિરદાવવા માટે રતનબાઈ મસ્જીદ ઉપર બેનરો લગાવવામાં આવ્યા છે.

જમ્મુ-કાશ્મીરના પહેલગાંવમાં થયેલા આતંકી હુમલાના જવાબમાં ભારતીય સેના દ્વારા પાકિસ્તાનમાં આતંકીઓના ઠેકાણા ઉપર એર સ્ટ્રાઈક કરવામાં આવી છે, અને જડબાતોડ જવાબ આપવામાં આવ્યો છે. જેમાં અનેક આતંકીઓનો ખાતમો બોલાવવામાં આવ્યો છે. ત્યારે દેશભરમાં ઉત્સાહ અને ગર્વનો માહોલ જોવા મળી રહ્યો છે. આ ઓપરેશનને ઓપરેશન સિંદુર નામ આપવામાં આવ્યું હતું. જે બદલ જામનગરની રતનબાઈ મસ્જિદ દ્વારા વી આર પ્રાઉડ ઓફ ઈન્ડિયન આર્મી ફોર ઓપરેશન સિંદુરના પોસ્ટર લગાવીને ભારત દેશ પ્રત્યે પ્રેમ બતાવીને ઉમદા ઉદાહરણ પુરૂં પાડવામાં આવ્યું છે.

# બેડી અને જોડીયા બંદરના કોસ્ટલ વિસ્તારમાં મરીન ટાસ્કફોર્સ અને એસ.ઓ.જી. દ્વારા પેટ્રોલીંગ




ભારત અને પાકિસ્તાન વચ્ચે હાલ તનાવ ભરી પરિસ્થિતિ સર્જાઈ છે, ત્યારે જામનગર જિલ્લાના સાગર કિનારાઓ ઉપર સુરક્ષા વ્યવસ્થા સઘન બનાવાઈ છે, અને જુદી જુદી સુરક્ષા એજન્સીઓ દ્વારા સમગ્ર વિસ્તારમાં પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે. જેના અનુસંધાને જામનગરના બેડી બંદર તેમજ જોડિયા બંદર ઉપર સઘન ચેકિંગ ની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

બેડી મરિન પોલીસ સ્ટેશન, એસ.ઓ.જી. ની ટુકડી ઉપરાંત જોડીયા પોલીસ સહિતની સુરક્ષા એજન્સીઓ દ્વારા પોલીસ પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું. જામનગરના બેડી બંદર તેમજ બેડી પોર્ટ સહિતના આસપાસના વિસ્તારમાં પોલીસ પેટ્રોલિંગ કરાયું હતું, તેમજ બોટ પેટ્રોલિંગ કરાયું હતું. ઉપરાંત જોડિયાના બંદર તેમજ કોસ્ટલ વિસ્તારમાં પણ જુદી જુદી સુરક્ષા એજન્સીઓ દ્વારા સઘન ચેકિંગની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જુદી જુદી માછીમારી બોટો તેમજ માછીમારો વગેરેની પૂછપરછ કરવામાં આવી હતી.

## એચ.જે.લાલ ચેરીટેબર ટ્રસ્ટ દ્વારા

# જામનગર: પૂર્વ રાજયમંત્રી હરિદાસ લાલની પુણ્યતિથિ નિમિતે ગુરૂવારે રકતદાન કેમ્પ



ગુજરાત રાજયના પૂર્વ રાજયમંત્રી હરિદાસ જીવણદાસ લાલ (બાબુભાઈ લાલ)ની પૂણ્યતિથિની અનુલક્ષીને આગામી તા.૧૫- ૫ ને ગુરૂવારે સાંજે ૫ થી ૮ દરમ્યાન લોહાણા મહાજનવાડી, બદિયાણી વિંગ, પંચેશ્વર ટાવર ખાતે જામનગર શહેરમાં અનેક સેવાકિય પ્રવૃતિઓ કરતી સંસ્થા હરિદાસ જીવણદાસ લાલ (બાબુભાઈ લાલ) ચેરીટેબલ ટ્રસ્ટ તથા કેદાર લાલ (કેદાર જીતેન્દ્ર લાલ) ફાઉન્ડેશન દ્વારા રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

જામનગર શહેરમાં રક્તદાનની પ્રવૃતિને વધુને વધુ વેગવંતી બનાવવાના ધ્યયે સાથે તેમજ જરૂરીયાતમંદ દર્દીઓને સમયસર રક્ત મળી રહેવા તેવા શુભ આશ્રય સાથે અમારા ટ્રસ્ટો દ્વારા થોડા થોડા સમયાંતરે રકતદાન કેમ્પનું આયોજન કરાઈ રહયું છે. આ સેવાયજ્ઞમાં સર્વે હાલારવાસીઓને જોડાઈને રકતદાન જેવું માનવતાનું કાર્ય કરીને પવિત્ર ફરજ અદા કરવા માટે ટ્રસ્ટી જીતેન્દ્ર એચ.લાલ (જીતુ લાલ) દ્વારા અનુરોધ કરાયો છે.

# ગ્રામ્ય વિસ્તારમાં ધોધમાર વરસાદ: જામજોધપુરમાં દોઢ ઈંચ અને લાલપુરમાં એક ઈંચ





**અબતક ભરત ગોહિલ**
**જામજોધપુર**

છેલ્લા ચારેક દિવસ થી હવામાન વિભાગ ની આગાહી પ્રમાણે કમૌસમી વરસાદ વરસી રહ્યો છે. જામનગર જિલ્લા ના બે તાલુકા માં રવિવારે પણ કમૌસમી વરસાદ વરસ્યો હતો.

સમગ્ર ગુજરાત રાજ્યમાં છેલ્લા ચાર - પાંચ દિવસ થી વાતાવરણ માં બદલાવ જોવા મળી રહ્યો છે અને માવઠા ની હવામાન ખાતા દ્વારા આગાહી કરવામાં આવી હતી. જે સાચી પડતી હોય તેમ ચાર પાંચ દિવસ થી જામનગર જિલ્લા માં માવઠું વરસી રહ્યું છે. જામનગર જિલ્લામાં આજે બપોર પછી જામજોધપુર માં ૪૦ મી.મી. અને લાલપુર માં ૨૫ મી.મી. કમૌસમી વરસાદ નોંધાયો છે. ખાસ કરીને જામજોધપુરના સડોદર સહિતના આસપાસના ગ્રામ્ય પંથકમાં ધોધમાર વરસાદ પડી જતાં કેટલાક નદી-નાળામાં પૂર આવ્યા હતા, તો કેટલાક ખેડૂત ના ખેતરોમાં પાણી ભરાયા હતા. લાલપુર પંથક માં પણ આવી સ્થિતિ જોવા મળી હતી, અને લાલપુર ની ઢાંઢર નદીમાં પાણી આવ્યું હતું.

## આકસ્મિક સંજોગોમાં લોહીની અછત ન સર્જાય તે માટે

# ગુરૂગોવિંદસિંઘ સરકારી હોસ્પિટલ દ્વારા આજથી રકતદાન કેમ્પનો પ્રારંભ

## વધુમાં વધુ નાગરિકોને રકતદાન કરવા આરોગ્ય તંત્રની અપીલ

સમગ્ર રાષ્ટ્રની સુખાકારી અને સેવા માટે જિલ્લા આરોગ્ય તંત્ર જામનગર દ્વારા મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે.જેમાં કોઈપણ પ્રકારના આકસ્મિક સંજોગો દરમિયાન જિલ્લામાં લોહીની અછત ન સર્જાય તે માટે વધુમાં વધુ નાગરિકોને રક્તદાન કરવા મેડિકલ કોલેજના ડીન ડો. નંદિની દેસાઈ તેમજ હોસ્પિટલના સુપ્રિન્ટેનડેન્ટ ડો.દિપક તિવારી દ્વારા અપીલ કરવામાં આવી છે.

તેઓએ જણાવ્યું છે કે કોઈપણ પ્રકારની આકસ્મિક પરિસ્થિતિમાં જિલ્લામાં લોહીની અછત ન સર્જાય તે સુનિશ્ચિત કરવા માટે ગુરુ ગોવિંદસિંઘ સરકારી હોસ્પિટલ દ્વારા આ બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.જે કેમ્પનો આવતીકાલ તા.૧૨.૫.૨૦૨૫ થી ગુરુ ગોવિંદસિંઘ સરકારી હોસ્પિટલ ખાતે આવેલ નવી મેડિકલ કોલેજના ગ્રાઉન્ડ ફ્લોર પર શુભારંભ કરવામાં આવશે.જ્યાં નાગરિકો સવારે ૯.૦૦ થી સાંજે ૫.૦૦ કલાક સુધી રક્તદાન કરી શકશે.તેઓએ વધુમાં જણાવ્યું કે રક્તદાન એ આપણી પવિત્ર ફરજ છે અને દરેક સ્વસ્થ વ્યક્તિએ રક્તદાન કરી આ કાર્યમાં સહભાગી થવું જોઈએ. આપણું નાનું યોગદાન કોઈના માટે અમૂલ્ય સાબિત થઈ શકે છે. તેમણે જામનગર જિલ્લાના તમામ નાગરિકોને આ કેમ્પમાં મોટી સંખ્યામાં જોડાઈને માનવતાના આ કાર્યમાં સહભાગી બનવા અનુરોધ કર્યો છે.

# નગર સીમ સબ ડિવીઝન વિસ્તારમાં વીજપોલ અને ટ્રાન્સફોર્મર પર વેલાઓનું આવરણ

## મેઈન્ટેનન્સ કામગીરીમાં વીજ તંત્રની બેદરકારી



ભારત - પાકિસ્તાન વચ્ચે સર્જાયેલી તંગદીલીના માહોલમાં આવશ્યક સેવાઓ જો યુદ્ધ થાય તો પણ જળવાઈ રહે, તે માટે રાજય અને કેન્દ્ર સરકાર દ્વારા ખાસ કરીને પાકિસ્તાનની સરહદે આવેલા જિલ્લાઓમાં નાગરિકોની સલામતી અને તકેદારી માટે સર્વોત્તમ પગલાંઓ લેવામાં આવી રહ્યા છે. ગઈકાલે રાજયના મુખ્યમંત્રીએ આપાતકાલિન સ્થિતિમાં સંપર્ક જળવાઈ રહે તે માટે હોટલાઈન, સેટેલાઈટ ફોન જેવા દૂરસંચાર અને સંપર્કના વૈકલ્પિક માધ્યમોની ચકાસણી કરી લેવાની તાકિદ સાથે સરહદી ગામોમાં ઈવેકયુએશન પ્લાન કાર્યરત કરવા ઉપરાંત ખોરાક, પાણી અને અન્ય સંશાધનોની સાથે જો યુદ્ધ થાય તો રાતના ભાગમાં અંધારપટ રાખવાનો નિયમ છે, છતાં વીજ પૂરવઠો આવશ્યક સેવાનો ભાગ હોવાથી વ્યવસ્થા ખોરવાય નહીં તેની તકેદારી રાખવાની હોય છે.

પરંતુ પશ્ચિમ ગુજરાત વીજ કંપનીના જામનગર સર્કલનું નગરસીમ સબ ડિવિઝનનું તંત્ર કુંભકર્ણની ભૂમિકામાં હોય તેવું દેખાઈ રહ્યું છે. તંત્ર કુંભકર્ણની ભૂમિકામાં હોય તેવું દેખાઈ રહ્યું છે. નગરસીમ સબ ડિવિઝન વિસ્તારમાં ઠેક-ઠેકાણે વીજપોલ અને ટ્રાન્સફોર્મર વેલાઓથી ઢંકાઈ ગયા છે. છેલ્લા એક વર્ષમાં આ સબ ડિવિઝનમાં કોઈ મેઈન્ટેનન્સની કામગીરી થઈ જ ન હોય તેવું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. ત્યારે રૂટિન કામગીરીમાં જ બેદરકાર રહેતું તંત્ર આપાતકાલિન સ્થિતિમાં શું કરી શકશે તેવા પ્રશ્નો સર્જાઈ રહ્યા છે.

# એમ્યુઝમેન્ટ પાર્ક વિસ્તારમાં એપાર્ટમેન્ટના ત્રીજા માળેથી પટકાયેલા વૃધ્ધાનું મૃત્યુ

જામનગરમાં એમ્યુઝમેન્ટ પાર્કની બાજુમાં રામકૃષ્ણ સોસાયટીમાં એક એપાર્ટમેન્ટ ના ત્રીજા માળે રહેતા માવજીભાઈ રામજીભાઈ પીસાવડિયા નામના ૮૫ વર્ષના બુઝુર્ગ, કે જેઓ પોતાના ફ્લેટ ના ત્રીજા માળેથી નીચે પટકાઈ પડતાં માથાના ભાગે હેમરેજ સહિતની ગંભીર ઈજા થવાથી તેઓનું મૃત્યુ નીપજયું છે.

જે બનાવ અંગે મૃતકના પુત્ર રાજેશભાઈ માવજીભાઈએ પોલીસને જાણ કરતાં એ.એસ.આઈ વી.એમ. ચાવડા બનાવના સ્થળે પહોંચી ગયા હતા, અને મૃતદેહ નો કબજો સંભાળી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર મૃતક રતાંધળાપણાની અને બીપી ની બીમારીથી પીડાતા હતા, અને પોતે અવારનવાર આત્મહત્યા કરી લેવી છે તેવી વાતો કરતા હતા. જે દરમિયાન તેઓનું ગઈકાલે ત્રીજા માળેથી પટકાઈ પડ્યા પછી અપમૃત્યુ થયું છે. સમગ્ર મામલે પોલીસ વધુ તપાસ ચલાવે છે.

# સુમરાચાલી વિસ્તારમાં બ્લેકઆઉટ દરમ્યાન ભાનુશાળી બે યુવાનો પર હુમલો

જામનગર શહેરના કિશાન ચોક નજીક સુમરાચાલી વિસ્તારમાં બ્લેકઆઉટ દરમિયાન સુમીત હરીશભાઈ ગંઢા (ઉર્ફે કુબી) અને આશીષ નંદા નામના બે ભાનુશાળી યુવાનોને સ્થાનિક શખ્સો સાથે સામાન્ય બાબતે તકરાર થઈ હતી.

ત્યારબાદ તીક્ષ્ણ હથિયાર વડે ૬ થી ૭ જેટલા શખ્સો દ્વારા બન્ને ભાનુશાળી યુવાન ઉપર ઘાતક હુમલો કરાયો હતો. આ હુમલામાં ઈજાગ્રસ્ત બનેલા બંને યુવાનોને લોહીલુહાણ હાલતમાં તાત્કાલિક સારવાર અર્થે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, અને સારવાર અપાઈ હતી. આ બનાવ ની જાણ થતાં સિટી-એ ડિવિઝન પોલીસ ની ટુકડી સુમરાચાલી વિસ્તારમાં તથા જી.જી.હોસ્પિટલ ખાતે દોડી ગઈ હતી, અને પોલીસ ફરિયાદ નોંધવા તજવીજ હાથ ધરાઈ છે.

# એરપોર્ટ મુસાફરોની સેવા માટે વધુ ૫ દિવસ માટે બંધ રાખવાનો નિર્ણય

## વર્તમાન યુધ્ધ જેવી પરિસ્થિતિને અનુલક્ષીને અગાઉ ૩ દિવસ માટે એરપોર્ટ બંધ કરવામાં આવ્યું હતું

ભારત દેશ ની પાકિસ્તાન સાથેની તંગદિલીના પગલે જામનગર એરપોર્ટ ૩ દિવસ માટે બંધ કરવાનો નિર્ણય કર્યો હતો. જે હવે વધારીને આગામી ૧૫ મે સુધી બંધ રાખવાનો આદેશ કરવામાં આવ્યો છે.

પહેલગામમાં થયેલા આતંકી હુમલા બાદ ભારતની જવાબી કાર્યવાહીમાં પાકિસ્તાન સાથે તણાવ ભરી પરિસ્થિતી ઉભી થતાં એરપોર્ટ ઓથોરિટી દ્વારા અગાઉ તા.૭ અને ૮ મે અને ૯ મે એમ કુલ ત્રણ દિવસ માટે સિવિલ ફ્લાઈટ્સ બંધ રાખવાનો નિર્ણય કર્યો હતો. પરંતુ પરિસ્થિતી વધુ ખરાબ થતા સલામતીના ભાગરૂપે હવે એરપોર્ટ ઓથોરિટી દ્વારા આગામી તા ૧૫ મી મે સુધી જામનગર એરપોર્ટ પરથી નાગરિક વિમાન ઉડાન નહીં ભરી શકે, તેવી જાહેરાત કરાઈ છે.

જામનગરના એરપોર્ટ પર હાલ કોઈ સિવિલ ફ્લાઈટ્સ ઉડાન નહીં ભરે, પરંતુ મિલિટરીની કામગીરી માટે એરપોર્ટ ખુલ્લુ રહેશે.

# લાલપુર: લગ્નમાં ફટાકડા ફોડતા વરરાજાના પિતા સામે કાર્યવાહી

## વર્તમાન સ્થિતિને લઈ કલેકટરે પાડેલા જાહેરનામાનો ભંગ કરતા ગુનો નોંધાયો

જામનગર જિલ્લામાં વર્તમાન યુદ્ધ જેવી પરિસ્થિતિને અનુલક્ષીને સમગ્ર જિલ્લામાં ડ્રોન ઉડાડવા માટે તેમજ જાહેરમાં ફટાકડા ફોડવા માટે પ્રતિબંધ જાહેર કરાયો છે, અને તેના માટેનું જિલ્લા કલેકટર દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. તેમ છતાં લાલપુરમાં એક લગ્ન પ્રસંગ દરમિયાન જાહેરમાં ફટાકડા ફોડીને જાહેરનામનો સરેઆમ ભંગ કરવામાં આવ્યો હતો.

જે અંગે પોલીસને ધ્યાનમાં આવતાં લાલપુર પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. ડી.ડી. જાડેજા તેઓની ટીમ સાથે રૂપાવટી નદીના કાંઠે પહોંચ્યા હતા, જ્યાં મોચી મંદિર પાસે રાત્રિના સમયે લગ્ન પ્રસંગ ચાલી રહ્યો હતો, જેમાં વરરાજા ના પિતા ભુપતભાઈ કાનાભાઈ પઢીયા અને તેઓના પરિવાર દ્વારા ફટાકડા ફોડી જાહેરનામાનો ઉલ્લંઘન કરવામાં આવી રહ્યો હતો.

જેથી આ મામલે પોલીસે જાતે ફરિયાદી બની, વરરાજાના પિતા ભુપતભાઈ કાનાભાઈ સામે જિલ્લા કલેકટરના જાહેરનામાના ન ભંગ કરવા અંગેની બી.એન.એસ. કલમ ૨૨૩ મુજબ ગુન્હો નોંધ્યો છે.

## મેડિકલની સાથે સાથે પેરા મેડિકલ માટે તંત્ર સજ્જ

# મોરબી, પોરબંદર સહિત ગુજરાતમાં ૫ નવી નર્સિંગ કોલેજ શરૂ થશે

## રાજ્યમાં હાલ સરકારી કોલેજોમાં પેરામેડિકલની ૧,૯૨૦ બેઠકો અને ૯૯૭ ખાનગી સંસ્થાઓમાં ૪૭,૧૭૦ બેઠકો

**અબતક, ગાંધીનગર**

મેડિકલની સાથે સાથે પેરા મેડિકલ માટે તંત્ર સજ્જ છે. મોરબી, પોરબંદર સહિત ગુજરાતમાં ૫ નવી નર્સિંગ કોલેજ શરૂ થશે. હાલ તેનું કામ ચાલી રહ્યું છે. ટૂંક સમયમાં કામ પૂર્ણ થયા બાદ તેને કાર્યરત કરવામાં આવશે.

૧૨ મેના રોજ ઉજવાતા આંતરરાષ્ટ્રીય નર્સ દિવસની પૂર્વસંધ્યાએ, રાજ્ય સરકારે જણાવ્યું હતું કે તે ગુજરાતમાં નર્સિંગ સેવાઓને મજબૂત બનાવવા માટે અનેક પગલાં લઈ રહી છે.સરકારે જણાવ્યું હતું કે, હાલમાં રાજ્યમાં ૬૧ સરકારી સંસ્થાઓ છે જેમાં ૧,૯૨૦ બેઠકો છે અને ૯૯૭ ખાનગી સંસ્થાઓ છે જેમાં કુલ ૪૭,૧૭૦ બેઠકો છે જે વિવિધ નર્સિંગ અભ્યાસક્રમો ઓફર કરે છે. દર વર્ષે નર્સિંગ બેઠકોની સંખ્યામાં વધારો થાય છે. હાલમાં રાજ્યની સરકારી હોસ્પિટલોમાં ૧૩,૫૦૭ નર્સો સેવા આપી રહી છે.

એક સત્તાવાર નિવેદનમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે ૨૦૨૪-૨૫માં, કેન્દ્ર સરકારે રાજ્યમાં નર્સિંગ સેવાઓને મજબૂત બનાવવા માટે ૫૦૦ ઈ.જીભ (નર્સિંગ) બેઠકો અને પાંચ નવી કોલેજોને મંજૂરી આપી હતી. નિવેદનમાં જણાવાયું છે કે મોરબી, ગોધરા, પોરબંદર, રાજપીપળા અને નવસારીમાં આ પાંચ નવી કોલેજો માટે કામ ચાલી રહ્યું છે. નર્સિંગ વ્યવસાયમાં કામ કરતા લોકોના સમર્પણ, સેવા અને મહેનતને માન્યતા આપવા માટે દર વર્ષે ૧૨ મેના રોજ વિશ્વભરમાં આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ ઉજવવામાં આવે છે. ૧૨ મે એ દિવસ પસંદ કરવામાં આવ્યો કારણ કે તે ફ્લોરેન્સ નાઈટિંગેલની જન્મજયંતિ છે, જે એક પ્રખ્યાત નર્સ અને નર્સિંગ ક્ષેત્રની સ્થાપક વ્યક્તિ હતી. ૨૦૨૫ માટે, આઈસીએન (ઈન્ટરનેશનલ કાઉન્સિલ ઓફ નર્સીસ) એ 'આપણી નર્સો, આપણું ભવિષ્ય, સંભાળ રાખવાની આર્થિક શક્તિ' થીમ પસંદ કરી છે.

બીએસસી નર્સિંગ સહિતના પેરામેડિકલના મોટાભાગના કોર્સમાં વિદ્યાર્થીઓને ધોરણ.૧૨ સાયન્સના પરિણામના આધારે પ્રવેશ આપવામાં આવે છે. પરંતુ પેરામેડિકલના પ્રવેશમાં દર વર્ષે ભારે વિલંબ થતાં વિદ્યાર્થીઓ હેરાન-પરેશાન થાય છે. એટલુ જ નહી, પ્રવેશ પ્રક્રિયામાં વિલંબ થતાં વિદ્યાર્થીઓ અન્ય અભ્યાસમાં પ્રવેશ મેળવવા મજબુર બને છે. આ વખતે ધો.૧૨ સાયન્સનું પરિણામ ૧૨ મેના રોજ જાહેર થયુ હતુ જેના આજે સાડા ત્રણ મહિના જેટલો સમય આવવા થયો છે. બીજી તરફ પેરામેડિકલમાં રજિસ્ટ્રેશનની લંબાવેલી મૂદત અને મોક રાઉન્ડ પણ પૂર્ણ થઈ ગયો છે.

### રાજપીપળામાં એક વર્ષમાં નવી બિલ્ડીંગમાં મેડીકલ કોલેજ ધમધમશે: ડો.મનીષ મહેતા



રાજપીપળા મેડીકલ કોલેજના તબીબ અધિક્ષક ડો.મનીષ મહેતાએ ''અબતક'' સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, ડોકટર અને દર્દીને સાંકળતી મહત્વની કળી નર્સ છે. ત્યારે હાલ રાજપીપળા ખાતે મેડિકલ કોલેજનું નવું બિલ્ડીંગ તૈયાર થઈ રહ્યું છે અને લગભગ એક વર્ષમાં જ આ બિલ્ડીંગનું કામકાજ પૂર્ણ થઈ જશે અને લગભગ ૫૦ જેટલી પેરા મેડિકલ કોલેજની શીટોમાં વધારો થયો છે. રાજ્ય સરકારના આ મહત્વપૂર્ણ નિર્ણયથી આદિવાસી વિસ્તારના ટ્રાયબલ લોકોને અહીં જ ટેક્નોલોજી સભર સુવિધા પુરી પાડવામાં આવશે. જેથી દર્દીઓને અમદાવાદ-વડોદરા સુધી ધક્કા નહિ ખાવા પડે .

## માવઠું- પ્રી-મોનસૂન કે ચોમાસુ?

# ભરઉનાળે સૂર્યદેવ અને વરૂણદેવના મિલાપે લોકોમાં મુંઝવણ ઉભી કરી!!!

## છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૨૯ તાલુકામાં કમોસમી વરસાદ: સૌથી વધુ દ્વારકાના કલ્યાણપુરમાં ત્રણ ઈંચ અને જૂનાગઢના માળીયા હાટીનામાં બે ઈંચ વરસાદ

## સૌરાષ્ટ્ર સહિત રાજ્યભરમાં આજે અને કાલે બફારા વચ્ચે કમોસમી વરસાદની આગાહી

**અબતક, રાજકોટ**



સૌરાષ્ટ્ર સહિત રાજ્યભરમાં ભરઉનાળે સૂર્યદેવ અને વરૂણદેવના મિલાપે લોકોમાં મુંઝવણ ઉભી કરી દીધી છે. હવે આ પરિસ્થિતિમાં માવઠું, પ્રી-મોન્સૂન કે ચોમાસુ શું સમજવું તેમાં પણ અસમંજશ છે. બફારા વચ્ચેરવિવારે સૌરાષ્ટ્રના ૧૯ તાલુકામાં વાવાઝોડા સાથે વરસાદ ખાબક્યો હતો. જોકે, સાંજના સમયમાં રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં ભારે પવન ફૂંકાયો હતો.આવી પરિસ્થિતિમાં હવામાન વિભાગે આગામી બે દિવસ માટે વરસાદની આગાહી કરી છે. સૌરાષ્ટ્રની આસપાસ એક સાયક્લોનિક સર્ક્યુલેશન બનેલું છે. જેના કારણે હજુ ૨ દિવસ સૌરાષ્ટ્રમાં વરસાદનું અનુમાન છે. હવામાન વિભાગે પણ આગામી ૨ દિવસ વરસાદનું એલર્ટ આપ્યું છે. આજે સૌરાષ્ટ્ર, ઉત્તર અને દક્ષિણ ગુજરાતમાં વરસાદનું શકયતા છે. રાજ્યમાં કમોસમી વરસાદે ખેડૂતોની ચિંતા વધારી છે. તેવામાં રાહતના સમાચાર એ છે કે ૧૪ મે બાદ રાજ્યમાં વરસાદ બંધ થઈ જશે, ૧૩ મે એટલે કે આજે અને કાલે રાજ્યના કેટલાક જિલ્લામાં હજુ પણ વરસાદનું અનુમાન છે. આજે ઉત્તર ગુજરાત. પૂર્વ ગુજરાત, કચ્છ અને સૌરાષ્ટ્રમાં વરસાદનું અનુમાન છે. સૌરાષ્ટ્રમાં જૂનાગઢ, ભાવનગર, બોટાદ, સુરેન્દ્રનગર, ગીર સોમનાથ,રાજકોટમા હળવા વરસાદનું અનુમાન છે. ૧૨ મે બાદ વરસાદનું પ્રમાણ ખૂબ ઘટી જશે પરંતુ સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં વરસાદની શક્યતા દેખાઈ રહી છે.જો કે આ વરસાદ મધ્યમ પ્રકારનો હશે. કમોસમી વરસાદ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે થઈ હતી. હવે સૌરાષ્ટ્રમાં સર્જાયેલ સિસ્ટમના કારણે વરસાદ વરસી રહ્યો છે. ૧૪ મે બાદ વરસાદ બંધ થઈ જતાં બાદ તાપમાન અને બફારામાં વધારો થવાનું અનુમાન છે. કમોસમી વરસાદના કારણે રાજ્યમાં કેરીના પાકમાં ૫૦ અને તલના પાકમાં ૪૦ ટકાનું નુકસાન થયાનો અંદાજ છે.પપૈયામાં ૨૦, કેળામાં ૧૫ અને ડાંગરના પાકને ૧૫ ટકા નુકસાન થયાનો પ્રાથમિક અંદાજ છે.વરસાદ બંધ થયા બાદ સર્વેની કામગીરી કરાશે. ચોમાસા પહેલા કમોસમી વરસાદના અનેક જગ્યાએ પાલિકાની નબળી કામગીરીની પોલ ખુલ્લી છે. કડીમાં રાત્રે ખાબકેલા ધોધમાર વરસાદે નગરપાલિકાની પોલ ખોલી દીધી. અહીં કડી અંડરપાસમાં ભરાયેલા પાણીમાં સ્કોર્પિયો ડૂબતા એકનું મોત થયું છે. બે કાર અને ત્રણ ટ્રક અંડરપાસમાં ભરાયેલા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. ફાયરની ટીમે ભારે જહેમત બાદ સાત લોકોને રેસ્ક્યૂ કર્યા હતા પરંતુ કમનસીબે સ્કોર્પિયો ચાલક હર્ષદ પંચાલનું મોત થયું હતું. ફાયર સ્ટેશન હોવા છતા ફાયરની ટીમ સમયસર ન

(અનુ. આઠમા પાને)

**છેલ્લા ૨૪ કલાકનો વરસાદ**

| જિલ્લો | તાલુકો | વરસાદ |
|---|---|---|
| દ્વારકા | કલ્યાણપુર | ૭૨ મીમી |
| જૂનાગઢ | માળીયા | ૪૫ મીમી |
| જામનગર | જામજોધપુર | ૪૦ મીમી |
| જૂનાગઢ | માણાવદર | ૩૫ મીમી |
| અમરેલી | ધારી | ૩૫ મીમી |
| જામનગર | લાલપુર | ૨૬ મીમી |
| રાજકોટ | લોધીકા | ૧૭ મીમી |
| અમરેલી | લાઠી | ૧૭ મીમી |
| અમરેલી | બાબરા | ૧૭ મીમી |
| જૂનાગઢ | વિસાવદર | ૧૦ મીમી |

## ઉનાળુ વેકેશન પૂર્વે હાઈકોર્ટ દ્વારા

# સૌરાષ્ટ્રના ૧૦ સહિત ૬૩ અધિક સેશન્સ જજની બદલી: ૧૫ની નિમણુક

## સિવિલ કોર્ટના ૨૦૦ સિનિયર સિવિલ જજ અને ૨૦૩ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ અધિકારીઓ ૧૯મીએ ચાર્જ સંભાળશે

**અબતક, રાજકોટ**

ગુજરાત હાઈકોર્ટ દ્વારા ઉનાળુ વેકેશન પૂર્વે જયુ.ઓફિસરોમાં બઢતી અને બદલી ના હુકમો રજીસ્ટાર દ્વારા કરવામાં આવ્યા છે જેમાં મોટાપાયે ફેરફાર કરીને ડિસ્ટ્રીક્ટ જજ કેડરના ૬૩ સહિત ૪૬૬ જજની બદલીના હુકમ કર્યો છે. જેમાં ૨૦૦ સિનિયર સિવિલ જજ અને ૨૦૩ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ અધિકારીઓનો સમાવેશ થાય છે જે તમામ આગામી ૧૯મી મે ચાર્જ સંભાળશે. હાઈકોર્ટના ચીફ જસ્ટીસ ના આદેશને પગલે રજીસ્ટાર દ્વારા બદલીના ઓર્ડરમાં રાજકોટમાં ફરજ બજાવતાં ડિસ્ટ્રિક્ટ કોર્ટ કેડરના એસ.વી. શર્માની ગાંધીનગર, ઈન્ડસ્ટ્રીઝ કોર્ટના એમ એ.ટેલરની વડોદરા, એમ જે બ્રહ્મભટ્ટની નડિયાદ ખાતે બદલી કરવામાં આવી છે. રાજકોટ સિનિયર સિવિલ જજ કેડરના એમ.જે.શાહની ગાંધીનગર, ડી. આર.જગુવાલા- ગાંધીનગર, જે.વી પરમાર-સાબરકાંઠા, એમ.ડી.ત્રિવેદી-ખેડા, કે.એમ. ગોહેલ- અમદાવાદ, આર્યરામ કુમાર-મહેસાણા, સી.પી. ચારણ-

(અનુ. આઠમા પાને)

### રાજકોટ ખાતે ટી એસ બ્રહ્મભટ્ટ, આઈ બી પઠાણએ એસ શાહ, આરએસ પુરોહિત અને પીએ માલવયા સહિત જજની નિમણુક

**એમ જે બ્રહ્મભટ્ટ એસ પી મકવાણા એસ.વી શર્મા એમ એ ટેઈલર સહિત પાંચની બદલી**

પાટણના ફેમિલી કોર્ટના પીવી જોશીને મોરબી મોરબી ફેમિલી કોર્ટના આશા વનાણીને મહેસાણા કેશોદના એમ.જી દવેને રાધનપુર અંકલેશ્વરના એસડી પાંડે કેશોદ કોડીનારના એસઆઇ ભોરણીયા આણંદ નવસારીના ટી.એસ બ્રહ્મભટ્ટ રાજકોટ અમરેલી ફેમીલી કોર્ટના મિતાલી સોનીને અમદાવાદ બારડોલી ના આરપી મોગરા જુનાગઢ વડોદરાના એમડી પાંડે લીમડી વાપીના ટી પી આહુજા વેરાવળ ઉનાના કે જે દરજી મોડાસા એસ વી શર્મા ગાંધીનગર નવસારી મોડાસા વાપી સુરત ફેમિલી કોર્ટના આઈબી પઠાણને એ એડિશનલ ડિસ્ટ્રિકટ તરીકે રાજકોટ ઈન્ડસ્ટ્રીયલ કોર્ટના એમ બી ટેલર વલસાડ અમદાવાદ ફેમિલી કોર્ટના પી એન દવેને ફેમિલી કોર્ટ અમરેલી વડોદરા ના એમએમ સૈયદને ઉના, સુરતના એકે શાહને રાજકોટ વિસાવદરના જે એલ શ્રીમાળીને

(અનુ. આઠમા પાને)

### સૌરાષ્ટ્રના સૌથી વધુ સિનિયર સિવિલ જજોની બદલી

**રાજકોટ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સેક્રેટરી ક્રેમ ગોહિલ સહિત આઠની બદલી**

સિનિયર સિવિલ જજ તરીકે અમદાવાદ ફરજ બજાવતા પીજી સોની નેસુરેન્દ્રનગર અમરેલીના એમ જે સૈયદને પંચમહાલ જુનાગઢના આઈબી શેખને વાપી દ્વારકાના ટીવી જાદવને ખેડા પાલનપુરના પી પી શાહ અને મોરબી દ્વારકા ના એમ.આર શુક્લાને ખેડા દાહોદના એન જી સુરતીને હળવદ વડોદરા ના ડીજે ઠાકરને જામનગર ગોંડલના એમ.એસ દવેને મોડાસા મહુવાના કે જે રાઠોડને સાબરકાંઠા ભુજના પી એલ પટેલને દાહોદ અમરેલીના એન જે નાઈને કલોલ ભાવનગરના એસ એન ઘાસુરા બોડેલી છોટાઉદેપુરના એન એચ શેખ બોટાદ રાજકોટના એન એચ નંદાણીયા અમદાવાદ ડી આર જગુ વાલા ગાંધીનગર પંચમહાલના અમીનને સોમનાથ વડોદરાના પરાગ એમ શાહ અને રાજકોટ પોરબંદરના આરએસ શાહને સાણંદ વાપીના ડીજે પટેલને પોરબંદર નર્મદાના જેડી સોલંકીને ખંભાળિયા સુરેન્દ્રનગર ના ડી એમ ચૌહાણને પાટણ અમદાવાદ ના પીએન ગોસ્વામીને સિહોર સુરતના એમડી બ્રહ્મભટ્ટને ભાવનગર જામનગરના જેપી પરમાર ને ખેડા જૂનાગઢના એન કે

(અનુ. આઠમા પાને)

# મુલતવી રહેલી સીએની પરીક્ષા શુક્રવારથી લેવાશે

**અબતક, રાજકોટ**

ધ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ઓફ ઈન્ડિયા દ્વારા ૧૦મી મેના રોજ લેવાનારી ઈન્ટર મીડિયેટ અને સીએ ફાઇનલની પરીક્ષા સ્થગિત કરવાની જાહેરાત કરવામાં આવી હતી. હવે આ પરીક્ષાની નવી તારીખ જાહેર કરી દેવાઈ છે. જેમાં નવા શિડ્યુલ પ્રમાણે આગામી ૧૬મી મેથી ૨૪મી મે વચ્ચે આ પરીક્ષાઓનું આયોજન કરવામાં આવશે. આ પણ કરી લીધી હતી. જોકે, ભારત-પાકિસ્તાન વચ્ચે તણાવભરી સ્થિતિના કારણે ૧૦મી મેના રોજ સીએની પરીક્ષા શરૂ થાય તે પહેલા જ આઈસીએઆઈ દ્વારા આ પરીક્ષા સ્થગિત કરવાની જાહેરાત કરી દેવામાં આવી હતી. પરીક્ષા સ્થગિત કરવાના કારણે હવે પછી આ પરીક્ષા કયારે અને કેવી રીતે લેવામાં આવશે તે અંગે ઉમેદવારોમાં ભારે દ્વિધાભરી સ્થિતિ ઊભી થઇ હતી. જોકે, આઈસીએઆઈ દ્વારા બે જ દિવસમાં નવા શિડ્યુલ સાથે પરીક્ષાની તારીખો જાહેર કરી દેવામાં આવી છે. નવા શિડ્યુલ પ્રમાણે હવે ફાઈનલ એકઝામ (ગ્રૂપ-બે) પેપર-૫ અને પેપર-૧ની પરીક્ષા આગામી ૧૬મી મેના રોજ લેવામાં આવશે. આ જ રીતે ફાઈનલ એક્ઝામ (ગ્રૂપ બે) પેપર-૬ અને પેપર-૨ની એક્ઝામ આગામી ૧૮મી મેને રવિવારના રોજ લેવામાં

(અનુ. આઠમા પાને)

સાથે જ ફાઉન્ડેશનની પરીક્ષા પણ નિર્ધારિત કાર્યક્રમ પ્રમાણે લેવાની જાહેરાત પણ કરી દેવામાં આવી છે.સીએનો અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની ઈન્ટર મીડિયેટ અને ફાઈનલની પરીક્ષાઓ ૧૦મી મેથી લઈને ૧૪મી મે વચ્ચે લેવાની જાહેરાત કરવામાં આવી હતી. ગુજરાત સહિત સમગ્ર દેશમાંથી સીએનો અભ્યાસ કરતાં હજારો ઉમેદવારોએ આ પરીક્ષા પ્રમાણે તૈયારી


NATIONAL INSTITUTE OF MASS COMMUNICATION & JOURNALISM
(Affiliated to Gujarat University)
GUJARAT'S TOP MEDIA INSTITUTE
ADMISSIONS OPEN
BAJMC (HONS.)
(Bachelor of Arts Journalism and Mass Communication)
MAJMC
(Master of Arts Journalism and Mass Communication)
AHMEDABAD :
Contact : 7600068443, 9023434379
Email : os@nimcj.org | Website : www.nimcj.org
APPLY NOW



સ્થાપના વર્ષ: 1959
અગ્રણી કેળવણીકાર શ્રી વસંતભાઇ ગજેરાના નેતૃત્વ અને માર્ગદર્શનથી કાર્યરત અને શ્રી અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત
66 YEARS
શ્રીમતી શાંતાબેન હરિભાઇ ગજેરા કેમ્પસ
ઉચ્ચતર માધ્યમિક શાળા - વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહ - ગુજરાતી અને અંગ્રેજી માધ્યમ
વિદ્યાસભા, લાઠી રોડ, અમરેલી (ગુજરાત) | સંપર્ક: 909-909-8220
સમગ્ર ગુજરાતમાં સર્વોચ્ચ પરિણામ આપતી 100 એકરના વિશાળ કેમ્પસમાં અત્યાધુનિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને અધ્યતન ટેકનોલોજીથી સુસજ્જ સુવિધાઓ ધરાવતી એકમાત્ર સંસ્થા.
એડમીશન હેલ્પલાઇન નંબર: 909-909-8220, 63563 67000
2025-26 રજીસ્ટ્રેશન શરૂ...
ધોરણ 11 (ગર્લ્સ અને બોયઝ)
BEST SCHOOL AWARD
કોમર્સ અને સાયન્સમાં શીફ્ટ ન લેવાય, ગજેરા સ્કૂલમાં એડમીશન લઇ લેવાય !
સાયન્સ (ગુજરાતી અને અંગ્રેજી માધ્યમ)
સૌથી ઓછી ફી શ્રેષ્ઠ પરિણામ
શ્રેષ્ઠ સુવિધાઓ શ્રેષ્ઠ શિક્ષણ
કોમર્સ અને આર્ટ્સ (ગુજરાતી અને અંગ્રેજી માધ્યમ)
વિશેષતાઓ
• JEE/NEET નું સૌથી સારું પરિણામ આપતી ગુજરાતની નામાંકિત સંસ્થાઓનાં શિક્ષકોની ટીમ હવેથી ગજેરા શાળામાં અભ્યાસ કરાવશે.
• KOTA based Teaching Method + Study Material.
• ટોપિક વાઇઝ સાઉિટ સોલ્યુશન સાથે રેગ્યુલર ટેસ્ટ નું આયોજન જેમ-કે, ચેપ્ટર ટેસ્ટ, વિકલી ટેસ્ટ તથા મોક ટેસ્ટ.
• PPT દ્વારા અભ્યાસ + સ્માર્ટ હોમ વર્ક સિસ્ટમ (DPP) + Result oriented Followup System સાથે સમગ્ર ગુજરાતમાં સૌથી વધારે સ્કોલરશીપ આપતી એકમાત્ર સંસ્થા.
વિશેષતાઓ
• ધોરણ 11 થી જ સ્ટાર્ટ-અપ બિઝનેસ, મેનેજમેન્ટ, માર્કેટિંગ તેમજ નાણું લખી શકે તે માટે શરૂઆતથી જ માર્ગદર્શન.
• સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી તેમજ મોટીવેશનલ સેમિનાર દ્વારા સ્પેશિયલ એજ્યુકેશન.
• વિદ્યાર્થીઓનું સતત મૂલ્યાંકન તેમજ CA અને CS તેમજ બિઝનેસ મેનેજમેન્ટ સેમિનાર.
• Tally, C.C.C તેમજ અન્ય કમ્પ્યુટર કોર્ષ સર્ટીફીકેટ સાથે સ્માર્ટ બોર્ડ દ્વારા થતું શિક્ષણ કાર્ય.
• વિદ્યાર્થીઓને પ્રેક્ટીકલ નોલેજ માટે ઇન્ડસ્ટ્રીયલ વિઝીટ દ્વારા અપાતું પ્રશિક્ષણ.
• ડિઝીટલ અને સ્માર્ટ ક્લાસમાં 2D/3D એનીમેશન દ્વારા શિક્ષણ.
ફી સહાયની વિગત
1. ધોરણ-10માં A1 ગ્રેડ મેળવનાર કોઈપણ શાળાના વિદ્યાર્થીઓને ધોરણ-11 સાયન્સ/ કોમર્સ/આર્ટ્સમાં 100% સ્કુલ ફી માફી.
2. ધોરણ-12 સાયન્સ/કોમર્સ/આર્ટ્સમાં A1 ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓને 100% સ્કુલ ફી પરત અને ધોરણ-10માં A2 ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓને આર્થિક પરિસ્થિતિને અનુલક્ષીને ધોરણ-11માં સ્કુલ ફી સહાય.
4. જે વિદ્યાર્થીઓના પિતા હયાત ન હોય તેવા વિદ્યાર્થીઓને સંસ્થા તરફથી અંકે 3,15,000/- હોસ્ટેલ ફી માફી અને આર્થિક પરિસ્થિતિ અનુરૂપ સીટોના વિદ્યાર્થીઓને 10% થી 50% સુધીની સ્કુલ ફી માફી.
5. ધોરણ-11 અને 12માં વિજ્ઞાનપ્રવાહના વિદ્યાર્થીઓને સરકારશ્રી તરફથી "નમો સરસ્વતી વિજ્ઞાન સાધના" યોજના અંતર્ગત અંકે 3,25,000/- તેમજ ધોરણ-9 થી 12માં કન્યાઓને અંકે 3,50,000/- ની સરકારશ્રી તરફથી "નમો લક્ષ્મી" યોજના અંતર્ગત શિષ્યવૃતિ સહાય મળવા પાત્ર રહેશે.